RNI NO. GUJ/GUJ/2004/15191

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ પોષ સુદ -પુનમ શનિવાર, તા.૦૩-૦૧-૨૦૨૬ અંક : ૫૫ વર્ષ : ૨૩ news@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# અમેરિકામાં આતંકી હુમલાનું કાવતરું : ISIS નો આતંકી ઝડપાયો

## ઈસ્લામિક સ્ટેટ પ્રેરિત આતંકી હુમલાની યોજના ઘડનાર ૧૮ વર્ષીય આરોપીની ધરપકડ : સગીર વયથી જ આતંકી સંગઠનથી હતો પ્રભાવિત અને જેહાદના નામે હુમલો કરવાની તૈયારી કરી રહ્યો હતો

નવી દિલ્હી

નવા વર્ષના સ્વાગતની તૈયારીઓ વચ્ચે અમેરિકામાં એક ભયાનક આતંકવાદી હુમલો થતા રહી ગયો છે. અમેરિકી સુરક્ષા એજન્સીઓએ સમયસૂચકતા વાપરીને ઉત્તરી કેરોલિનામાં એક મોટા કાવતરાનો પર્દાફાશ કર્યો છે. ઈસ્લામિક સ્ટેટ પ્રેરિત આ હુમલાની યોજના ઘડનાર આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ સફળતા બાદ અમેરિકી ન્યાય વિભાગે રાહતનો શ્વાસ લીધો છે અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી છે.

મીડિયા એજન્સીના અહેવાલ મુજબ, ફેડરલ એજન્ટોએ બુધવારે એક ૧૮ વર્ષીય ક્રિશ્ચિયન સ્ટર્ડિવન્ટ નામના યુવાનની અટકાયત કરી હતી.




એફબીઆઈના ડાયરેક્ટર કાશ પટેલે શુક્રવારે સોશિયલ મીડિયા પર આ બાબતની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, તપાસ એજન્સીઓએ નવા વર્ષની આગલી રાતે નિર્દોષ લોકો પર થનારા સંભવિત હુમલાને અટકાવી દીધો છે. આ મામલે એફબીઆઈ ટૂંક સમયમાં પ્રેસ કોન્ફરન્સ યોજી વધુ ચોંકાવનારી વિગતો જાહેર કરી શકે છે.

આ ઓપરેશનમાં એફબીઆઈ એજન્ટોએ ખૂબ જ સતર્કતાથી કામ લીધું હતું. તપાસ એજન્ટોએ આઈએસઆઈએસ ના સભ્યો હોવાનો ઢોંગ કરીને સ્ટર્ડિવન્ટનો સંપર્ક કર્યો હતો. આરોપી તેમની જાળમાં ફસાઈ ગયો અને તેણે ઈસ્લામિક સ્ટેટ જૂથ પ્રત્યે પોતાની વફાદારી જાહેર કરી હતી. પૂછપરછમાં જાણવા મળ્યું કે તે જલ્દી જ 'જેહાદ' ના નામે હિંસા કરવાની તૈયારીમાં હતો અને તેણે પોતાની ઓળખ સંગઠનના સૈનિક તરીકે આપી હતી.

ચોંકાવનારી વાત એ છે કે સ્ટર્ડિવન્ટ પહેલેથી જ એજન્સીઓના રડાર પર હતો. જ્યારે તે સગીર હતો ત્યારે તે સોશિયલ મીડિયા દ્વારા ઈસ્લામિક સ્ટેટના અજાણ્યા સભ્યોના સંપર્કમાં આવ્યો હતો. તે સમયે કોઈ કડક કાર્યવાહી કરવાને બદલે તેને મનોવૈજ્ઞાનિક સારવાર આપવામાં આવી હતી. જોકે, તેની ઓનલાઈન ગતિવિધિઓ ફરી શંકાસ્પદ જણાતા સુરક્ષા એજન્સીઓ સતર્ક બની હતી. હાલમાં તેને ૭ જાન્યુઆરી સુધી કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે.

# ગુજરાત પોલીસે પકડેલા આતંકી મોડ્યુલની તપાસ NIA ને સોંપાઈ

## પોલીસ તપાસમાં આતંકીઓએ દિલ્હીની આઝાદ મંડી અને અમદાવાદની નરોડા ફ્રૂટ માર્કેટની રેકી કરી હોવાનું ખુલ્યું હતું

નવી દિલ્હી

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઓફ ખોરાસાન પ્રોવિન્સ સાથે જોડાયેલા એક મોટા આતંકી ષડયંત્રની તપાસ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી, અમદાવાદને સોંપી છે. આ કેસમાં ગુજરાત, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને તાજેતરમાં દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા બ્લાસ્ટ વચ્ચેના કનેક્શનની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાત એટીએસ દ્વારા હૈદરાબાદના ડોક્ટર અહેમદ મોહિઉદ્દીન સૈયદ સહિત બનાસકાંઠાના મોહમ્મદ સુહેલ અને આઝાદ સુલેમાન શેખની ધરપકડ કરવામાં આવી હતી. આ ત્રિપુટીએ દિલ્હીની આઝાદ મંડી અને અમદાવાદની નરોડા ફ્રૂટ માર્કેટની રેકી કરી હોવાનો પર્દાફાશ થયો હતો.

તપાસમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો હતો કે આ આતંકી મોડ્યુલ અતિ ઘાતક 'રિસિન' ઝેર દ્વારા હુમલો કરવાનું ષડયંત્ર ઘડી રહ્યું હતું. આ સાથે જ તેઓ હથિયારો વડે પણ હુમલા કરવાની ફિરાકમાં હતા. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં લાલ કિલ્લા પર થયેલા બ્લાસ્ટમાં ૧૦થી વધુ લોકોના મોત થયા હતા, જેના થોડા દિવસો પહેલા જ આ ધરપકડ કરવામાં આવી હતી.

# યમનમાં UAE સમર્થકો પર સાઉદી અરબની એરસ્ટ્રાઈક : ૨૦ના મોત

## હુમલામાં સેયૂન શહેરના એરપોર્ટને પણ નિશાન બનાવવામાં આવતા હવાઈ પરિવહન સંપૂર્ણપણે ઠપ

નવી દિલ્હી

યમનમાં સત્તા અને પ્રભાવ માટે ચાલી રહેલી ખેંચતાણ એકવાર ફરી હિંસક વળાંક પર પહોંચી ગઈ છે. શુક્રવારે, સાઉદી અરબના નેતૃત્વવાળા સૈન્ય ગઠબંધને ંછઈ-સમર્થિત સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC)ના ઠેકાણાઓ પર જોરદાર હવાઈ હુમલા કર્યા હતા. રિપોર્ટ્સ મુજબ, આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૨૦ અલગતાવાદી લડવૈયાઓના મોત થયાની પુષ્ટિ થઈ છે. આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે સંયુક્ત અરબ અમીરાતએ યમનમાંથી પોતાની સેનાઓ પાછી ખેંચવાની જાહેરાત કરી હતી, જેણે બંને દેશો વચ્ચેના તણાવને ખુલ્લો પાડી દીધો છે.

આ હવાઈ હુમલા અલ ખાશા અને સેયૂનમાં આવેલા સૈન્ય ઠેકાણાઓ પર કરવામાં આવ્યા હતા. આ હુમલામાં સેયૂન શહેરના એરપોર્ટને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના પછી ત્યાં હવાઈ પરિવહન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. આ પહેલીવાર છે જ્યારે સાઉદીના નેતૃત્વવાળા ગઠબંધને સીધા જીૃઝના ઠેકાણાઓ પર હુમલો કર્યો છે.યમનનું ભવિષ્ય ફરી એકવાર ગંભીર સંકટમાં ફસાયેલું દેખાઈ રહ્યું છે, કારણ કે દેશના દક્ષિણ ભાગમાં થયેલી આ ઘટનાએ સાઉદી અરબ અને ંછઈને પહેલીવાર સામસામે લાવી દીધા છે.

UAE-સમર્થિત STCએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હવે 'યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે'. STCએ આરોપ લગાવ્યો કે સાઉદી સમર્થિત જમીની દળોએ તેમના પર હુમલો કર્યો, જેને સાઉદી વાયુસેનાના હવાઈ હુમલાઓનું પણ સમર્થન મળ્યું.

# નેપાળમાં લેન્ડીંગ સમયે વિમાન રનવે પરથી નીચે ઉતરી જતા પ્રવાસીઓના શ્વાસ થંભી ગયા

## ભદ્રપુર એરપોર્ટ પરની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ નહીં

કાઠમંડુ,નેપાળ

નેપાળના ઝાપા સ્થિત ભદ્રપુર એરપોર્ટ પર શુક્રવારે રાત્રે એક મોટી વિમાન દુર્ઘટના ટળી હતી. કાઠમંડુથી આવેલા બુદ્ધ એરની એક પેસેન્જર ફ્લાઈટ લેન્ડિંગ દરમિયાન રનવે પરથી લપસી ગઈ હતી અને રનવેથી આશરે ૨૦૦ મીટર દૂર ઘાસવાળા વિસ્તારમાં જઈને અટકી ગઈ હતી. સદનસીબે, વિમાનમાં સવાર તમામ ૫૧ મુસાફરો અને ૪ ક્રૂ મેમ્બર સુરક્ષિત છે.

બુદ્ધ એરની ફ્લાઈટ નંબર ૯૦૧એ શુક્રવારે રાત્રે ૮:૨૩ કલાકે કાઠમંડુથી ભદ્રપુર(ઝાપા) જવા માટે ઉડાન ભરી હતી. આશરે ૪૫ મિનિટની મુસાફરી બાદ રાત્રે ૯:૦૮ કલાકે વિમાન જ્યારે ભદ્રપુર એરપોર્ટ પર લેન્ડિંગ કરી રહ્યું હતું, ત્યારે અચાનક સંતુલન ખોરવાતા તે રનવે પરથી ઉતરી ગયું હતું. આ વિમાનમાં ૫૧ પ્રવાસીઓ અને ૪ ક્રૂ મેમ્બર સહિત કુલ ૫૫ લોકો સવાર હતા. સદનસીબે પાયલટની સમયસૂચકતાને કારણે તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.કેપ્ટન શૈલેષ લિમ્બુ દ્વારા સંચાલિત આ વિમાન લેન્ડિંગ વખતે સંતુલન ગુમાવતા રનવેની બહાર નીકળી ગયું હતું. વિમાન રનવેથી દૂર વહેતી નદી પાસે જઈને અટક્યું હતું, પરંતુ પાયલટની સૂઝબૂઝથી વિમાન નદીમાં ખાબકતા બચ્યું અને મોટી હોનારત ટળી હતી. ઝાપાના ઝર્ઈ શિવરામ ગેલાલે પુષ્ટિ કરી છે કે મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો, પરંતુ તમામ ૫૫ લોકો સુરક્ષિત છે.

બુદ્ધ એર દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, કાઠમંડુથી નિષ્ણાતોની એક ટીમ ટેકનિકલ તપાસ માટે ભદ્રપુર મોકલવામાં આવી છે. આ વિમાનની તે




દિવસની છેલ્લી ફ્લાઈટ હતી અને તેને રાત્રે ભદ્રપુર એરપોર્ટ પર જ રોકાવાનું હતું. સવારે તે ફરી કાઠમંડુ પરત ફરવાનું હતું. હાલમાં વિમાનને રનવેના કિનારેથી હટાવવાની કામગીરી ચાલી રહી છે.ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટના પ્રવક્તા રિન્જી શેરપાએ જણાવ્યું હતું કે, આ અકસ્માતમાં વિમાનને મામૂલી નુકસાન થયું છે. આ ઘટનાને પગલે એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે અને ટેકનિકલ ખામીના કારણો તપાસવામાં આવી રહ્યા છે.

# છત્તીસગઢમાં નક્સલી કમાન્ડર માંગડુ સહિત ૧૪ નક્સલીઓનું એન્કાઉન્ટર

## સુરક્ષાદળોએ નક્સલીઓ પાસેથી મશીનગન, રાઈફલ્સ સહિત મોટી માત્રામાં અત્યાધુનિક શસ્ત્રો પણ જપ્ત કર્યા

સુકમા,

છત્તીસગઢના સુકમામાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. જિલ્લાના કોન્ટા-કિસ્તારામ વિસ્તારના જંગલોમાં એન્કાઉન્ટરમાં બાર નક્સલીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. દરમિયાન, સુરક્ષા દળોએ સુકમા જિલ્લામાં પણ બે નક્સલીઓને ઠાર માર્યા હતા.

બસ્તર રેન્જમાં નક્સલ વિરોધી કામગીરી દરમિયાન સુરક્ષા દળોને ફરી એકવાર મોટી સફળતા મળી છે. બીજાપુર અને સુકમા જિલ્લામાં સઘન શોધખોળ કામગીરી દરમિયાન, સુરક્ષા દળોએ ૧૪ નક્સલીઓના મૃતદેહ મેળવ્યા છે. આ નક્સલીઓ પાસેથી મશીનગન, રાઈફલ્સ સહિત મોટી માત્રામાં અત્યાધુનિક શસ્ત્રો પણ જપ્ત કરવામાં આવ્યા છે.

બીજાપુર અને સુકમા જિલ્લાના દક્ષિણ વિસ્તારોમાં સશસ્ત્ર નક્સલીઓની હાજરી અંગે વિશ્વસનીય માહિતી મળ્યા બાદ, સુરક્ષા દળોએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. ઓપરેશનના ભાગ રૂપે, દક્ષિણ બસ્તર ક્ષેત્રમાં ખાસ ડિઆરજી ટીમો તૈનાત કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન, બીજાપુર જિલ્લામાં સવારે ૫ વાગ્યાથી ડીઆરજી અને નક્સલીઓ વચ્ચે અથડામણ ચાલુ રહી. ચાલુ મુકાબલા વચ્ચે, શોધખોળ દરમિયાન અત્યાર સુધીમાં એન્કાઉન્ટર સ્થળોએથી કુલ ૧૪ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. તેમાં બીજાપુર જિલ્લાના ૦૨ અને સુકમા જિલ્લાના ૧૨ માઓવાદીઓનો સમાવેશ થાય છે.

# વિવાદ થતા BCCI એ KKR ને મુસ્તફિઝુર રહેમાનને મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો


નવી દિલ્હી

બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા બાદ ભારતમાં વધતી નારાજગી વચ્ચે બીસીસીઆઈએ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) ને તેના બાંગ્લાદેશી ઝડપી બોલર મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી રિલીઝ કરી દેવા નિર્દેશ આપ્યો છે. બોર્ડ સેક્રેટરી દેવજીત સૈકિયાએ આ વાતની પુષ્ટી કરી હોવાની જાણકારી મળી છે. એટલે કે હવે ૯.૨૦ કરોડમાં ખરીદાયેલો મુસ્તફિઝુર IPL 2026માં નહી રમી શકે. મુસ્તફિઝુર રહેમાન બાંગ્લાદેશના શાનદાર બોલરો પૈકી એક છે અને દુનિયાભરની લીગમાં તે રમતો દેખાય છે. તે આઈપીએલમાં ૨૦૧૬થી રમી રહ્યો હતો.

અત્યાર સુધી બાંગ્લાદેશનો આ ખેલાડી સનરાઈઝર્સ હૈદરાબાદ, મુંબઈ ઈન્ડિયન્સ, રાજસ્થાન રોયલ્સ, દિલ્હી કેપિટલ્સ અને સીએસકે માટે પણ રમી ચૂક્યો હતો. તેણે આઈપીએલમાં ૬૦ મેચમાં ૬૫ વિકેટ ઝડપી હતી. આ વખતે આઈપીએલ ૨૦૨૬ માટે રમાડવા માટે તેણે હરાજીમાં કેકેઆર દ્વારા ૯.૨૦ કરોડ રૂપિયા આપીને ખરીદવામાં આવ્યો હતો. જોકે હવે વિરોધને પગલે તેને કાઢી મૂકવાની ફરજ પડશે. કેકેઆરના માલિક શાહરુખ ખાનને તેની ટીમ માટે બાંગ્લાદેશી ખેલાડીને ખરીદવા મામલે દેશદ્રોહી ગણાવતા અનેક ધર્મગુરુઓ દ્વારા ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.

# ૭૫ વર્ષ બાદ દુર્લભ સંયોગ: માઘ મેળાના પ્રથમ દિવસે જ સંગમમાં ઉમટ્યું આસ્થાનું ઘોડાપૂર

## આજે ૨૫ થી ૩૦ લાખ શ્રદ્ધાળુઓ સંગમમાં આસ્થાની ડૂબકી લગાવશે : માઘ મેળાના દોઢ મહિના દરમિયાન ૧૨ થી ૧૫ કરોડ શ્રદ્ધાળુઓ સ્નાન કરશે



પ્રયાગરાજ

સંગમ નગરી પ્રયાગરાજમાં માઘ મેળો ૨૦૨૬ શરૂઆત થતાં જ સંગમ તટ પર આસ્થાનો મહાકુંભ જોવા મળ્યો હતો. પોષી પૂનમના અવસર પર મુખ્ય સ્નાનની સાથે જ મેળાની શરૂઆત થઈ હતી. કડકડતી ઠંડી હોવા છતાં સંગમ ઘાટ પર શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે. મેળા પ્રશાસનનું અનુમાન છે કે આજે ૨૫ થી ૩૦ લાખ શ્રદ્ધાળુઓ સંગમમાં આસ્થાની ડૂબકી લગાવશે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સૌને માઘ મેળાની શુભેચ્છાઓ પાઠવી હતી.

પૂર્ણિમા તિથિની શરૂઆત સવારે ૪ વાગ્યાથી થઈ ગઈ છે. માઘ મેળામાં ૭૫ વર્ષ પછી દુર્લભ શુભ સંયોગ બની રહ્યો છે. આજથી શ્રદ્ધાળુઓ કલ્પવાસનો સંકલ્પ લઈને તેની શરૂઆત કરશે. માઘ મેળામાં અંદાજે ૨૦ થી ૨૫ લાખ કલ્પવાસીઓ એક મહિના સુધી નિવાસ કરે છે. કલ્પવાસીઓની આ આખું મહિનો કઠિન તપસ્યા અને સાધના ચાલતી હોય છે.



માઘ મેળાના દોઢ મહિના દરમિયાન ૧૨ થી ૧૫ કરોડ શ્રદ્ધાળુઓ સ્નાન કરશે. શ્રદ્ધાળુઓની તાત્કાલિક સારવાર માટે ૨૦-૨૦ બેડની બે હોસ્પિટલો બનાવવામાં આવી છે.

આ ઉપરાંત ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, બે હેલ્થ સેન્ટર, એક વેક્ટર કંટ્રોલ યુનિટ, ૫ આયુર્વેદિક અને ૫ હોમિયોપેથિક હોસ્પિટલો પણ મેળામાં ખોલવામાં આવી છે. મેળામાં ૫૦ એમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

મેળામાં ૨૫ હજાર શૌચાલય, ૮ હજાર ડસ્ટબિન, ૧૦ લાખથી વધુ લાઈનર બેગ અને ૩૦ સકશન ગાડીઓ લગાવવામાં આવી છે. ત્રણ હજાર સફાઈ કામદારો તૈનાત છે. શ્રદ્ધાળુઓ માટે ૪૨ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

મેળા વિસ્તારમાં ૧૭ પોલીસ સ્ટેશન, ૪૨ ચોકીઓ, ૨૦ ફાયર ટેન્ડર, ૭ અગ્નિશમન ચોકી, ૨૦ ફાયર વોચ ટાવર, એક જલ પોલીસ સ્ટેશન અને એક કંટ્રોલ રૂમ સ્થાપવામાં આવ્યો છે. ૮ કિમી લાંબી ડીપ વોટર બેરિકેડિંગ પણ બનાવવામાં આવી છે. સીસીટીવી કેમેરા અને છૈં યુક્ત ૪૦૦ કેમેરા દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટ, ક્રાઉડ ડેન્સિટી એનાલિસિસ અને ઈન્સિડન્ટ રિર્પોટિંગ કરવામાં આવી રહ્યું છે. પરિવહન નિગમની ૩૮૦૦ બસો સેવામાં છે.

# અંબાણી પરિવાર પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના શરણે


## મુકેશ અંબાણી, નીતા અંબાણી અને અનંત અંબાણીએ સોમનાથ મહાદેવના દર્શન કરી જળાભિષેક અને પૂજા-અર્ચના કરી, રૂ.૫ કરોડનું દાન આપ્યું

જામનગર,

પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ શુક્રવારે પરિવાર સાથે ગુજરાતના પ્રથમ જ્યોતિર્લિંગ એવા ભગવાન સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તેમની સાથે પત્ની નીતા અંબાણી, પુત્ર અનંત અંબાણી તેમજ મુંબઈથી આવેલા ખાસ મહેમાનો અને પરિવારના અન્ય સભ્યો પણ આ દિવ્ય દર્શનમાં જોડાયા હતા.

મુકેશ અંબાણી અને તેમનો પરિવાર ખાસ હેલિકોપ્ટર દ્વારા સોમનાથ હેલિપેડ ખાતે આવી પહોંચ્યો હતો. ત્યાંથી તેઓ સીધા જ સોમનાથ મંદિર પહોંચ્યા હતા. મંદિર પરિસરમાં સોમનાથ ટ્રસ્ટના ઈન્ચાર્જ જનરલ મેનેજર પરેશ ચાવડા અને અન્ય ઉચ્ચ અધિકારીઓ દ્વારા અંબાણી પરિવારનું પરંપરાગત રીતે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મંદિરમાં પ્રવેશ્યા બાદ અંબાણી પરિવારે સોમનાથ મહાદેવના શિખર દર્શન અને ગર્ભગૃહમાં જઈને પૂજા-અર્ચના કરી હતી. પરિવારે મહાદેવને શ્રદ્ધાપૂર્વક જળાભિષેક કર્યો હતો. શાસ્ત્રોક્ત વિધિ મુજબ સોમેશ્વર પૂજા અને વિશેષ અર્ચના કરવામાં આવી હતી. મંદિરના પૂજારીઓ દ્વારા મંત્રોચ્ચાર સાથે આ ધાર્મિક વિધિ સંપન્ન કરાવવામાં આવી હતી.

દેશના આ પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ પરિવારને પોતાની વચ્ચે જોઈને અન્ય શ્રદ્ધાળુઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.સોમનાથ મહાદેવના દર્શન કર્યા બાદ મુકેશ અંબાણી, નીતા અંબાણી અને અનંત અંબાણીએ મંદિર પરિસર છોડતા સમયે ઉપસ્થિત લોકો અને મીડિયાને 'જય સોમનાથ.. હર હર મહાદેવ' કહી અભિવાદન કર્યું હતું.અંબાણી પરિવારે ભારતીય પ્રાચીન સંસ્કૃતિના વૈજ્ઞાનિક અને ભૌગોલિક વારસાનું પ્રતીક એવા બાણ સ્તંભની મુલાકાત લીધી હતી. દક્ષિણ ધ્રુવ સુધી અબાધિત સમુદ્રમાર્ગ દર્શાવતા આ ઐતિહાસિક સ્તંભને નિહાળી તેમણે ભારતની વૈભવી વૈજ્ઞાનિક વિરાસત પ્રત્યે ગૌરવ વ્યક્ત કર્યું હતું. અનંત અંબાણીએ ૨૪ ડિસેમ્બરે સોમનાથ મહાદેવના દર્શન કરી ૫ કરોડનું દાન આપ્યું હતું. આજે મુકેશ અંબાણીએ પણ ૫ કરોડનું દાન આપ્યું છે. અંબાણી પરિવારની મુલાકાતને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રિલાયન્સ ગ્રુપની ખાનગી સુરક્ષા ટીમોની સાથે સ્થાનિક પોલીસે પણ હેલિપેડથી લઈને મંદિર પરિસર સુધી કડક દેખરેખ રાખી હતી, જેથી શ્રદ્ધાળુઓને મુશ્કેલી ન પડે અને સુરક્ષા જળવાઈ રહે.

## કરણી સેનાનાં ૧૯ કાર્યકર્તા સામે કેસ પાછો ખેંચવા મંજૂરી નહીં

અમદાવાદ,

અમદાવાદ સેશન્સ કોર્ટે રાજ્ય સરકારને કરણી સેનાના ૧૯ કાર્યકર્તાઓ વિરુદ્ધનો ગુનાહિત કેસ પાછો ખેંચવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે. જેઓ વર્ષ ૨૦૧૮માં બોલિવૂડ ફિલ્મ 'પદ્માવત'ના રિલીઝ વિરુધ્ધના વિરોધ દરમિયાન મોલમાં તોડફોડ કરવા, વાહનોને આગ લગાવવા અને મિલકતને નુકસાન પહોંચાડવા માટે બુક કરાયા હતા. કોર્ટે કહ્યું હતું કે, અપરાધ વ્યક્તિગત હિત હાંસલ કરવા અને ચોક્કસ સમુદાયની વર્ચસ્વ જાળવવા માટે કરવામાં આવ્યો હતો.

કરણી સેનાના કાર્યકર્તાઓએ ૨૩ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ 'પદ્માવત' ફિલ્મ વિરુદ્ધ દેખાવો કર્યા હતા. આ કાર્યક્રમ હિંસક બન્યો અને ૧૯ વ્યક્તિઓ વિરુદ્ધ રમખાણ, ગેરકાયદેસર સભા, આગજની અને ગુનાહિત કાવતરાના આરોપ હેઠળ IPCની કલમો, જાહેર મિલકતને નુકસાન પહોંચાડવા વિશેની કલમો, ગુજરાત પોલીસ કાયદાની કલમ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. તપાસ પછી વસ્ત્રાપુર પોલીસે ચાર્જશીટ દાખલ કરી અને કેસ ૨૦૧૯થી અમદાવાદ (ગ્રામ્ય) સેશન્સ કોર્ટમાં કમિટલ માટે બાકી છે.

રાજ્ય સરકારે પ્રથમ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટસમક્ષ કેસ પાછો ખેંચવાની મંજૂરી માટે વિનંતી કરી હતી. પરંતુ વર્ષ ૨૦૨૨માં તે નકારાઈ ગઈ. તેમણે અમદાવાદ (ગ્રામ્ય) સેશન્સ કોર્ટનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે કેસ પાછો ખેંચવાનો નિર્ણય માત્ર જનતાના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે, આરોપીઓ યુવાન છે જેઓએ તત્કાલીન ભાવુકતા અને ઉત્તેજનામાં આ કાર્ય કર્યું હતું. તેમાંથી કોઈ પણ ગુનેગાર પ્રકૃતિનો નથી.

## અમદાવાદમાં એક વર્ષમાં ૧૧૦૭ સામે પાસા કરી જુદી–જુદી જેલોમાં રવાના કર્યા

અમદાવાદ,

અમદાવાદ શહેરમાંથી દારૂ અને જુગારનું દુષણ અટકાવવા ઝ્ર દ્વારા વર્ષ ૨૦૨૫માં ખૂબ મોટી કામગીરી કરવામાં આવી છે સાથે સાથે રીઢા ગુનેગારો અને બુટલેગરોને પણ પાઠ ભણાવવામાં આવી રહ્યો છે જે માટે વર્ષ ૨૦૨૫માં પોલીસ કમિશનરે ૧૧૦૭ રીઢા આરોપીઓને પાસા કરી જુદી–જુદી જેલોમાં રવાના કર્યા છે, જ્યારે ૨૫૮ માથાભારે તત્વોને અમદાવાદમાંથી તડીપાર કરવામાં આવ્યા છે.

પોલીસ કમિશનરના સીધા તાબામાં આવતી પીસીબીની ટીમે વર્ષ દરમ્યાન દારૂના ૪૦૦ કેસ કરી ૪૦૭ બુટલેગરોને ઝડપી લીધા છે. જ્યારે જુગારના ૭૦ કેસ કરી ૨૪૫ જુગારીઓને ઝડપી લેવામાં આવ્યા છે. પીસીબીની ટીમે દારૂ અને જુગારનો મળીને કુલ રૂ. ૬.૫૭ કરોડનો મુદ્દામાલ પણ કબજે કર્યો છે. આ ઉપરાંત શરૂ થતા વર્ષ ૨૦૨૬માં પણ ગુનેગારો સામે કડક પગલાં લેવામાં આવશે તેવી જાહેરાત કમિશનર ઓફિસ દ્વારા કરવામાં આવી છે.

અમદાવાદમાં કેટલાક માથાભારે તત્વો માથું ઊંચકીને ફરી સક્રિય બન્યા હતા. તે સમયે પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા તેમને પાઠ ભણાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો. તમામ પોલીસ મથકોમાં માથાભારે તત્વોની યાદી તૈયાર કરવામાં આવી અને તેમના સામે ફરિયાદ નોંધાય કે તરત જ પાસાની કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. પીસીબી ઈન્સ્પેક્ટર જે.પી. જાડેજા અને તેમની ટીમે પણ પાસા અને તડીપાર માટેની ઑન-પેપર કામગીરી વેગવંતી બનાવી હતી. જેના પરિણામે વર્ષ દરમિયાન ૧૧૦૭ ગુનેગારોને પાસા કરવામાં આવ્યા હતા, જ્યારે ૨૫૮ માથાભારે તત્વોને તડીપાર કરી શકાયા હતા.

બીજી તરફ પીસીબી ઈન્સ્પેક્ટર જે.પી. જાડેજા અને તેમની ટીમે વર્ષ દરમ્યાન પ્રોહિબિશનના ૪૦૦ કેસ કરી બુટલેગરોની સ્થાનિક્ પોલીસ સાથેની ગોઠવણ ખુલ્લી પાડી ૪૦૭ બુટલેગરોને ઝડપી લીધા છે. વર્ષ દરમ્યાન રૂ. ૫.૭૪ કરોડનો દારૂ ઝડપવામાં આવ્યો હતો. આટલું જ નહીં, પીસીબીની ટીમે જુગારના ૭૦ કેસ કરી ૨૪૫ જુગારીઓને ઝડપી લઈ તેમની પાસેથી રૂ. ૮૩.૬૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે દારૂ અને જુગારનો મળીને કુલ રૂ. ૬.૬૭ કરોડનો મુદ્દામાલ ઝડપી લીધો છે.

## અમદાવાદ એરપોર્ટ પર મુસાફર પાસેથી ૮ કરોડનો હાઈબ્રિડ ગાંજો ઝડપાયો

### બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં મુસાફર વેક્યુમ કરેલા પેકેટમાં હાઈબ્રિડ ગાંજો લાવ્યો હતો

અમદાવાદ,

અમદાવાદ શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ડીઆરઆઈ અને કસ્ટમ્સ વિભાગે સંયુક્ત કાર્યવાહી કરી એક મુસાફર પાસેથી અંદાજે રૂ.૮ કરોડની કિંમતનો હાઈબ્રિડ ગાંજો (કેનાબીસ) ઝડપી પાડ્યો હતો. આ મુસાફર થાઈલેન્ડના બેંગકોકથી ફ્લાઈટ મારફતે અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યો હતો. તેની શંકાસ્પદ હિલચાલને આધારે અધિકારીઓએ તેને અટકાવીને સઘન તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, બેંગકોકથી અમદાવાદ આવેલા એક યાત્રી પર શંકા જતા અધિકારીઓએ તેની સઘન તપાસ હાથ ધરી હતી. બેગેજ ચેકિંગ દરમિયાન યાત્રીના સામાનમાંથી ૬ વેક્યુમ કરેલા પેકેટ્સ મળી આવ્યા હતા. તપાસમાં આ પદાર્થ હાઈ ગ્રેડ હાઈબ્રિડ કેનાબીસ (ગાંજો) હોવાનું બહાર આવ્યું હતું. જપ્ત કરાયેલ ગાંજાનું કુલ વજન ૭.૭૧ કિલોગ્રામ છે અને તેની અંદાજિત બજાર કિંમત રૂ. ૮ કરોડ હોવાનું જાણવા મળ્યું હતું.

DRI દ્વારા ગાંજો જપ્ત કરીને આરોપીની ધરપકડ કરવામાં આવી છે અને આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યો હતો તેમજ કોને સપ્લાય થવાનો હતો તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહીથી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક સામે મોટી સફળતા મળી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## અમદાવાદમાં અણઘડ આયોજનના કારણે લોકો હેરાન-પરેશાન

### અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરે સાપ્તાહીક સમિક્ષા બેઠકમાં અધિકારીઓને ખખડાવ્યા : ટ્રાફિક, પાર્કિંગ ઉપરાંત ગ્રીનરી અને એર પોલ્યુશનના પ્રોજેકટ ઉપર ખાસ ધ્યાન રાખવા સુચના આપી

અમદાવાદ,

અમદાવાદમાં સતત વધી રહેલા વાહનોને કારણે દિન પ્રતિદિન શહેરમાં ટ્રાફીકની સમસ્યા અત્યંત ગંભીર રીતે વધી રહી છે. તેમાં પણ શહેરમાં વિવિધ ઠેકાણે ચાલતા ફ્લાયઓવરના ધીમી ગતિના કામ લોકોને મુશ્કેલીમાં વધારો કરી રહ્યા છે. આમ તો તંત્ર ટ્રાફિકની સરળતા માટે જ ફ્લાયઓવર બનાવતુ હોય છે. પરંતુ એએમસી અને ટ્રાફીક પોલીસ સહીતના વિભાગો વચ્ચેના સંકલનના અભાવ, કોન્ટ્રાક્ટરો દ્વારા ધીમી ગતીએ કરવામાં આવતા કામ દરરોજ લાખો લોકોની પરેશાનીમાં વધારો કરી રહ્યા છે.

તેમાં પણ ક્ષતિગ્રસ્ત થયેલા સુભાષ બ્રિજના કારણે પહેલા જ પૂર્વ પશ્ચિમ અમદાવાદનો ટ્રાફીક પ્રભાવિત થયો છે, ત્યારે હવે બુલેટ ટ્રેન કોરીડોરની કામગીર માટે શાહીબાગ અંડરપાસ પણ બંધ કરાતા પરિસ્થિતિ વધુ ગંભીર બની છે.` આ મુદ્દે અમદાવાદ મ્યુનિસિપલ કમિશ્નરે સાપ્તાહીક સમિક્ષા બેઠકમાં અધિકારીઓને ખખડાવ્યા છે. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની બ્રિજ વિભાગના અધિકારીઓ ઉપર ખફા જોવા મળ્યા હતા. અધિકારીઓ સાથેની વીકલી રીવ્યુ બેઠકમાં બ્રિજ વિભાગના એડીશનલ ઈજનેરને તેમણે કહ્યું, 'તમારા અણઘડ આયોજનના કારણે અમદાવાદના લોકો હેરાન-પરેશાન થઈ ગયા છે. સુભાષ બ્રિજ બંધ કર્યા પછી શાહીબાગ અંડરપાસ બંધ કરાયો. જરા તો વિચારો કે શહેરીજનોને બંધ રોડના કારણે કેટલી તકલીફ પડી રહી છે.'

ડેપ્યુટી કમિશનર કંઈક કહેવા જતા કમિશનરે તેમને અટકાવીને ખખડાવી નાંખ્યા કે, 'દલીલ ના કરતા કોઈપણ નિર્ણય લેતા પહેલા ચોકકસ પ્લાનીંગ કરી લોકો સમક્ષ મુકો તો લોકોની હેરાનગતિ પણ ઓછી થાય.'

આમ, નવા વર્ષે પહેલી વીકલી રીવ્યુ બેઠકમાં મ્યુનિ.કમિશનરે નવા વર્ષમાં ટ્રાફિક, પાર્કિંગ ઉપરાંત ગ્રીનરી અને એર પોલ્યુશનના પ્રોજેકટ ઉપર ખાસ ધ્યાન રાખવા સુચના આપી હતી.

## ન્યાયાધીશે શ્લોક ટાંકીને હત્યારા પ્રેમીને અંતિમ શ્વાસ સુધીની કેદ ફટકારી

### કંપનીના બંધ ક્વાર્ટરમાંથી પ્રેમિકાની હાડપિંજર જેવી લાશ મળેલી, DNA પુરાવાએ પ્રેમીને આજીવન જેલ ભેગો કર્યો

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના કલોલની સેશન્સ કોર્ટે સ્ત્રી હત્યાના એક અત્યંત કરપીણ કિસ્સામાં ઐતિહાસિક ચુકાદો આપતા આરોપીને જીવનના અંતિમ શ્વાસ સુધીની સખત કેદની સજા ફટકારી છે. નોંધનીય છે કે, ન્યાયાધીશ બી.આર.રાજપુતે આ ચુકાદાની શરૂઆત જ એક ગહન સંસ્કૃત શ્લોક"ન સ્ત્રીવધસમં પાપં ન ચતતત્સ દશાંડપરઃ તસ્માત તસ્ય વંધે દંડ, કઠોર સમ્પ્રદીપમ" થી કરી હતી. જેનો અર્થ સમજાવતા તેમણે નોંધ્યું હતું કે સ્ત્રી હત્યા સમાન અન્ય કોઈ પાપ કે ગુનો નથી.



આ કેસની વિગતો મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના અલીગઢનો વતની આરોપી નારાયણસીંગ મખ્ખનસીંગ કુશવાહા રકનપુર ગામે એક કંપનીના સર્વન્ટ ક્વાર્ટરમાં રહેતો હતો, જ્યાં તેને શોભા ઉર્ફે શોભના નામની મહિલા સાથે પ્રેમ સંબંધ હતો. જોકે શોભનાને અન્ય વ્યક્તિ સાથે પણ સંબંધ હોવાની જાણ થતા અને તે અવારનવાર પૈસાની માંગણી કરતી હોવાથી આરોપીએ અદાવત રાખી હતી.

ગત તારીખ ૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ બપોરના સમયે જ્યારે શોભના આરોપીના રૂમ પર ગઈ હતી .ત્યારે બંને વચ્ચે ઉગ્ર ઝઘડો અને ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન આવેશમાં આવીને આરોપીએ પાવડાના તૂટેલા લાકડાના ધોકા વડે શોભનાના માથામાં ગંભીર ઈજા પહોંચાડી હતી અને તેનું માથું દિવાલ સાથે અથડાવી નીચે પાડી દીધી હતી. આટલે થી નહીં અટકેલા આરોપીએ ક્રૂરતાની પરાકાષ્ઠા વટાવતા અગાસી પર કપડાં સુકવવાની દોરી કાપી તેના વડે ગળે ટૂંપો આપી તેણીની હત્યા કરી હતી.

બાદમાં લાશને રૂમમાં પૂરી બહારથી તાળું મારી ફરાર થઈ ગયો હતો. આ ઘટના કોરોના કાળ દરમિયાન બની હોવાથી લાંબા સમય બાદ જ્યારે રૂમ ખોલવામાં આવ્યો ત્યારે મરણજનારની લાશ હાડપિંજર જેવી હાલતમાં મળી આવી હતી.સાંતેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનાનો કેસ કલોલ કોર્ટમાં ચાલવા પર આવતા સરકારી વકીલ જે.એચ.જોષી દ્વારા ધારદાર દલીલો રજૂ કરવામાં આવી હતી.

આ સમગ્ર કેસમાં સૌથી નિર્ણાયક પુરાવો એફ.એસ.એલ. દ્વારા આપવામાં આવેલ ડી.એન.એ. અહેવાલ સાબિત થયો હતો. જેના આધારે કોર્ટે માન્યું હતું કે ફરિયાદ પક્ષ તમામ સાંયોગિક પુરાવાની કડીઓ સ્થાપિત કરવામાં સફળ રહ્યો છે. અંતે આજરોજ અદાલતે આરોપીને આજીવન કેદ એટલે કે જીવનના અંતિમ શ્વાસ સુધીની જેલ અને રૂ. ૧ લાખના દંડની સજાનો હુકમ કર્યો છે.

## શેરબજારમાં કરોડોનું કૌભાંડ, ઈડીએ કરોડો રૂપિયાનું સોનું, ચાંદી અને રોકડ જપ્ત કર્યું

### હિંમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર સામે પીએમએલએ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી

અમદાવાદ,

અમદાવાદમાં શેરબજારમાં રોકાણના નામે મોટી ઠગાઈ સામે આવી છે. આ મામલે ઈડીની અમદાવાદ ઝોન ઓફિસે કાર્યવાહી કરી છે અને કરોડો રૂપિયાનું સોનું, ચાંદી અને રોકડ રકમ જપ્ત કરવામાં સફળતા મેળવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હિંમાંશુ ભાવસાર, તેના સાથીદારો સાથે, ઉત્તર ગુજરાતમાં અનેક ઓફિસો ખોલી, લોકોને શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી રોકાણ કરાવતા હતા. ટીમે ૨૯૬ કિ.ગ્રા. સોનું, ૧૧૦ કિ.ગ્રા. ચાંદી, ૭ કિ.ગ્રા. જવેલરી, ૫ કરોડ રૂપિયાની કિંમતનો સામાન જપ્ત કર્યો. કુલ ફ્રોડની કિંમત અંદાજે ૧૦.૮૭ કરોડ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. આરોપીએ જીઈમ્ની નોંધણી વિના રોકાણ ફર્મ ખોલી રોકાણકારોને રોકાણ કરાવ્યું હોવાનું પણ સામે આવ્યું છે

હિંમાંશુ ઉર્ફે પિન્ટુ ભાવસાર સામે પીએમએલએ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તેના ઉપર ૬ થી વધુ ફરિયાદો નોંધાઈ છે. ખેરાલુ પોલીસ સ્ટેશનમાં પણ ફરિયાદ નોંધાઈ હતી.એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મની લોન્ડરિંગ મામલે તપાસ હાથ ધર્યું છે અને હવે કૌભાંડની વધુ વિગતો મેળવવા માટે તપાસ ચાલુ છે.

## સાયલાના કસવાળી ગામની સીમમાંથી ૧૫ કરોડ કરતા વધુની કિંમતનો ગાંજાનો જથ્થો ઝડપાયો

**સુરેન્દ્રનગરના ઈતિહાસમાં ગાંજાનું સૌથી મોટું વાવેતર ઝડપી પાડવામાં આવ્યું**

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગરમાં ગણતરીના કલાકોમાં જ ગાંજાના વાવેતરની બે ઘટના સામે આવી છે. સુરેન્દ્રનગરના ઈતિહાસમાં ગાંજાનું સૌથી મોટું વાવેતર ઝડપી પાડવામાં આવ્યું છે. સુરેન્દ્રનગરના સાયલાના કસવાળી ગામની સીમમાંથી ૧૫ કરોડ કરતા વધુની કિંમતનો ગાંજાનો જથ્થો ઝડપાયો છે. પોલીસે આ ઘટનામાં બે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.



સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના કસવાળી નજીક સુરેન્દ્રનગર એસઓજી દ્વારા એક ખેતરમાં દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં કપાસ અને એરંડાની આડમાં લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. કસવાળી ગામનું આ ખેતર સંજયભાઈ ભોપાભાઈ તાવિયાનું હોવાનું જાણવા મળ્યું હતું. સુરેન્દ્રનગર જીંચ દ્વારા ૩૬ કલાક સુધી રેડની કામગીરી કરવામાં આવી હતી.

સુરેન્દ્રનગર એસઓજીએ સંજય ભોપાભાઈ તાવિયાના ખેતરમાંથી લીલા ગાંજાના ૫૫૦ છોડ જપ્ત કર્યા હતા જેનું વજન ૩ હજાર ૩૬ કિલો અને ૮૦૦ ગ્રામ જેટલું છે. આ ગાંજાના છોડની બજાર કિંમત ૧૫ કરોડ ૧૮ લાખ ૪૦ હજારની આસપાસ છે. આ પહેલા આ જ વિસ્તારામાં તુવેરની આડમાં વાવેલા લીલા ગાંજાના ૧૨૦ લીલા છોડ જપ્ત કરવામાં આવ્યા હતા. સુરેન્દ્રનગરના ઈતિહાસમાં ગાંજાનું આ સૌથી મોટું વાવેતર હોવાનું સામે આવ્યું છે. આ ઘટનામાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

## બગદાણા હુમલા પ્રકરણમાં ન્યાય માટે

# કોળી સમાજના કાર્યકરથી લઈ કેન્દ્રીય મંત્રી સુધીના સૌ કોઈ એક મંચ પર



બગદાણાના નવનીત બાલધિયા પર જીવલેણ હુમલાની ઘટનામાં કોળી સમાજે એક બની સુર ઉઠાવ્યો છે, પોલીસ યોગ્ય રીતે કાર્યવાહી નહી કરી રહી હોવાના આક્ષેપ સાથે નવનીત બાલધિયાને ન્યાય અપાવવા અને હુમલાની પાછળ દોરી સંચાર કરનાર તત્વોને ખુલ્લા પાડવા કોળી સમાજે બિન રાજકીય આંદોલન છેડ્યું છે. આ મામલે આક્ષેપોમાં તથ્ય છે કે કેમ એ તો પોલીસની ઊંડી તપાસ બાદ બહાર આવશે. પરંતુ સમાજના વ્યક્તિ પર થયેલ હુમલાના બનાવ સંદર્ભે કોળી સમાજના નાના કાર્યકરથી લઈ કેન્દ્રીય મંત્રી સુધીના સૌ એક મંચ પર આવ્યા છે. કોળી સમાજની આ એકતા અન્યો માટે પણ પ્રેરણા રૂપ બની છે. અગાઉ ધારાસભ્યો હીરાભાઈ સોલંકી, ગૌતમ ચૌહાણ, શિવાભાઈ ગોહેલ, પૂર્વ મંત્રી આરસી મકવાણા સહિતની ભાજપની નેતાગીરીએ મુલાકાત લીધી હતી. ગઈકાલે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા પણ નવનીત બાલધિયાન ખબર અંતર પૂછવા મહુવા પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે શાસક અને વિપક્ષમાં રહેલા કોળી સમાજના નેતાઓ આ મામલે એક સુર થયા છે અને સામાજિક એકતાના દર્શન કરાવી રહ્યા છે.

# મતદારયાદીની ખાસ સઘન સુધારણા અંતર્ગત આજે અને કાલે ઝુંબેશ

## પરીક્ષા હોય તેવા શહેરના ૧૪ મતદાન મથકે ૨ વાગ્યાથી BLOનો સંપર્ક કરી શકાશે

ભાવનગર,તા.૩

ગુજરાત રાજ્યમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાનો સમયગાળો તા. ૧૯ ડિસેમ્બરથી તા. ૧૮ જાન્યુઆરી સુધી નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ અનુસંધાને ભાવનગર જિલ્લામાં તા તા. ૩ જાન્યુઆરી અને ૪ જાન્યુઆરી, શનિવાર અને રવિવાર સવારે ૧૦ કલાકથી સાંજનાં ૫ કલાક દરમિયાન તમામ મતદાન મથકો પર ખાસ ઝુંબેશનું આયોજન કરાયુ છે.રવિવારે પરીક્ષા હોય શહેરના ૧૪ મતદાન મથકે ૨ વાગ્યાથી BLOનો સંપર્ક કરી શકાશે.

ભાવનગર શહેરમાં આગામી તા. ૪ જાન્યુઆરીને રવિવારે ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ માટે પ્રિલિમિનરી પરીક્ષા લેવાનાર છે. ભાવનગરના ૧૪ મતદાન મથક સ્થળ પર પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ખાતે રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા પૂરી થયા બાદ બપોરે ૨ વાગ્યા પછી બી.એલ.ઓ.નો સંપર્ક કરી શકાશે. આ ખાસ ઝુંબેશ દરમિયાન નવા મતદારો માટે મતદારયાદીમાં નામ નોંધણી, નામમાં સુધારા-વધારા તેમજ મતદારયાદીમાંથી નામ કમી કરાવવા માટે જરૂરી ફોર્મ ભરવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે.

રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા ભાવનગરના પરીક્ષા કેન્દ્રો સરકારી માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલ હલુરીયા ચોક પાસે, વિદ્યાવિહાર માધ્યમિક શાળા દેસાઈ નગર, સ્વામિનારાયણ માધ્યમિક શાળા (નિર્ભય) ચિત્રા, ક્રાઈસ્ટ સ્કુલ ચિત્રા-સિદસર રોડ, એમ.એસ. લાખાણી કન્યા વિદ્યાલય સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યૂટ કાળિયાબીડ, ઝેડ.કે. મેંદપરા માધ્યમિક સ્કૂલ સરદાર પટેલ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યૂટ કાળિયાબીડ, સિલ્વરબેલ્સ પબ્લિક સ્કૂલ ભગવતી સર્કલ પાસે, શાંતિનગર-૧, કાળિયાબીડ, બી. એન. વિરાણી સ્કૂલ વિરાણી સર્કલ કાળિયાબીડ,બી. એન. વિરાણી હાઈ સેકન્ડરી સ્કૂલ વિરાણી સર્કલ કાળિયાબીડ, કે.પી.ઈ.એસ. ઈંગ્લિશ હાઈસ્કૂલ લીલા સર્કલ કાળિયાબીડ, એકતા હાઈસ્કૂલ રામમંત્ર મંદિર પાસે તળાજા રોડ કાળિયાબીડ, હોમ સ્કુલ ઈંગ્લિશ મીડિયમ તખ્તેશ્વર પ્લોટ વાઘાવાડી રોડ, દક્ષિણામૂર્તિ વિદ્યામંદિર યુનિટ-૧ વાઘાવાડી રોડ, દક્ષિણામૂર્તિ વિદ્યામંદિર યુનિટ-૨ વાઘાવાડી રોડ પર બપોરે ૨ વાગ્યા બાદ BLO ઉપસ્થિતિ રહેશે.

## અવાણીયા ગામે હઝરત ગેબનશા પીરનો ઉર્ષ મુબારક ઉજવાશે

ભાવનગર,તા.૩

ઘોઘા તાલુકાનાં અવાણીયા ગામે આવેલ હઝરત રોશન ઝમીર ગેબનશા પીરનો ઉર્ષ મુબારક તા. ૪ ને રવિવાર તથા તા. ૫ને સોમવારના રોજ ઉર્ષ મુબારક મનાવવામાં આવશે. રવિવારના રોજ બપોર પછી ચંદલ ચડાવવામાં આવશે. ત સોમવારે મન્નત ચડાવવામાં આવશે. મન્નત બાદ બપોરે નિયાઝનો પ્રોગામ રાખેલ છે. અસર બાદ શાંતીની દુઆ સાથે વિદાય આપવામાં આવશે.

# કાર ચાલકે બાઈકને ઠોકર મારતા અગીયાળીના વૃદ્ધનુ મોત

## વૃદ્ધ તેના પૌત્ર સાથે બાઈક પર જતા હતા ત્યારે નડ્યો અકસ્માત

ભાવનગર,તા.૩

સિહોર તાલુકાના અગિયાળી ગામે રહેતા એક પૌત્ર પોતાના દાદાને મોટરસાયકલ પર લઈને બહારગામ જતી વેળાએ કાર ચાલકે અડફેટે લેતા દાદાનું મોત નિપજતાં તેઓનાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

સિહોર તાલુકાના અગિયાળી ગામે રહેતા અને હિરા ઘસવાનું કામ કરતાં આણંદભાઈ બાબુભાઈ ડાભી (ઉ.વ.૨૩) એ સોનગઢ પોલીસ સ્ટેશનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે તેઓ અને તેઓના દાદા સોંડાભાઈ સવજીભાઈ ડાભી (ઉ. વ.૬૦) પોતાની મોટરસાયકલ લઈને અગિયાળી ગામેથી સોનગઢ થઈ પાલીતાણા રોડ પરથી પીપરલા (સરોડ) કોઈ કામ સબબ જતા હતા ત્યારે પીપરલા ગામથી એકાદ કિલોમીટર દૂર હોય ત્યારે સામેથી આવતી એક ફોર વ્હીલ કાર ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગલતભરી રીતે ચલાવી મોટરસાયકલને અડફેટે લેતા દાદા પૌત્રને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ભાવનગર સર ટી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેઓનાં દાદા સવજીભાઈ મૃત્યુ પામેલ જાહેર કરવામાં આવેલ જ્યારે તેઓને હાથપગે ફેક્ચર થયેલ હોય સારવાર લીધી હતી. આ બનાવ અંગેસોનગઢ પોલીસ દ્વારા ફરીયાદ નોંધી તાપસ હાથ ધરાઈ છે.

## દવાઓની યાદી, દર્દીઓના પ્રતિભાવ , લાઈબ્રેરી, વિઝિટ બુક અને ફરિયાદ નિવારણ પ્રણાલી સંપૂર્ણપણે ડિજિટલ

# વાળુકડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમા ટેકનોલોજી અને સેવાનો અનોખો સંગમ

## ઓ.પી.ડી., આઈ.પી.ડી., લેબટેસ્ટમાં તેમજ આરોગ્યક્ષેત્રે નવતર પહેલમાં પણ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન, વર્ષ ૨૦૨૫મા ૨૯૦૦૦ કરતાં વધુ દર્દીઓને ઓ.પી.ડી. તથા ૪૭૦૦ કરતા વધુ દર્દીઓને આઈ.પી.ડી.ની સારવાર અપાઈ



ભાવનગર,તા.૩

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાનું વાળુકડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) આજે સરકારી આરોગ્ય સેવાઓ માટે સમગ્ર રાજયમાં એક 'રોલ મોડેલ' બનીને ઉભર્યું છે. 'દર્દી સેવા એ જ પ્રભુ સેવા'ના મંત્રને વરેલા આ કેન્દ્રે જિલ્લાના તમામ આરોગ્ય કેન્દ્રોને પાછળ છોડીને સૌથી વધુ ઓ.પી.ડી. (બહારના દર્દીઓ) ૨૯,૦૦૦ કરતા વધુ, સૌથી વધુ આઈ.પી.ડી. (દાખલ દર્દીઓ) ૪૭૦૦ કરતા વધુ અને સૌથી વધુ લેબટેસ્ટ અંદાજીત ૩૭,૦૦૦ જેટલા લેબ ટેસ્ટ કરવાનો વિક્રમ સ્થાપિત કર્યો છે. જેમાં ડો. રાકેશ ખીમાણી અને ડો. ધવલકુમાર દવેના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાળુકડની ટીમ "દર્દી દેવો ભવઃ" ની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે. આથી વાળુકડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માત્ર સારવાર જ નહીં, પરંતુ આધુનિક ડિજિટલ સુવિધાઓમાં પણ અગ્રેસર છે.

નવતર પહેલના ભાગ રૂપે સમગ્ર રાજયમાં સૌપ્રથમ ડિજિટલ ફીડબેક સિસ્ટમનું અમલીકરણ થતાં પેપરલેસ અભિગમ અપનાવી દર્દીઓ, સ્ટાફ અને આશા બહેનો માટે ડિજિટલ સંતોષ સર્વે શરૂ કરાયો છે. અત્યાર સુધીમાં ૨૦૦૦ થી વધુ લોકોએ ડિજિટલ માધ્યમથી પોતાના પ્રતિભાવો આપ્યા છે. પારદર્શક વહીવટ અંતર્ગત આવશ્યક દવાઓની યાદી (EDL), ડિજિટલ લાયબ્રેરી, ડિજિટલ વિઝિટ બુક અને ફરિયાદ નિવારણ પ્રણાલી સંપૂર્ણપણે ડિજિટલ મોડમાં કાર્યરત છે.

સરકારી માર્ગદર્શિકા મુજબ થતા લેબટેસ્ટના રિપોર્ટ દર્દીઓને છ૪ સાઈઝના પેપર પર પ્રોપર ફોર્મેટમાં આપવામાં આવે છે જે ખાનગી લેબોરેટરી જેવી ગુણવત્તાનો અહેસાસ કરાવે છે.પર્યાવરણ પ્રેમી 'ગ્રીન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુજબ આરોગ્ય કેન્દ્ર દ્વારા પર્યાવરણ જાળવણી માટે લેવાયેલા પગલાં અનન્ય છે. હોસ્પિટલની અંદરના ભાગમાં અને વોશરૂમ્સમાં પણ ખાસ ઈન્ડોર પ્લાન્ટ્સ લગાવીને ઓક્સિજન યુક્ત શુદ્ધ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે.

સૌર ઊર્જા અને જળ સંચય અંતર્ગત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સંપૂર્ણપણે સોલર પેનલથી સજ્જ છે. સાથે જ ભૂગર્ભ જળના સ્તર વધારવા માટે વોટર હાર્વેસ્ટિંગની ઉત્કૃષ્ટ વ્યવસ્થા કરવામાં આવી છે.

વેઈટિંગ એરિયામાં દર્દીઓ માટે ડીજીટલ માહિતી અને આરોગ્ય શિક્ષણની સુવિધા માટે સ્ક્રીન લગાવવામાં આવી છે. જેનાથી સારવારની રાહ જોતા દર્દીઓ આરોગ્યલક્ષી જાગૃતિ મેળવી શકે. આ તમામ નવીન પ્રયોગોને કારણે વાળુકડ પી.એચ.સી. એ દર્દીઓના સંતોષના સ્તરમાં ધરખમ વધારો કર્યો છે.આમ, વાળુકડ પી.એચ.સી. એ સાબિત કર્યું છે કે જો દ્રઢ સંકલ્પ અને આધુનિક અભિગમ હોય તો સરકારી સંસ્થા પણ શ્રેષ્ઠ પરિણામ આપી શકે છે.

# ભાવનગર ગ્રામ્યનો તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૮ જાન્યુઆરીના યોજાશે

ભાવનગર,તા.૦૩

ભાવનગર તાલુકાનો જાન્યુઆરી-૨૦૨૬ના માસનો મુખ્યમંત્રીશ્રી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન આગામી તારીખ ૨૮/૦૧/૨૦૨૬, ને બુધવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે તાલુકા મામલતદાર કચેરી, આઈ.ટી.આઈ.વાળો ખાંચો, વિદ્યાનગર, ભાવનગર ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગરના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું છે. ભાવનગર તાલુકાના પ્રજાજનોને ગ્રામ્યકક્ષાના સરકારી વિભાગોમાં પડતર હોય તેવા વ્યક્તિગત પ્રશ્નો માટે સંબંધિત તલાટી-કમ-મંત્રીને તથા તાલુકા કક્ષાના પ્રશ્નો હોય તે તારીખ ૧૦/૦૧/૨૦૨૬ સુધીમાં મામલતદાર, ભાવનગર (ગ્રામ્ય), ભાવનગરની કચેરીને સાદી અરજીમાં બે નકલમાં પહોંચાડી આપવા મામલતદાર, ભાવનગર (ગ્રામ્ય)ની યાદીમાં જણાવાયું છે.

# બોરડા કે.વ. શાળામાં રાસ-ગરબાનું આયોજન


તસવીર : મથુર ચૌહાણ

બોરડા કેન્દ્રવર્તી શાળાના આચાર્ય દિનેશભાઈ બારૈયાના માર્ગદર્શન હેઠળ આજે રાસ ગરબા સહિત કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેમાં દરેક વિદ્યાર્થી સજી ધજીને ગામઠી વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા. વિધાર્થીઓ અને સ્ટાફ દ્વારા પ્રથમ સરસ્વતી માતાજીની આરતી-પૂજન કરી કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી આ કાર્યક્રમમાં શિક્ષક અને શિક્ષિકા બહેનો સહિત દ્વારા જહેમત ઉઠાવી હતી સ્ટાફ પણ વિધાર્થી સાથે રાસ-ગરબે ઝુમતા વિધાર્થીનો આનંદ બેવડાયો હતો અગ્રણીઓએ સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવી હતી.

# જૈન જાગૃતિ સેન્ટર અને લેડીઝ વિંગ દ્વારા ગરીબોને ગરમ વસ્ત્રોનું વિતરણ



જૈન જાગૃતિ સેન્ટર સેન્ટર બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી તેમજ ભાવનગર જૈન જાગૃતિ સેન્ટર અને લેડીઝ વિંગ દ્વારા આયોજિત અતિ ઠંડી ઋતુમાં જરૂરિયાતમંદ લોકોને માનવ સેવા પરમ ધર્મને ધ્યાન રાખી ગરમ બ્લેન્કેટ સાથે ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવેલ. આ સેવા કાર્યમાં જેજેસી ભાવનગર તેમજ લેડીઝ વિંગના પ્રમુખ તેમજ કમિટી મેમ્બરો ખાસ આ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયા હતા.

# તળાજા તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

ભાવનગર,તા.૩

તળાજા તાલુકા કક્ષાનો જાન્યુઆરી–૨૦૨૬નો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા. ૨૮/૦૧/૨૦૨૬ (બુધવાર)ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મામલતદાર કચેરી, તળાજા ખાતે યોજાશે. આ કાર્યક્રમ પ્રાંત અધિકારી, તળાજાના અધ્યક્ષસ્થાને યોજાનાર છે.

આ કાર્યક્રમમાં તાલુકા તથા ગ્રામ્ય કક્ષાના વિવિધ પ્રશ્નો અંગે અરજદારોની રજૂઆતો સાંભળી યોગ્ય નિકાલ કરવામાં આવશે. કાર્યક્રમમાં પ્રશ્નો રજૂ કરવા ઈચ્છતા અરજદારોને તેમના પ્રશ્નો અંગેના આધાર પુરાવા સાથેની અરજી તા.૧૫/૦૧/૨૦૨૬ સુધીમાં રજૂ કરવાની રહેશે. અરજી "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ"ના મથાળા હેઠળ મામલતદાર, તળાજાને પુરાવા સાથે આપવાની રહેશે. કાર્યક્રમ દરમિયાન સર્વિસ મેટર તથા નીતિ વિષયક બાબતો સિવાયની અરજીઓ સ્વીકારવામાં આવશે. અરજદારે જાતે રૂબરૂ હાજર રહી એક જ વિષયને લગતી રજૂઆત કરવાની રહેશે. સામૂહિક રજૂઆત સ્વીકારવામાં આવશે નહી, તેમ તળાજા મામલતદાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પ્રાકૃતિક ખેતી : જમીન, સ્વાસ્થ્ય અને પર્યાવરણનું સંરક્ષણ કરતી ટકાઉ પદ્ધતિ

## પ્રાકૃતિક ખેતીમાં જીવામૃતનું વિશેષ મહત્વઃ જે જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોને સક્રિય બનાવી જમીનની વધારે છે ફળદ્રુપતા

ભાવનગર,તા.૩

દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશમાં પ્રાકૃતિક ખેતીને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. રાસાયણિક ખાતર અને ઝેરી દવાઓના અતિરેકથી જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય પર થતા પ્રતિકૂળ અસરોને ધ્યાનમાં રાખી, હવે દેશભરમાં કુદરત આધારિત ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. તેના ભાગરૂપે ગુજરાત રાજ્ય સહિત ભાવનગર જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી રહ્યા છે.

ભાવનગર જિલ્લામાં તાલુકા ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપીને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ તાલીમ દરમિયાન દેશી ગાય આધારિત ખેતી પદ્ધતિ, બીજામૃત, જીવામૃત અને ઘનામૃતના ઉપયોગ અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવે છે.

પ્રાકૃતિક ખેતીમાં જીવામૃતનું વિશેષ મહત્વ છે, જે જમીનમાં રહેલા સૂક્ષ્મજીવોને સક્રિય બનાવી જમીનની ફળદ્રુપતા વધારવામાં સહાયરૂપ બને છે.

દેશી ગાય આધારિત ખેતીનો મહિમા પ્રાકૃતિક ખેતીનો આધાર મુખ્યત્વે દેશી ગાય પર છે. દેશી ગાયના ગૌમૂત્ર, ગોબર અને છાસમાંથી તૈયાર થતી વિવિધ કુદરતી દવાઓ જમીનને જીવંત રાખે છે. જીવામૃત અને ઘનામૃતના નિયમિત ઉપયોગથી પાકની વૃદ્ધિ સારી થાય છે, ઉત્પાદન ખર્ચ ઘટે છે અને જમીનની ગુણવત્તા લાંબાગાળે જળવાઈ રહે છે.

### પરંપરાગત જ્ઞાન તરફ વળતા ખેડૂતો

ખેડૂતમિત્રો જણાવે છે કે વર્ષો પહેલા બાપ-દાદાઓ રાસાયણિક દવાઓ વિના ખેતી કરતા હતા. માત્ર કુદરતી વસ્તુઓ અને સ્થાનિક સ્તરે ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને કરવામાં આવતી ખેતીથી જમીન કે માનવ સ્વાસ્થ્યને કોઈ નુકસાન થતું નહોતું. આજના સમયમાં ફરી એકવાર એ જ પરંપરાગત અને વૈજ્ઞાનિક રીતે અસરકારક પદ્ધતિ તરફ ખેડૂતો વળતા જોવા મળી રહ્યા છે.

### પ્રાકૃતિક વસ્તુઓ અને વનસ્પતિઓની ઉપયોગીતા

પ્રાકૃતિક ખેતીમાં કોઈપણ પ્રકારના કેમિકલ વગર ઝાડના પાંદડા, બેસન અથવા દાળનો લોટ, ગોળ, લીમડાના પાંદડા, ગૌમૂત્ર, તાજી છાસ અને પાણીમાંથી તૈયાર થતું અમૃતપાણી પાકના સર્વાંગી વિકાસમાં ઉપયોગમાં લેવાય છે. પાકમાં થનારા હાનિકારક કીડા-કીટકોના નિયંત્રણ માટે પેન્ટાફાઈટર ઉપયોગી સાબિત થાય છે. ગૌમૂત્ર, કડવા લીમડા, તીખા મરચાં અને દેશી લસણમાંથી તૈયાર થતું 'અગ્નિયાસ્ત્ર' ઈયળો અને જીવાતોથી પાકનું અસરકારક રક્ષણ કરે છે.ડાંગર અને તુવેર જેવા પાકોના બીજને પડ આપવા માટે બીજામૃતનો ઉપયોગ કરવામાં આવે છે, જે અંકુરણ ક્ષમતા વધારવામાં મદદરૂપ બને છે. ટકાઉ ખેતી તરફ મજબૂત પગલાં પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, જમીનની લાંબાગાળાની ફળદ્રુપતા, પર્યાવરણનું સંરક્ષણ અને માનવ સ્વાસ્થ્યમાં સુધારો શક્ય બને છે. સરકારના માર્ગદર્શન અને તાલીમથી હવે વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે, જે ભવિષ્યમાં ટકાઉ કૃષિ વ્યવસ્થાનો મજબૂત આધાર બનશે.

# રેવા સરકારી માધ્યમિક શાળાના બાળકોએ કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં માણી પ્રાકૃતિક શિક્ષણ શિબિર



ભવનગર,તા.૦૩

દર વર્ષે ભાવનગર જિલ્લાના ભાલ વિસ્તારમાં વેળાવદર ખાતે આવેલ કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં બાળકોમાં પર્યાવરણ અંગે જાગૃતિ આવે અને આસપાસના પર્યાવરણને ઓળખે તે હેતુથી પ્રાકૃતિક શિક્ષણ શિબિરો યોજાતી હોય છે. જેમાં સરકારી માધ્યમિક શાળા રેવા દ્વારા મંગળવાર તા.૩૦ના પ્રાકૃતિક શિક્ષણ શિબિર લાભ મળ્યો.રેવા સરકારી માધ્યમિક શાળાના ૩૫ જેટલા વિદ્યાર્થીઓએ વનવિભાગ અને શિક્ષકોના માર્ગદર્શન સાથે આ પ્રાકૃતિક શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય ઉદ્યાનમાં એક દિવસની શિબિર કરેલ જેમાં પ્રકૃતિનું શિક્ષણ પ્રાપ્ત કરેલ. વિદ્યાર્થીઓએ કાળિયાર ઉપરાંત વિવિધ યાયાવર પક્ષીઓ વિશે સમજ પ્રાપ્ત કરેલ. અહીયા હેરિયર પક્ષી માટેનું વિશ્વનું સૌથી મોટુંશયન ક્ષેત્ર આવેલ હોય, બાળકોએ અત્રે રાતવાસો કરવા આવતા પક્ષીઓનું નિરીક્ષણ કરેલ. ઘાસના પ્રકારો, પક્ષીઓની ખૂબીઓ, હરણનું જીવનચક્ર વગેરેથી પરિચિત થયેલ.આ રાષ્ટ્રીય ઉદ્યાન તરફથી રહેવા જમવાની સુવિધા આપવામાં આવેલ. આમ, વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ શિક્ષણ મેળવી ધન્યતા અનુભવેલ.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## પુતિનના આવાસ પર 'હુમલો'

વૈશ્વિક રાજકારણની વર્તમાન પરિસ્થિતિમાં જ્યારે યુક્રેન-રશિયા યુદ્ધને સમાપ્ત કરવા માટેના રાજદ્વારી પ્રયાસો ક્યાંક આશાનું કિરણ જગાવી રહ્યા હતા, ત્યારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આવાસ પર કથિત ડ્રોન હુમલાના દાવાએ સમગ્ર દૃશ્યને ફરીથી તણાવપૂર્ણ બનાવી દીધું છે. રશિયાએ બુધવારે પ્રેસ બ્રીફિંગ દરમિયાન વીડિયો ફૂટેજ રજૂ કરીને દાવો કર્યો કે આ હુમલો યુક્રેન દ્વારા કરવામાં આવ્યો હતો, જે તેના ઇનકારને પડકારે છે. જોકે, યુક્રેન આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢે છે અને તેને 'રશિયાનું જાણીતું જૂઠ' ગણાવે છે, જેનો હેતુ શાંતિ વાટાઘાટોને પાટા પરથી ઉતારવાનો અને યુક્રેન પરના હુમલાઓ ચાલુ રાખવા માટે બહાનું પૂરું પાડવાનો છે. આ ઘટનાક્રમ માત્ર બે દેશો વચ્ચેનો વિવાદ નથી, પરંતુ તે વૈશ્વિક શાંતિ અને સુરક્ષાના પ્રયાસો સામે એક ગંભીર સવાલ ઊભો કરે છે. રશિયા-યુક્રેન યુદ્ધ એક દુ:ખદ સંઘર્ષ છે.

રશિયા-યુક્રેન યુદ્ધ એ આધુનિક યુગના સૌથી વિનાશક સંઘર્ષોમાંનો એક છે, જેણે માત્ર બંને દેશોની સરહદો પર જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ પર તેની ઊંડી અસર છોડી છે. આ સંઘર્ષના મૂળિયાં વર્ષો જૂના રાજકીય અને ઐતિહાસિક તણાવમાં છે, પરંતુ ફેબ્રુઆરી ૨૦૨૨ માં રશિયા દ્વારા યુક્રેન પર કરવામાં આવેલા મોટા પાયાના આક્રમણથી યુદ્ધે તેનું સૌથી ભયાવહ સ્વરૂપ ધારણ કર્યું.રશિયાનું મુખ્ય ધ્યેય યુક્રેનની નાટો તરફની ગતિને રોકવાનું અને યુક્રેનને 'ડીમિલિટરાઇઝ' કરીને પશ્ચિમી પ્રભાવથી દૂર રાખવાનું રહ્યું છે. બીજી તરફ, યુક્રેન સ્વતંત્રતા, સાર્વભૌમત્વ અને તેની પશ્ચિમી ઓળખ જાળવી રાખવા માટે અડગ છે. આ યુદ્ધે યુક્રેનના શહેરો અને માળખાકીય સુવિધાઓનો વ્યાપક વિનાશ કર્યો છે. લાખો યુક્રેનિયનો તેમના ઘરો છોડીને આંતરિક રીતે વિસ્થાપિત થયા છે અથવા શરણાર્થી તરીકે પડોશી દેશોમાં આશ્રય લેવા મજબૂર બન્યા છે. નાગરિકોના મૃત્યુ અને માનવતાવાદી સંકટે વિશ્વને હચમચાવી દીધું છે.

પશ્ચિમી દેશોએ રશિયા પર કડક આર્થિક પ્રતિબંધો લગાવ્યા છે અને યુક્રેનને મોટા પાયે સૈન્ય સહાય પૂરી પાડી છે. આ સંઘર્ષે વૈશ્વિક અર્થતંત્ર પર પણ ગંભીર અસર કરી છે, ખાસ કરીને ઊર્જા અને ખાદ્ય પદાર્થોના ભાવોમાં થયેલા વધારાના કારણે. ઘઉં અને કુદરતી ગેસ જેવા મહત્ત્વના સંસાધનોની નિકાસમાં અવરોધ ઊભો થતાં વિશ્વભરમાં મોંઘવારી વધી છે.



# માબાપ થવું આકરું છે. -૫

## ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

● ચાકના આડાઅવળા લીટા આપણી નજરે નિરર્થક છે, જ્યારે બાળકને મન એ ચિત્રો છે.

● આપણું કર્તવ્ય બાળકની દૃષ્ટિ સમજવામાં છે.

● બાળકોને વ્યવસ્થા પ્રિય છે, કારણ મનુષ્યનું માનસ વ્યવસ્થાપ્રીય છે.

● બાળકો કુદરતી રીતે ક્રિયાપ્રિય છે.

બાળકો રમતા હોય કે કોઈ પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેને કશુક પુછતા તેનો જવાબ આપણને ચિત્રવિચિત્ર લાગે છે. તેના જવાબને કાંતો આપણે લક્ષામાં લેતા નથી, કાંતો બાળકની બાલીશતા જોઈ હસી કાઢીએ છીએ. ક્યારેક એવા જવાબોથી આપણે ચિડાઈને બાળકને ધમકાવીએ છીએ, પરંતુ બાળકે એવો જવાબ શા માટે આપ્યો તેનો વિચાર ભાગ્યે જ કરીએ છીએ.

જરાક વિચાર કરીશું તો આ બધી વાતો આપણને બતાવશે કે આપણી અને બાળકની દૃષ્ટિમાં કયાં અને કેવો ભેદ છે. પણ આપણને વિચાર કરવાની નવરાશ નથી કે પરવા નથી. એવી નમાલી બાબતો પર વિચાર કરવાનું પણ શું હોય? આપણી ઉતાવળમાં અથવા મોટાઈમાં આપણે સાંભળ્યું, ન સાંભળ્યું કરીએ છીએ. ઘણી વાર બાળકના આશયને સમજવાને બદલે તેનામાં આપણે પોતાનો વિચાર આરોપીએ છીએ, ને આરોપેલ વિચાર માટે જ તેને ધમકાવીએ છીએ!

બાળક ચાક વાપરે છે તે આપણા મનને બગાડરૂપ લાગે છે. આપણી નજરે ચાકનો ઉપયોગ અમુક જ પ્રકારનો છે. બાળકે કાઢેલા ચાકના આડાઅવળા લીટા આપણી નજરે નિરર્થક છે, જ્યારે બાળકને મન એ ચિત્રો છે; આપણી દૃષ્ટિએ ત્યાં વ્યય છે, બાળકની દૃષ્ટિએ કિંમતી ઉપયોગ છે. બાળકો જોડાથી રમે છે, તેને સરખા કરી મૂકે છે, તેમાં પગ નાખી ચાલે છે, કોઈકના જોડા પહેરી મલકાય છે, ત્યારે આપણને એમાં અસભ્યતા, ગંદાપણું, ખોટો ધંધો વગેરે લાગે છે. બાળકોની સામે જોડાઓ પદાર્થની સરખામણી અને ભેદ જોવાનાં, માપ કાઢવાનાં અને સમતોલતા, અસમતોલતા માપના ખ્યાલો લે છે. પગમાં નાખીને ચાલી જોવામાં પડવાની ને ચાલવાની ગમ્મત લે છે. રમત શરીરના કસબ અનુભવ મળે છે. વાધરી અને બુતાન બીડવા-છોડવામાં આંખ અને આંગળાની કસરત છે.

આમ બાળકની દૃષ્ટિએ તેમની નાની નજીવી પ્રવૃત્તિઓમાં પણ ઘણું છે, જયારે આપણી દૃષ્ટિએ કશું નથી. ખરી વાત આપણી નહિ પણ બાળકની દૃષ્ટિ હોવી જોઈએ. જેને પોતાની આંખ છે, તેને પોતાની દૃષ્ટિ હોવી જોઈએ. જેને પોતાની જીભ છે. તેને પોતાના સ્વાદની પરવા જોઈએ. જેને બુદ્ધિ છે. તેને પોતાની જ બુધ્ધિના વપરાશની કિંમત છે. જેઓ બીજાને પોતાની આંખ આપી બીજાની આંખ બંધ કરે છે, જેઓ પોતાની બુધ્ધિનું આસ્તરણ પાથરી બીજાની બુધ્ધિને ઢાકે છે તેઓ બીજાની ઉન્નતિના દ્રોહી છે. આપણું કર્તવ્ય બાળકની દૃષ્ટિ સમજવામાં છે. બાળકોનો ઉધ્ધાર તેમાં જ છે. બાળકને પણ જગત પ્રત્યે અમુક ચોક્કસ દૃષ્ટિ છે અને તે હોવી જ જોઈએ, એમ જો સ્વીકારીએ, અને પછીથી એ દૃષ્ટિને આડે ન આવીએ પણ તેને સહાનુભૂતિપૂર્વક સમજવા યત્ન કરી તેની પ્રવૃત્તિઓને થવા દઈએ, તો આપણે બાળકને તેની દૃષ્ટિથી સમજશું; તો બાળક આપણી દૃષ્ટિ પણ સમજશે. આ રીતે પરસ્પરની દૃષ્ટીઓ સમજતાં વધારે વિશ્વાસ આવશે, અને પરિણામે વધારે નજીક પણ આવશે અને તેથી જ વધારે આગળ વધાશે.

બાળકોને શું ગમે છે? વ્યવસ્થા કે અવ્યવસ્થા? શાંતિ કે ઘોંઘાટ? કામ કે નિષ્ક્રિયતા? લોકો એમ માને છે કે બાળકોને અવ્યવસ્થા ગમે છે કારણ કે તેઓ અવ્યવસ્થિત રહે છે તે અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે; પરંતુ તે માન્યતા ખોટી છે. બાળકોને વ્યવસ્થા પ્રિય છે, કારણ મનુષ્યનું માનસ વ્યવસ્થાપ્રીય છે. અવ્યવસ્થામાં તે ગૂંગળાય છે, મૂંઝાય છે; તેને અવ્યવસ્થામાં કાંઈ સૂઝતું નથી. આપણે સુવ્યવસ્થિત વાતાવરણ કરી આપતા નથી, ને બાળક બિચારું નાનું હોવાથી મોટી અવ્યવસ્થા વ્યવસ્થિત કરી શકતું નથી; માટે તેને મૂંઝાતા, અકળાતા જેમતેમ અવ્યવસ્થામાં જીવવાનો રસ્તો શોધી કાઢવાનો રહે છે. ને તેને જ આપણે બાળકની અવ્યવસ્થા કહીએ છીએ! બાળકની અવ્યવસ્થા એ તો એ બિચારાની મૂંઝાયેલ સ્થિતિ છે, અને આપણા અવ્યવસ્થિત વાતાવારનામાંથી તે ઉત્પન્ન થયેલી હોય છે!

લોકો એમ માને છે કે બાળકોને ઘોંઘાટ ને ગડબડ પ્રિય છે; બાળકોને શાંતિ ગમે જ નહિ ને શાંત બેસતાં આવડે પણ નહિ, કારણ બાળક ચંચળ છે. પણ તે માન્યતા ખોટી છે. બાળક ઘોંઘાટ અને ગડબડથી બહું મૂંઝાય છે, તેના નાના નાના જ્ઞાનતંતુઓ મોટા અવાજથી બહુ અકળાય છે; તેના પર ખુબ તાણ પડે છે. રોજ કેટલાયે અર્થ વગરના અવાજો તેના કાન પર નિર્દયતાથી અથડાયા જ કરે; શેરીના ને ઘરનાં માણસો ખૂબ જોરથી વાતો કરતાં જ હોય; આજુબાજુમાં માણસો રાડો પાડતાં જ હોય; માણસો બારણાં ભટકાવતા જ હોય, વાસણો ખખડાવતાં જ હોય; ને તે પણ બધું કારણ વગર, અર્થ વગર! બાળકનું મગજ આ ઘોંઘાટથી ખવાઈ જાય છે. આવી ધમાલમાં પોતાને બીજાં સાંભળે માટે તેને પોતાનો નાનો અવાજ પણ ખૂબ તાણવો પડે છે; ગળું દુખવવું પડે છે. પણ બિચારું શું કરે? અવાજ, ગડબડ અને ઘોંઘાટમાં જીવવાનો રસ્તો તેણે શોધવો જ રહ્યો; ને તે શોધી લે છે કે ઘોંઘાટ કે ગડબડ સહન કરવી એ જ તેનો રસ્તો છે. તેના જ્ઞાનતંતુઓ થાકી જાય છે જ.

લોકો એમ માને છે કે બાળકોને કામ કરવું ગમતું જ નથી માટે બાળકો પાસે પરાણે કામ કરાવવું જોઈએ; પણ આ માન્યતા તદ્દન ખોટી છે. બાળકો કુદરતી રીતે ક્રિયાપ્રિય છે. પણ આ મોટાઓના જગતમાં તેમને કામની સગવડ મળતી નથી, તેમને માટે યોગ્ય એવાં સાધનો મળતાં નથી, તેમને માટે સ્થળ મળતું નથી. મોટાંઓની ગમે ત્યારે રાડ પડશે જ: "આ શું કરે છે? ત્યાં શું કામ અડ્યો? આ શું કામ લીધું?" તેને એવા અકસ્માતો વચ્ચે જ ક્રિયા કરવી રહી એટલે તે આસ્તે આસ્તે નિષ્ક્રિયતાપ્રિય થતું જાય તો શી નવાઈ? બાળકમાં અવિશ્વાસ રાખવાવાળા તો ક્યાંથી જ જોઈ શકે કે બાળકોને શું શું આવડે ને કેટલું તેઓ કરી શકે?

બીજું જે ફાવે, જે ગમે કે જેમાં સૂઝ પડે તે કરવાની સગવડ મળે નહિ, અને ન ફાવે, ન ગમે, ન સુઝે તે ફરજીયાત કરવું પડે: તો તેવું કરવા કરતાં બાળકો ન કરવાનું પસંદ કરે તો શી નવાઈ? તેથી મોટાંઓ માને છે કે બાળકોને કામ ન ગમે. આ કારણે બાળકોમાં કેટલી અમાપ ક્રિયાશક્તિ રહી છે તેનાથી તેઓ અજ્ઞાત જ રહી જાય છે.

ફેશનના નામે બાળકોના કપડામાં પાછળના ભાગે બુતાન-હુક લગાવેલા હોય છે, તેથી જયારે જયારે કપડા પહેરવા હોય ત્યારે બાળકોએ માબાપનું શરણ લેવું પડે છે. હાથ હોવા છતાં-જાતે પહેરવાની હોશ હોવા છતાં બાળક અપંગ બની રહે છે. તેણે ગુલામી સહેવી પડે છે. ફરાક ભીનું થાય કે કોઈ અકસ્માત થાય ત્યારે બાળક પોતાની જાતે કાઢી શકશે નહીં. હુક અને બુતાન બીડવામાં આંખ અને આંગળાની કસરત થાય છે. તેનું મન તેમાં જોડાય છે.

ડાહ્યા-સમજુ લોકોએ ફેશનનો મોહ છોડી સગવડ અને શોભીતું સ્વીકારી બાળકની સગવડ વગેરેનો અભ્યાસ કરીએ, અને તેમને બંધબેસતું કરાવી દઈએ. નાના બાળકો પણ પ્રથમ દૃષ્ટિએ પોતાને ફાવતું ન ફાવતું, ગમતું સમજી શકે છે. તેની પાસે તેમને જોઈતું નક્કી કરાવીએ, અને ફેશનને નામે આપણે તેમને ન અપાવીએ.

## કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ અઠવાડિયે વિશેષ ધ્યાન સાથે વાહન ચલાવો. તમારી આંખો અને કાન ખુલ્લા રાખો, ખાસ કરીને તીક્ષ્ણ વારા અને ચોરસ પર, નહીં તો તમે અકસ્માત થઈ શકો છો. પૂર્વજોની સંપતિ, જમીન, સંપત્તિ, નીતિ, વગેરે જેવા તમારા પાછલા કોઈપણ રોકાણોને લીધે, આ અઠવાડિયે તમારી આવક વધશે. આવી સ્થિતિમાં, તમે સારી યોજનામાં ફરીથી તે નાણાંનું રોકાણ કરવાનું પણ નક્કી કરી શકો છો. જો તમે તમારા મોટા ભાઈ-બહેનો પાસેથી કોઈપણ પ્રકારની આર્થિક સહાય માંગી હોત, તો તમને તેમાં પ્રતિકૂળ પરિણામો મળશે. શક્ય છે કે તમારી બહેનપણીઓ તમારી નબળી આર્થિક સ્થિતિને ટાંકીને તમને કોઈપણ પ્રકારની સહાય આપવાનો ઇનકાર કરે.આ અઠવાડિયે, તમારા વધુ સારા કામકાજ અને કાર્ય ક્ષમતાને જોતા, તમારી નીચે કામ કરતા કામદારો તમારાથી ખૂબ પ્રભાવિત થશે. જેની તમને તેમની પ્રશંસા પણ મળશે અને તમે તેમની સાથે તમારો વ્યવસાય વધારવાનો વિચાર કરતા જોશો. આની સાથે, તમને બજારમાં તમારું નામ અને ખ્યાતિ મેળવવાની ઘણી તકો પણ મળશે. તમારી સાપ્તાહિક કુંડળી અનુસાર, આ અઠવાડિયે તમારી રાશિના વિદ્યાર્થીઓ માટે ઘણી ઉપહાર લાવી શકે છે. જો કે, તમારા જીવનની મધ્યમાં, એવા ઘણા પ્રસંગો બનશે જ્યારે તેઓ ઓછી મહેનત પછી પણ તેમના શિક્ષણમાં વધુ ગુણ પ્રાપ્ત કરી શકશે.

**વૃષભ - (બ, વ, ઉ)**આ અઠવાડિયે તમારા મગજમાં નકારાત્મક વિચારો પ્રભાવિત થશે. જેના કારણે ભલે તમારું કંઈક સારું થાય, તો પણ તમે તેને નકારાત્મક દૃષ્ટિકોણથી જોશો. પરિણામે, તમે તમારી જાતને ઘણી સારી અને લાભકારક તકોથી વંચિત કરી શકો છો. તેથી, તમારા સ્વભાવમાં સુધારો. આ માટે, તમે યોગ અને ધ્યાનનો આશરો પણ લઈ શકો છો. આ અઠવાડિયામાં તમને પૈસાની ખોટ થવાની સંભાવના છે, તેથી દરેક પ્રકારના વ્યવહારથી સંબંધિત બાબતોમાં પોતાને શક્ય તેટલું સજાગ રાખો. કારણ કે ફક્ત આ કરવાથી તમે તમારી તરફેણમાં ઘણી પ્રતિકૂળ પરિસ્થિતિઓ કરી શકો છો. આ અઠવાડિયે તમારે તમારી વાણી અને તમારા શબ્દોને નિયંત્રિત કરવાની વિશેષ જરૂર રહેશે. કારણ કે ભય છે કે આ સમયગાળા દરમિયાન કુટુંબના કોઈ સભ્ય સાથે વાત કરતી વખતે, તમારે કંઈક કહેવું જોઈએ જેથી તેઓ તમારી વાતનો ગેરસમજ કરે અને તમારી સાથે ઝઘડો કરે. વ્યવસાયિક ધોરણે, આ રાશિ તમારી રાશિના જાતકો માટે ખૂબ સારો રહેવાની સંભાવના છે. કારણ કે આ સમયે તારાઓ સંપૂર્ણપણે તમારા પક્ષમાં હશે. જેથી તમે તમારા વ્યવસાય અને કારકિર્દીમાં ઘણા ભાગ્ય અને કિસ્મત મેળવશો. જો તમે આ અઠવાડિયે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છો, તો સમય તમારા માટે ખાસ અનુકૂળ રહેશે. આ હોવા છતાં, આ સમય દરમિયાન તમારે પહેલાં કરતાં વધુ સખત મહેનત કરવાની જરૂર રહેશે, કારણ કે માત્ર ત્યારે જ તમને સારા પરિણામ મળશે. આવી સ્થિતિમાં, આ સમયનો શ્રેષ્ઠ લાભ લઈ, વિષયોને સમજવાનો પ્રયાસ કરો.

**મિથુન-(ક,છ,ઘ) :-**આ અઠવાડિયામાં તમને કામની સાથે સાથે તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે થોડો સમય લેવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ સમય તમારા સ્વાસ્થ્ય માટે વધુ સારો લાગે છે. આ સાથે, આ અઠવાડિયાના મધ્યમાં તમારા પર વર્કલોડ વધી શકે છે. પરંતુ તમે આ ક્ષેત્રના દબાણને તમારા મગજમાં દબાવવા નહીં દે. આ સપ્તાહ એવા લોકો માટે ખાસ સફળતા લાવશે જેઓ કોઈપણ પ્રકારના શેર બજારમાં રોકાણ કરે છે. કારણ કે આ સમય દરમિયાન તેઓને એવા ્રોતથી પૈસા કમાવાની તક મળશે કે જ્યાંથી તેમને સ્વપ્નમાં પણ અપેક્ષા નહોતી. જો કે, શોર્ટકટ્સને કારણે મોટું રોકાણ ન કરો, નહીં તો આ નફો પણ નુકસાનમાં ફેરવી શકે છે. આ અઠવાડિયે કૌટુંબિક મુદ્દાઓમાં, બહારના લોકોની અનિચ્છનીય દખલ તમારા અને પરિવારના વૃદ્ધ સભ્યો વચ્ચે તણાવ પેદા કરી શકે છે. જેની અસર સીધી તમારા શબ્દોને અસર કરશે.તમારા વ્યવસાયિક ક્ષેત્રમાં, તમારે ઘણા અવરોધોનો સામનો કરવો પડશે, જેના કારણે તમારા માટે બહાર નીકળવું સરળ બનશે નહીં.

**કર્ક - (ડ, હ) :-** તઆ સમયે તમારે સમજવાની જરૂર રહેશે કે માનસિક શાંતિ માટે શરીરને દબાણ આપવાને બદલે, તાણના કારણને ધ્યાનમાં લેવું તે યોગ્ય છે. અને આ તથ્યને સમજીને તમારે આ અઠવાડિયે પોતાને તાણ મુક્ત રાખવાનો પ્રયાસ કરવો પડશે. આ અઠવાડિયે, તમે ઝડપી પૈસા કમાવવા માટે કોઈ પ્રકારનો શોર્ટકટ અપનાવી શકો છો, જેથી તમે કોઈ પણ કારણ વિના ગેરકાયદેસર કેસોમાં ફસાઈ શકો. આના પરિણામ રૂપે, તમારી છબીને નુકસાનની સાથે, તમારે વધારાના પૈસાની ખોટ સહન કરવી પડશે. આ રાશિના લોકો આ અઠવાડિયામાં તેમના પરિવારના સભ્યો સાથે સમાધાન કરવાનો પ્રયત્ન કરશે. સંભવ છે કે તેમને પણ આમાં સંપૂર્ણ સફળતા મળશે. પરિણામે, તેઓને પરિવાર સાથે સારો સમય વિતાવવાની અને ઘરેલુ મુદ્દાઓ પર સલાહ આપવાની તક મળશે. તમે આ સમયે ઘરના નાના સભ્યો સાથેના તમારા સંબંધોમાં સુધારો કરી શકશો.આ કાર્યસ્થળ પર તમારી કાર્યક્ષમતાને અસર કરશે, સાથે સાથે સિનિયરોનું દબાણ વધારશે. તમારી કુંડળી સૂચવે છે કે જે વિદ્યાર્થીઓ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહ્યા છે તેઓને આ અઠવાડિયે સફળતા મળશે.

**સિંહ - (મ, ટ) :-** કાર્યસ્થળ પર આ અઠવાડિયે તમારે તમારી લાગણીઓને ખાસ કરીને તમારા ક્રોધ પર નિયંત્રણ રાખવાની જરૂર રહેશે. કારણ કે કોઈ સાથીદાર દ્વારા તમારી છેતરપિંડી થઈ શકે છે, જેથી તમે તેમની સાથે લડી પણ શકો. પરિણામે, તમારી છબીને નુકસાન થશે એટલું જ નહીં, તમારી લાગણીઓને કાબૂમાં રાખતા નથી, તમે તેમની સાથે અભદ્ર ભાષાનો ઉપયોગ પણ કરી શકો છો. આ અઠવાડિયે, તમે સમજી શકશો કે માત્ર મુજબનું રોકાણ ફળદાયી છે. તેથી, આ સમયે પણ, તમારે યોગ્ય સ્થાન પર ઘણાં બધાં વિચારો અને સમજણનું રોકાણ કરવાની જરૂર રહેશે. આ માટે, જો તમારા મનમાં કોઈ પણ પ્રકારની શંકા છે, તો તમે કોઈ અનુભવી અથવા વૃદ્ધ વ્યક્તિની મદદ લઈ શકો છો. તમને આ અઠવાડિયે સમાજમાં સન્માન મળશે, જો કે આ સમયમાં તમારા ભાઈ-બહેનોનું સ્વાસ્થ્ય નબળું રહેશે. જેના પર તમારે તમારા કેટલાક પૈસા ખર્ચ કરવા પડશે. પરંતુ આ સમય દરમિયાન, તમે તમારા પરિવારની બધી જવાબદારીઓનું ધ્યાન રાખશો, તમને ઘરમાં માન આપશે.

**કન્યા - (પ, ઠ, ણ) :-** જો તમને દમની સમસ્યા છે, તો તમારા ઇન્હેલરને નજીક રાખો. ઉપરાંત, આરોગ્ય સુધારવા માટે, તમારે યોગ અને ધ્યાનનો આશરો લેવો જોઈએ, કારણ કે આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્યમાં ઘણા બધા સુધારા લાવશે. પરંતુ આ માટે તમારે શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની જરૂર પડશે, જ્યારે તમારી જાતને તમારા આરામ ક્ષેત્રમાંથી બહાર કાડો. આ અઠવાડિયામાં વેપારીઓ પૈસા સાથે સંબંધિત દરેક નિર્ણય લેતી વખતે ખૂબ કાળજી લેવાની જરૂર છે. કારણ કે તમે જે સોદાની અપેક્ષા રાખતા હતા કે તમે પૈસા મેળવશો, થોડી બેદરકારી તમને નુકસાન પહોંચાડી શકે છે. તેથી લેવડદેવડ સમયે દરેક દસ્તાવેજને ધીરજથી કાળજી લો અને વાંચો. આ અઠવાડિયે, તમારા પરિવારના બાળકો તમારા અથવા ત્રીજા અથવા બાહ્ય સભ્યની સામે અપમાનજનક અથવા અભદ્ર વર્તન કરતા જોશે. જેના કારણે અન્યની સામે તમારું અપમાન થવું પડી શકે છે. જો કે, બાળકોને શિક્ષા કરવાને બદલે, તેમની સાથે બેસીને, તેમને મનાવવાનો પ્રયાસ કરવો આ સમયે તમારા માટે સારું રહેશે.ભાગીદારીમાં વ્યવસાય કરનારા આ રકમના વતની, તેમને આ સમયગાળા દરમિયાન તમામ પ્રકારના ભૂતકાળના નુકસાનમાંથી બહાર આવવામાં મદદ કરશે.

**તુલા - (ર, ત) :-** જો તમે કોઈ સમસ્યાથી પરેશાન છો, તો આ અઠવાડિયે તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. જો કે, યોગ બની રહ્યા છે કે તમારે કોઈ કારણસર મુસાફરી કરવી પડી શકે છે, જેના કારણે તમને થોડીક થાક અને તાણનો અનુભવ થશે. તેથી, તમારા માટે તે વધુ સારું રહેશે કે હવે, કોઈપણ યાત્રા પર જવાનું ટાળો અને તમારા શરીરને વધુને વધુ આરામ આપો. તમને આ અઠવાડિયે પૈસા મળશે, પરંતુ તમે તમારા મનોરંજન પાછળ વધુ પૈસા ખર્ચતા જોશો. જેના કારણે તમારા હાથમાંથી પૈસા છૂટી જશે, જ્યારે તમને કોઈ ખ્યાલ આવે, તો સંભવ છે કે તે મોડું થશે. તેથી તમારા માટે આ સમયે તમારા નાણાં બચાવવા સૌથી મહત્વપૂર્ણ રહેશે. તમારા બાળકના ઇનામ વિતરણ સમારોહ ના બુલાવા, તમારા અને પરિવાર માટે આનંદની લાગણી હશે.આ રાશિના મૂળ લોકોને આ અઠવાડિયામાં પોતાને માટે પુષ્કળ સમય મળશે. પરંતુ તમે તેનો ઉપયોગ કરવાને બદલે તેનો વ્યય કરી શકો છો. તેથી તમે તમારા કેટલાક કાર્યોને પહોંચી વળવા માટે આ સમયનો ઉપયોગ કરી શકો છો. શિક્ષણની કુંડળી મુજબ, આ અઠવાડિયે તમારી રાશિના વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે ઘણી તકોથી વંચિત રહી શકે છે.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ અઠવાડિયે, તમારા સ્વાસ્થ્ય પર વધારે પડતું નિર્ભર ન થાઓ અને તમારા સ્વાસ્થ્યને સુધારવાનો પ્રયાસ કરો. કારણ કે તમે પણ આ વાતને ખૂબ સારી રીતે સમજો છો કે નસીબ પોતે ખૂબ જ આળસુ છે. તેથી, સારા સ્વાસ્થ્ય તરફ પણ તમારા પ્રયત્નો રાખો. આ અઠવાડિયે, વેપારીઓએ જેઓ તમારી પાસે ઉધાર લેવા આવે છે તેમને અવગણવાની કાળજી લેવી પડશે. કારણ કે જો તમે ઉધાર લેશો, તો તમને થોડા સમય માટે પૈસાની કમી આવવાનું શરૂ થશે, જેના કારણે તમે ઘણી સારી તકોનો લાભ લેવાથી વંચિત રહી શકો છો. તમારા અંગત જીવનમાં લીધેલા કોઈપણ મોટા નિર્ણયમાં તમને તમારા પરિવારનો સહયોગ મળશે નહીં.એવી આશંકા છે કે તમે તમારા બેદરકાર સ્વભાવને લીધે ક્ષેત્ર સાથે સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ દસ્તાવેજો ગુમાવી શકો છો. જેના કારણે ઘણા કાર્યો વચ્ચે અટવાઈ શકે છે. આ સાથે, શક્ય છે કે તમારા વરિષ્ઠ અધિકારી પાસેથી ઘણા મોટા કાર્યોની જવાબદારી લીધા પછી, તમે બીજી વ્યક્તિને સોંપી શકો. સમય, ખાસ કરીને આ અઠવાડિયે, વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** તમારા સ્વાસ્થ્ય જીવન માટે આ સપ્તાહ અનુકૂળ લાગે છે. કારણ કે આ સમયે તમને કોઈ મોટી બીમારી ન થવાની સંભાવના છે, તેથી વધુ સારી તંદુરસ્તીનો આનંદ લો અને નિયમિતપણે વિટામિન-સી સમૃદ્ધ ખોરાક ખાઓ. આ અઠવાડિયે, તમારા પરિવારની જમીન અથવા સંપત્તિમાંથી તમને અચાનક પૈસા મળે તેવી સંભાવના જણાશે. પરંતુ આ સમય દરમિયાન, ઉત્સાહિત થયા પછી પણ તમારા હોશ ન ગુમાવો. નહીં તો તમારો લાભ મોટો નુકસાનમાં ફેરવી શકે છે. તમારા નાના ભાઈ-બહેનોને આ અઠવાડિયે તેમના જીવનના દરેક ક્ષેત્રમાં ઘણી સફળતા મળી શકે છે. કારણ કે જો તે બેરોજગાર હતો, તો તેની નોકરી મેળવવાની શક્યતા ઊભી થઈ રહી છે. તે જ સમયે, જો તેઓ કોઈ કામ કરે છે, તો આ સમયે તેમની પદોન્નતીની સંભાવના પણ છેકારકિર્દીની દ્રષ્ટિએ આ સમયગાળા દરમિયાન, તમારે પાછળથી કોઈપણ કાર્યને ટાળીને બિનજરૂરી વિલંબથી બચવું પડશે. કારણ કે માત્ર ત્યારે જ તમે મેદાનમાં તમારા સિનિયરોનું સમર્થન અને પ્રશંસા પ્રાપ્ત કરી શકશો. વિદ્યાર્થીઓએ સમજવાની જરૂર રહેશે કે અઠવાડિયાના અંતમાં શિક્ષણથી સંબંધિત દરેક કાર્યને મુલતવી રાખવું તે યોગ્ય નથી. કારણ કે એક અઠવાડિયા આંખના પલકારામાં અદૃશ્ય થઈ જાય છે, જેના પછી તમને સમયના અભાવે મુશ્કેલી પડી શકે છે. તેથી, આળસ તમારા પર હવે વર્ચસ્વ ન દો અને બાકીના કાર્યોને ઝડપથી પૂર્ણ કરવાનો પ્રયાસ ન કરો.

**મકર - (ખ, જ) :-** જો તમે ઇચ્છો છો કે તમારું શરીર સ્વસ્થ રહે, તો આ અઠવાડિયામાં તમારે નિયમિતપણે ફળોનું સેવન કરવું જોઈએ. આ સાથે, સવારે ઉદ્યાનમાં વોકિંગ આ સમયે તમારા સ્વાસ્થ્યને જાળવવામાં પણ મદદ કરી શકે છે. આવી સ્થિતિમાં, ધ્યાન આપીને, સારા સ્વાસ્થ્યનો આનંદ માણો. આ અઠવાડિયે કોઈપણ અનિચ્છનીય મહેમાનને ઘરે પછાડવું તમને પરેશાન કરશે. કારણ કે તેમની સુખાકારીથી તમને ઘણા પૈસા ખર્ચ થઈ શકે છે, જેના કારણે તમારે બેથી ચાર આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડશે. આ અઠવાડિયે, તમે તમારા પરિવારના સભ્યોના સ્વાસ્થ્યની સંપૂર્ણ કાળજી લેતા જોશો. આવી સ્થિતિમાં, જો કોઈ પારિવારિક વિવાદ ચાલે છે, તો તે પણ આ સમય દરમિયાન સંપૂર્ણ રીતે દૂર થઈ જશે, જે તમને ઘરે સ્વાદિષ્ટ ખોરાક ખાવાની તક આપશે. તેથી, તમારા ક્રોધને નિયંત્રણમાં રાખવું, અને તમારા જીવનસાથી સાથે બેસવું અને દરેક વિવાદને પરસ્પર સમજણથી સમાધાન કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. આ અઠવાડિયે, ભાગીદારીના કોઈપણ પ્રકારનાં વ્યવસાયમાં કામ કરતા વેપારીઓને તેમના ભાગીદારો સાથે કામ કરતી વખતે યુક્તિ અને દંડ બતાવવાની જરૂર રહેશે. નહીં તો તેઓ તમને કોઈ રીતે ચીટ પણ આપી શકે છે. તમારી સાપ્તાહિક કુંડળી સૂચવે છે કે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓ માટે આ સમય ખાસ સારો રહેશે. કારણ કે આ સમય દરમિયાન તમે દરેક વિષયને સમજી શકશો.

**કુંભ- (ગ, શ, ષ, સ) :-**આ રાશિના તે જાતકો જેમણે ૫૦ વર્ષની વટાવી લીધી છે, તે આ સમયગાળા દરમિયાન કેટલાક સમય માટે નર્વસ સિસ્ટમ અને પાચન સંબંધિત તેમની અગાઉની સમસ્યાઓથી છુટકારો મેળવશે. કારણ કે તેઓ સારી દિનચર્યાઓ અપનાવે છે, તેથી તે આ સમસ્યાઓ દૂર કરવામાં મદદ કરશે. આર્થિક દ્રષ્ટિકોણથી, આ સપ્તાહ તમને પૈસા સંબંધિત બાબતોમાં સામાન્ય પરિણામો કરતાં વધુ સારું આપશે. કારણ કે સરેરાશ એવા નિર્માણ કરવામાં આવી રહ્યા છે કે આ જથ્થાના લોકોને તેમની કામગીરી અનુસાર, પદોન્નતી મળશે, અને ઘણા જાતકના પગારમાં વધારો થવાની સંભાવના પણ છે. આવી સ્થિતિમાં, આ સારા સમયનો યોગ્ય લાભ લેશો, દરેક તકમાંથી પૈસા કમાવવા તરફ તમારા પ્રયત્નો કરતા રહો. પરિવારના નાના સભ્યો સાથે આ અઠવાડિયે સમય વિતાવવો તમારા માટે ખાસ કરીને સારો રહેશે. કારણ કે તેમની સાથે સમય પસાર કરવાથી તમે ખૂબ તાજું અનુભવો છો અને તે જ સમયે, તે તમને તેમના જીવન સાથે સંબંધિત ઘણી પરિસ્થિતિઓ વિશે જાણવાની તક પણ આપશે. આ સમયે તમે તેમને કોઈપણ સમસ્યાથી દૂર કરવામાં સફળ થશો, જેનાથી પરિવારમાં તમારું માન વધશે. આ સમય તમારી કારકિર્દીમાં તમને પ્રગતિ લાવશે, પરંતુ તમને સલાહ આપવામાં આવે છે કે ધૈર્ય ગુમાવશો નહીં અને ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેશો.

**મીન-(દ, ચ, ઝ, થ) :-** સારા સ્વાસ્થ્ય માટે તમે છેલ્લા અઠવાડિયામાં જે સખત મહેનત કરી હતી, આ અઠવાડિયામાં તેના કરતા ઓછા પ્રયત્નો કર્યા પછી જ તમને સ્વસ્થ જીવન મળશે. કારણ કે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ આ સમયમાં, તમને ખૂબ નસીબ મળશે. જે નોકરી ધંધામાં કોઈ પણ કારણોસર હજી સુધી પગાર લેવામાં આવ્યો ન હતો, તેઓ આ અઠવાડિયામાં ધનના અભાવને કારણે ખૂબ જ પરેશાન થઈ શકે છે. આ માટે, શક્ય છે કે તેઓએ તેમની અને તેમના પરિવારની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે બેંક અથવા અન્ય સંસ્થા પાસેથી ઊંચા દરે લોન લેવી પડશે. આ અઠવાડિયે શક્ય છે કે પરિવારમાં અન્ય સભ્યો વચ્ચે પારિવારિક ઝઘડો થઈ શકે છે, જેના કારણે કૌટુંબિક શાંતિ પણ ખલેલ પહોંચાડી શકે છે. જો કે, આ સમય દરમિયાન તમને સૂચના આપવામાં આવે છે કે અન્યની બાબતમાં દખલ ન કરો, નહીં તો તમે તેમના વિવાદમાં ફસાઈ શકો છો.તમારા કાર્યકરો અને તમારી પ્રગતિ જોઈને તમારા સાથીદારો તમને ઈર્ષા કરી શકે છે તેવી આશંકા છે. જેના કારણે તમને તેમનો ટેકો મેળવવામાં મુશ્કેલી આવી શકે છે. વિચાર અને કપડાં માણસનું વ્યક્તિત્વ પ્રતિબિંબિત કરે છે, આવી સ્થિતિમાં તમારા માટે શાળા અથવા કોલેજમાં જતા સમયે વિશેષ કાળજી લેવી વધુ સારું રહેશે. અન્યથા તે તમારી છબીને નુકસાન પહોંચાડી શકે છે.તમારી ચંદ્ર રાશિના છઠા ભાવમાં કેતુદેવ સ્થિત હશે અને એના પરિણામસ્વરૂપ ,પાછળ ના અઠવાડિયામાં તમારે સારા આરોગ્ય માટે જેટલી મેહનત કરવી પડી રહી હતી.



## કોઈ પાર્ટી નહીં, કોઈ ધૂમ નહીં, વિદ્યા બાલને પોતાનો ૪૭મો જન્મદિવસ ખાસ રીતે ઉજવ્યો

મુંબઇ,

નવા વર્ષના પહેલા દિવસે, બોલીવુડની સૌથી શક્તિશાળી અભિનેત્રીઓમાંની એક, વિદ્યા બાલને પોતાનો જન્મદિવસ ખૂબ જ ખાસ રીતે ઉજવ્યો. ૧ જાન્યુઆરીએ, વિદ્યાએ પાપારાઝી સાથે કેક કાપીને પોતાનો જન્મદિવસ ઉજવ્યો. વિધિ દરમિયાન વિદ્યા બાલન ભવ્ય કાળા પોશાકમાં જોવા મળી હતી. તે આ પ્રસંગે ખૂબ જ ખુશ દેખાઈ રહી હતી. કેક કાપતી વખતે, બધાની તાળીઓ અને શુભેચ્છાઓ વચ્ચે, વિદ્યાએ બધાનો આભાર માન્યો અને ફોટા પડાવ્યા.

વિદ્યા બાલનની ફિલ્મ યાત્રા તેના વ્યક્તિત્વ જેટલી જ ખાસ રહી છે. ૨૦૦૫માં "પરિણીતા" સાથે હિન્દી સિનેમામાં પ્રવેશ કરતી વખતે, વિદ્યાએ તેની પહેલી જ ભૂમિકાથી સાબિત કર્યું કે તે લાંબા અંતરની દોડવીર છે. ત્યારબાદ, "કહાની", "પા", "તુમ્હારી સુલુ", "ભૂલ ભુલૈયા" અને "ધ ડર્ટી પિક્ચર" જેવી ફિલ્મોમાં તેણીએ એવા પાત્રો ભજવ્યા જે સ્ત્રી પાત્રોને ફરીથી વ્યાખ્યાયિત કરે છે. ૨૦૧૧માં રિલીઝ થયેલી "ધ ડર્ટી પિક્ચર" માં તેણીનો અભિનય આજે ખાસ યાદ કરવામાં આવે છે.



# રાહાના જન્મ પછી હું વર્ષની એક ફિલ્મ કરીને ખુશ છું : આલિયા ભટ્ટ

### મારે હવે બાળક છે એટલે કામની ગતિ અને સંખ્યા બંનેમાં બિલકુલ ઘટાડો થયો છે. પરંતુ આ ગતિ મને ફાવી ગઈ છે અને એમાં હું ખુશ છું

મુંબઈ, તા.૧

આલિયા ભટ્ટે દિકરી રાહાને જન્મ આપીને તરત જ કામ શરૂ કરી દીધું હતું. જોકે તે ઘણા સમયથી અર્થપૂર્ણ રોલને પ્રાથમિકતા આપી રહી છે. આલિયા સહિતનાં એક્ટર્સે સાબિત કર્યું છે કે માતૃત્વ તેમની મહત્વાકાંક્ષાની ગતિને ધીમી પાડી શકતું નથી. આલિયાએ ૨૦૨૨માં દિકરી રાહાને જન્મ આપ્યો છે. તેણે તાજેતરનાં ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે પોતાના કામની ઝડપ ઘટાડી દીધી છે અને કામ પણ થોડું ઓછું કરી નાખ્યું છે, છતાં તેનો ફિલ્મો માટેનો પ્રેમ અકબંધ છે. આલિયાએ કહ્યું કે માતા બન્યા પછી કામ માટેનો તેનો અભિગમ બદલાયો છે, "મારે હવે બાળક છે એટલે કામની ગતિ અને સંખ્યા બંનેમાં બિલકુલ ઘટાડો થયો છે. પરંતુ આ ગતિ મને ફાવી ગઈ છે અને એમાં હું ખુશ છું. મને મારી બધી જ ઉર્જા સાથે એક જ ફિલ્મ પર ધ્યાન આપવામાં મજા આવે છે. આ પહેલાં હું એક સાથે બે-ત્રણ ફિલ્મ કરતી હતી, પરંતુ હવે મારે એ જોઈતું નથી."આલિયાએ માતા બન્યા પછીની તેની આવનારી એક્શન ફિલ્મ આલ્ફા વિશે પણ વાત કરી. તેણે જણાવ્યું, "બાળકને જન્મ આપ્યા પછી એક્શન સીન કરવા એ રસપ્રદ વાત હતી કારણ કે એનાથી મને એ પણ સમજાયું કે મારી શરીર કેટલું સક્ષમ છે. મારા માટે પણ નવુ શીખવા-જાણવાનો સમય હતો તેનાથી મારા શરીર માટે મારું માન વધી ગયું."આલિયાએ અનેક વખત વિવિધ ઈન્ટરવ્યુ અને ચર્ચામાં રાહા વિશે વાત કરી છે, તે કેટલી વાતોડી અને રમતિયાળ છે અને તે રનબીરથી કેટલી નજીક છે. અગાઉ મહેશ ભટ્ટે પણ કહ્યું હતું કે તેઓ રાહાને કામ પર સાથે લઈને જાય છે અને ત્યાં તેની પોતાની એક વેનિટી વેન છે.આગામી સમયમાં આલિયાની બે ફિલ્મ રિલીઝ થવાની છે, યશરાજ સ્પાય યુનિવર્સની શર્વરી સાથેની ફિલ્મ આલ્ફા, જે શિવ રવૈલે ડિરેક્ટ કરી છે. તેમાં બોબી દેઓલ પણ છે. તે સિવાય તેની બીજી ફિલ્મ સંજય લીલા ભણસાલીની લવ એન્ડ વૉર પણ આવી રહી છે, જેમાં તેની સાથે રનબીર કપૂર અને વિકી કૌશલ પણ છે. આ બંને ફિલ્મમાં હાલ કામ ચાલુ છે.

# કીર્તિ શેટ્ટીનો ટાઇગર શ્રોફની ફિલ્મમાં સમાવેશ કરાયો

### કીર્તિ શેટ્ટી રિતિક રોશનની સુપર ૩૦માં એક નાના રોલમાં ચાઇલ્ડ એક્ટર તરીકે જોવા મળશે






મુંબઈ,

કિર્તિ શેટ્ટીને મિલાપ ઝવેરીની ફિલ્મમાં ટાઈગર શ્રોફની સાથે લીડ રોલમાં સાઈન કરનામાં આવી છે. આ એક એક્શન થ્રિલર ફિલ્મ છે, જે ફાઈટિંગ અને એક્શન સીનથી ભરપુર ફિલ્મ છે. કિર્તી આ ફિલ્મમાં પહેલી વખત કોઈ હિન્દી ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે. આ અંગેના અહેવાલો અનુસાર ૨૧ જાન્યુઆરીથી મુંબઈમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થશે. બે મહિના સુધી આ ફિલ્મ માટે સઘન શૂટ થશે, બધું જ શૂટ મુંબઈમાં જ થવાનું છે અને ટીમ કોઈ બ્રેક વિના એક જ તબક્કામાં ફિલ્મ પુરી કરશે. એવા પણ અહેવાલો છે કે ટાઈગર શ્રોફ રાજ મહેતાની ફિલ્મ પુરી કર્યા પછી આ ફિલ્મ શરી કરશે, જમાં તે લક્ષ્ય સાથે કામ કરી રહ્યો છે. આ પણ એક એક્શન ફિલ્મ છે.આ અગાઉ કિર્તિ શેટ્ટી રિતિક રોશનની સુપર ૩૦માં એક નાના રોલમાં ચાઇલ્ડ એક્ટર તરીકે જોવા મળશે.

# હું હંમેશા મારા પાર્ટનરને વફાદાર રહ્યો છું : કાર્તિક આર્યન

મુંબઈ,

તાજેતરમાં કાર્તિક અને અનન્યાની ફિલ્મ તું મેરી મેં તેરા મેં તેરા તું મેરી રિલીઝ થઈ છે. ત્યારે એક ઈવેન્ટમાં ફિલ્મ કાર્તિક આર્યન અને તેની ભૂતપૂર્વ પ્રેમિકા અનન્યા પાંડે એક સાથે જોવા મળ્યાં હતાં. આ પ્રસંગે કાર્તિકે અનન્યા સાથેના પોતાના જૂના સંબંધો વાગોળતા થોડી વાતો કરી હતી. જ્યાં વ્યક્તિના અંગત સંબંધો ઉપર સતત ઓનલાઈન ચાંપતી દેખરેખ રખાતી હોય એવા યુગમાં જે લોકો ક્યારેય પોતાના અંગત સંબંધો જાહેર કરતા નથી હોતા એવા લોકો વિશે પણ અવાર-નવાર જોવા મળે છે કે તેમના અંગત જીવન વિશે પ્રિન્ટ મીડિયામાં ઉંડાણપૂર્વકના લેખો લખાઈ ચૂક્યા હોય છે. અનન્યા પાંડે સાથેના પોતાના જૂના સંબંધો ઉપર પ્રકાશ પાડતા કાર્તિકે તેઓ કેવી રીતે પ્રોફેશ્નલી ફરીથી એકબીજા સાથે જોડાયા? કેવી રીતે સમય જતાં તમામ બાબતો બદલાઈ જાય છે? તે અંગે વિગતે વાત કરી હતી. અનન્યા સાથેના બ્રેક-અપ બાદ ફરીથી તેની સાથે કામ કરવા બાબતે 'ફિલ્મફેર' મેગેઝિન સાથે વાત કરતા કાર્તિકે કહ્યું હતું, "તે અને હું એકબીજાને ખુબ સારી રીતે સમજી શકીએ છીએ. તે અમારી એક સફર હતી. અમે અમારા જીવનની શ્રેષ્ઠ ક્ષણોને માણી હતી, મે ચઢતી પણ જોઈ હતી અને પડતી પણ જોઈ હતી અને કેટલીક વાર તો સંબંધોનો સાવ જ અંત આવી ગયો હોવાનો પણ અહેસાસ કર્યો. છેવટે મને સમજાયું હતું કે એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે અમે બંને ખરેખર અલગ દિશામાં જઈ રહ્યા છિએ અને પોતાના ક્ષેત્રમાં એક સ્થાન ઉભું કરી શક્યા છીએ" તેણે ભારપૂર્વક કહ્યું હતું કે 'બધા સંબંધોનો અંત ખટાશપૂર્વક આવતો નથી. મારા અને અનન્યા વચ્ચેના પ્રેમ સંબંધોમાં નફરત કે ઘૃણાને ક્યાંય સ્થાન નહોતું. અમારી વચ્ચે જીવનની કોઈપણ વિપરીત સ્થિતિમાં પણ તે એક પવિત્ર પ્રેમ...પ્રેમ.... અને પ્રેમનો જ સંબંધ હતો, અનન્યા માટે મારા હદયમાં એક કૂણી લાગણી જ રહી છે અને હું પણ ઈચ્છુ છું કે તે પણ તેના હૃદયમાં એવી જ લાગણી રાખે. " કાર્તિકે પોતાના સંબંધોને અંગત અને ખાનગી રાખવાનું કેમ પસંદ કર્યું હતું તેની પણ સ્પષ્ટતા કરી હતી. "ઘણીવાર એવું બને છે કે લોકો પોતાની જુની વાતો વધુ પડતી જાહેર કરે છે ત્યારે તેઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.




## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | ગ | વ | ગુ | ણે | બ | અં | ધ | ગ | કા | મા | પ્ર |
| ધ | ન | મ | જ્ઞા | ળ | ગં | બા | ક | દ | દ | ઈ | અ |
| સ | ના | તા | ભા | અ | શ | હિ | ઈ | દ | ઓ | કા | ખ |
| મ | ણિ | પ | ધ | મ | ર | શિ | અ | ગુ | મા | ન | જ્ઞા |
| ચ | ક્ષ | સ | હિ | ણે | ઉ | સા | પ્રા | ળ | ર | મ | લ |
| પ્ર | મ | ગી | લા | કા | ઊ | ર | કા | ક | ભો | રા | ણા |
| લા | ર | ચી | ગ | ધ | ર | દ | રી | ઉ | કા | વિ | ર |
| આ | સ | ઝ | બિ | આ | શિ | ત | સ | ભ | સા | એ | કા |
| બા | લ | આ | મ | ન | બૂ | ધ | શ | જ | ઔ | વિ | ડ |
| ગુ | બ | મ | સા | ન | કી | કી | ક | તુ | ક | મ | જ્ઞા |
| ઇ | લા | ચ | ક | ચા | ર | ઈ | બ | કા | રી | ન | દ |
| દ | રા | મ | જી | ગં | ડ | મ | રો | દ | લી | ક્રો | કા |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# ભાવનગરને આંગણે અનોખા આનંદનો ઉત્સવ સ્ટ્રીટ જલસા

સ્ટ્રીટ જલસા કાર્યક્રમની ખાસિયત એ છે કે તે શહેરની શેરીઓને ફરી એક વખત રમણિય મેદાનમાં ફેરવી દે છે. આધુનિક ટેકનોલોજી, મોબાઈલ, વિડિયો ગેમ્સ અને બંધ રૂમોમાં સીમિત થઈ ગયેલા બાળકોને ખુલ્લી હવામાં, મિત્રો સાથે, હસતાં-રમત કરતાં જોવા મળવું આજે દુર્લભ બનતું જાય છે. સ્ટ્રીટ જલસા આ બદલાતા સમય સામે એક સકારાત્મક જવાબ છે. તેમાં શેરી રમતો અને આપણી પરંપરાગત રમતગમતને કેન્દ્રમાં રાખીને એવું વાતાવરણ સર્જવામાં આવે છે કે જેમાં બાળકો સાથે સાથે વડીલો પણ પોતાના બાળપણમાં મધુર યાદોમાં ફરી એકવાર પહોંચી જાય છે.અને બાળક સાથે બાળક બનીને પોતાનું વડીલપણું ભૂલી જાય છે.અહીં શેરી રમતો જેવી કે કાંટાળી, લંગડી, ખોખો , સાત ટીકડી, ગિલ્લી, પિટ્ટુ, કબડ્ડી, દોડધામ અને આવી અનેક રમતો જે સમય સાથે ભૂલાતી જતી હતી, તે સ્ટ્રીટ જલસાના માધ્યમથી ફરી એક વખત જીવંત બની છે. આ રમતો માત્ર મનોરંજન પૂરતી નથી, પરંતુ તેમાં શારીરિક તંદુરસ્તી, ટીમવર્ક, ધીરજ, ચપળતા અને સામાજિક સંવાદ જેવા ગુણો સહજ રીતે વિકસે છે. બાળકો જ્યારે આ રમતો રમે છે ત્યારે તેઓ માત્ર રમતા નથી, પરંતુ પોતાની સંસ્કૃતિને અનુભવે છે.સ્ટ્રીટ જલસા એ પણ સાબિત કરે છે કે રમતગમત માટે હંમેશા મોંઘા સાધનો કે વિશાળ મેદાનોની જરૂર નથી. શેરી, રસ્તા અને ખુલ્લી જગ્યાઓમાં પણ આનંદ અને આરોગ્ય બંને મેળવી શકાય છે. આ વિચાર આજે ખૂબ મહત્વનો બની ગયો છે, ખાસ કરીને શહેરોમાં વધતા ટ્રાફિક, સંકુચિત જીવનશૈલી અને માનસિક દબાણના સમયમાં. સ્ટ્રીટ જલસા બાળકોને મોબાઈલથી દૂર કરીને જમીન સાથે જોડે છે અને માનવીય સંબંધોને મજબૂત બનાવે છે. આ વર્ષે આ કાર્યક્રમનું પાંચમુ સેશન છે.

પ્રત્યે ભાવનગરના મ્યુનિસિપલ કમિશનર શ્રી દ્વારા પણ વિશેષ રસ દર્શાવવામાં આવ્યો છે, જે આ પ્રયાસની મહત્વતા અને સામાજિક ઉપયોગિતાને ઉજાગર કરે છે. વહીવટી તંત્રના વડા દ્વારા આવા લોક હિતકારી અને સંસ્કૃતિ આધારિત કાર્યક્રમને મળતું સમર્થન એ સંકેત આપે છે કે "સ્ટ્રીટ જલસા" માત્ર એક સંસ્થાનો કાર્યક્રમ નથી, પરંતુ સમગ્ર શહેરનો ઉત્સવ બની રહ્યો છે. વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓનો રસ એ પણ દર્શાવે છે કે સરકાર અને સમાજ સાથે મળીને બાળકોના સર્વાંગી વિકાસ માટે કેટલા સુંદર પ્રયાસો કરી રહ્યા છે.

**'સ્ટ્રીટ જલસા' કાર્યક્રમ આજે માત્ર એક ઉત્સવ નથી રહ્યો, પરંતુ ભાવનગર શહેરની સામૂહિક સ્મૃતિ, સંસ્કૃતિ અને બાળપણની ભૂલાયેલી ખુશીઓને ફરી જીવંત કરવાનો એક સરાહનીય પ્રયાસ બની ગયો છે. ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને નવયુગ ગ્રુપ દ્વારા કરવામાં આવતું આયોજન ભાવનગરની આગવી ઓળખ બની છે.**

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન અને નવયુગ ગ્રુપ દ્વારા કરવામાં આવતું આયોજન અત્યંત વ્યવસ્થિત અને વિચારપૂર્વકનું હોય છે. સ્વયંસેવકો, શિક્ષકો, માતા-પિતા અને સ્થાનિક નાગરિકોની ભાગીદારીથી આ કાર્યક્રમ સાચા અર્થમાં જનઆંદોલન બની રહ્યું છે. બાળકોના ચહેરા પર દેખાતી ખુશી, વડીલોના ચહેરા પર ઝળહળતી અતીતની સ્મૃતિઓ અને શેરીઓમાં ગુંજતો હાસ્યનો અવાજ એ સ્ટ્રીટ જલસાની સાચી સફળતા છે.

આ કાર્યક્રમ માત્ર એક દિવસ પૂરતો મર્યાદિત નથી રહેતો, પરંતુ તે એક વિચાર છોડીને જાય છે. એ વિચાર એ છે કે આપણે આપણી પરંપરા ભૂલી ન જઈએ, બાળકોને ખુલ્લું આકાશ અને નિર્દોષ રમતો મળે, શહેરની શેરીઓ ફરી એક વખત બાળકોના કિલકિલાટ થી જીવંત બને. "સ્ટ્રીટ જલસા" આપણને એ પણ શીખવે છે કે વિકાસ અને આધુનિકતાની સાથે સંસ્કૃતિ અને પરંપરાનું સંરક્ષણ પણ એટલું જ જરૂરી છે.

આજના સમયમાં જ્યારે બાળકોની જીવનશૈલી ઝડપથી બદલાઈ રહી છે, ત્યારે સ્ટ્રીટ જલસા જેવા કાર્યક્રમો એક એવા સમયમાં લઈ જાય છે જ્યાં આપણા સૌનું બાળપણ કાયમ માટે અતીતના અંધકારમાં ખોવાઈ ગયું છે, આ કાર્યક્રમ માસૂમ બાળકોને મોબાઈલની માયાવી દુનિયા ને ભૂલાવી શહેરોની શેરીઓ અને ગામડાની ગલીઓ માં આનંદ કિલ્લોલ કરતા કરી દેશે એમાં શંકા સ્થાનને સ્થાન નથી.આ ઉત્સવ એ સાબિત કરે છે કે જો ઈચ્છા, દ્રષ્ટિ અને સમર્પણ હોય તો સમાજને સકારાત્મક દિશામાં લઈ જવો શક્ય છે.

આ કાર્યક્રમનો પ્રયાસ નિ:સંદેહ અભિનંદનને પાત્ર છે, અને આવનાર સમયમાં પણ સ્ટ્રીટ જલસા ભાવનગરની શેરીઓમાં આનંદ, સંસ્કૃતિ અને એકતાનો ઉત્સવ બનીને ગુંજતો રહેશે.

"સ્ટ્રીટ જલસા" એટલે શેરીઓને ઉત્સવમાં ફેરવી દેતો એવું લોક આંદોલન જે બાળકો અને વડીલોને ફરી ખુલ્લી હવામાં પરંપરાગત રમતો સાથે જોડે છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ભૂલાયેલી શેરી રમતોને જીવંત કરીને સમાજમાં સંસ્કૃતિ, આનંદ અને સહભાગિતાની ભાવના વિકસાવવાનો છે.આજે જ્યારે માસુમ બાળકોથી લઈને યુવાનો સુધીનો મોટાભાગનો સમય મોબાઈલ અને સોશ્યલ મીડિયા પર વેડફાઈ રહ્યો છે, ત્યારે સ્ટ્રીટ જલસા જેવા કાર્યક્રમનું મહત્વ અનેક ગણું વધી જાય છે. સતત સ્ક્રીન સામે રહેવાના કારણે બાળકોમાં શારીરિક અક્રિયતા, એકલતા અને માનસિક થાક વધતો જાય છે.બાળકો અને યુવાનોમાં વધતું ડિપ્રેશન,શારીરિક માનસિક એન્ઝાઈટી અને એ સિવાયના મનો શારીરીક સમસ્યાઓનો એ સચોટ રસ્તો છે.

સ્ટ્રીટ જલસા બાળકો અને યુવાનોને આ બંધ વિશ્વમાંથી બહાર લાવીને વાસ્તવિક દુનિયા સાથે ફરી જોડે છે, જ્યાં મિત્રતા, હાસ્ય અને સહકાર જીવંત રીતે અનુભવાય છે.

આ કાર્યક્રમનું એક મોટું મહત્વ એ છે કે તે પરંપરાગત રમતો દ્વારા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને મજબૂત બનાવે છે. દોડવું, ઉછળવું, સંતુલન રાખવું અને ટીમમાં રમવું જેવી પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થાય છે. સાથે જ આ રમતો સ્પર્ધા કરતાં સહભાગિતા અને આનંદ પર વધુ ભાર મૂકે છે, જે આજના દબાણભર્યા

**પ્રાસંગિક**
સુરેશ ભટ્ટ

સમયમાં અત્યંત જરૂરી છે.

સ્ટ્રીટ જલસા સામાજિક જોડાણને પણ મજબૂત બનાવે છે. શેરીઓમાં જ્યારે બાળકો રમે છે ત્યારે માતા-પિતા, વડીલો અને પાડોશીઓ એકત્ર થાય છે. આથી પેઢીઓ વચ્ચેનું અંતર ઘટે છે અને સમાજમાં પરસ્પર વિશ્વાસ તથા સહકારની ભાવના વિકસે છે. સોશિયલ મીડિયા પરના વર્ચ્યુઅલ સંબંધોની સામે આ જીવંત સંબંધો વધુ માનવીય અને ટકાઉ બને છે.


આ કાર્યક્રમ સંસ્કૃતિના સંરક્ષણનો પણ એક સશક્ત માધ્યમ છે. ગિલ્લી, પિટ્ટુ, કબડ્ડી જેવી રમતો માત્ર રમતો નથી, પરંતુ આપણી ઓળખનો ભાગ છે. સ્ટ્રીટ જલસા દ્વારા બાળકોને પોતાની જ ધરોહરનો પરિચય મળે છે અને તેઓ ગર્વ સાથે પોતાની પરંપરાને અપનાવે છે. આ રીતે સ્ટ્રીટ જલસા આજના ડિજિટલ યુગમાં સંતુલન સ્થાપિત કરવાનો એક પ્રેરણાદાયક પ્રયાસ બની રહ્યો છે.આજે જ્યારે માસુમ બાળકોથી લઈને યુવાનો સુધીનો મોટાભાગનો સમય મોબાઈલ અને સોશિયલ મીડિયા પર વેડફાઈ રહ્યો છે, ત્યારે સ્ટ્રીટ જલસા જેવા કાર્યક્રમનું મહત્વ અનેક ગણું વધી જાય છે. સતત સ્ક્રીન સામે રહેવાના કારણે બાળકોમાં શારીરિક અક્રિયતા, એકલતા અને માનસિક થાક વધતો જાય છે.અહીં શેરીઓમાં મિત્રતા, હાસ્ય અને સહકાર જીવંત રીતે અનુભવાય છે.આ રીતે સ્ટ્રીટ જલસા સામાજિક જોડાણને પણ મજબૂત બનાવે છે.

આ કાર્યક્રમ સંસ્કૃતિના સંરક્ષણનો પણ એક સશક્ત માધ્યમ છે. સ્ટ્રીટ જલસા દ્વારા બાળકોને પોતાની જ ધરોહરનો પરિચય મળે છે અને તેઓ ગર્વ સાથે પોતાની પરંપરાને અપનાવે છે. આ રીતે સ્ટ્રીટ જલસા આજના ડિજિટલ યુગમાં સંતુલન સ્થાપિત કરવાનો એક પ્રેરણાદાયક પ્રયાસ બની રહ્યો છે.

આજના ઝડપી અને ટેકનોલોજી પ્રધાન જીવનમાં હેલ્થ, વેલ્થ અને હેપીનેસ માટે શેરી રમતોનું મહત્વ સતત વધતું જાય છે. શેરી રમતો બાળકો અને યુવાનોને સ્વાભાવિક રીતે દોડવા, કૂદવા અને શારીરિક પ્રવૃત્તિ કરવા પ્રેરે છે, જેના કારણે તંદુરસ્તી, ચપળતા અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. સાથે જ આ રમતો માનસિક ક્ષમતાનો પણ વિકાસ કરે છે, કારણ કે તેમાં ધ્યાન, નિર્ણયશક્તિ, ટીમવર્ક અને સમસ્યા હલ કરવાની કુશળતા વિકસે છે. ખુલ્લી હવામાં મિત્રો સાથે રમવાથી તણાવ ઘટે છે, આત્મવિશ્વાસ વધે છે અને સાચી ખુશીનો અનુભવ થાય છે, જે જીવનમાં સંતુલન અને સકારાત્મકતા લાવે છે. સ્ટ્રીટ જલસા કાર્યક્રમ ભાવનગર મ્યુ.કોર્પોરેશન તથા નવયુગ ગ્રુપ દ્વારા યોજવામાં આવી રહ્યો છે. જેમાં ભાવનગરના કલેક્ટર તથા પોલીસ તંત્ર દ્વારા સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે. ફરી એકવાર ભાવનગરની શેરીઓમાં આનંદ, સંસ્કૃતિ અને એકતાનો ઉત્સવ ગુંજતો રહેશે.

# પોષી પૂનમ અને શનિવાર નિમિત્તે કષ્ટભંજનદેવને કરાયો દિવ્ય શણગાર

## ૨૫૧ કિલો ગુંદરપાક, ખજૂરપાક,અડદિયો અને મેંથીના લાડુંનો મિક્સ અન્નકૂટ ધરાવાયો



સાળંગપૂર,તા.૦૩

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે ધનુર્માસ પૂનમ એવમ્ શનિવારે કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને આજે તા.૦૩ને શનિવારના રોજ અત્યંત ભવ્ય અને પરંપરાગત "દક્ષિણી થીમ" પર વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો.દાદાના સિંહાસન અને ગર્ભગૃહને દક્ષિણ ભારતીય મંદિરોની પરંપરા મુજબ કલાત્મક રીતે સજાવવામાં આવ્યું હતું. હનુમાનજી દાદાને એમ્બ્રોઇડરી વર્ક સાથેના ફૂલની ડિઝાઈનવાળા અત્યંત આકર્ષક વાઘા ધરાવવામાં આવ્યા હતા. દાદાને રીયલ ડાયમંડનો મુગટ પહેરાવી, તાજા ગુલાબ અને શેવંતીના ફૂલોનો અદભૂત શણગાર કરી આખું મંદિર ભક્તિમય બનાવવામાં આવ્યું હતું.

આજે શનિવારે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી અને ત્યારબાદ સવારે ૭ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. કષ્ટભંજનદેવ હનુમાનજીને દક્ષિણી થીમની સાથે એમ્બ્રોઇડરી વર્ક ડિઝાઈનવાળા વાઘાનો દિવ્ય શણગાર અને ૨૫૧ કિલો ગુંદરપાક,ખજૂરપાક,અડદિયો અને મેંથીના લાડુંનો મિક્સ અન્નકૂટ ધરાવાયો.આ દક્ષિણી શૈલીના દર્શન કરવા માટે હજારોની સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા.

# સિહોરની સર્વોત્તમ ડેરીમાં ઉત્પાદન થતું ગીર ગાયનું ઘી અમેરિકાની બજારમાં વેચાય તે દિવસો દૂર નથી !

## ભારત દેશના સીમાડા ઓળંગી દુબઈના સાતેય દેશોમાં વેચાય રહ્યું છે અને હવે અમેરિકા સહિતના દેશોમાં પહોંચવાની તૈયારી




ભાવનગર,તા.૩

ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન સાથે સંયોજિત સિહોરની સર્વોત્તમ ડેરીમાં વર્ષ ૨૦૧૨થી અમૂલની તમામ પ્રોડક્ટ પેકિંગ કરવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં સર્વોત્તમ ડેરી દ્વારા જસી ક્રોસ ભીડનું બીજદાન ક્યારેય પણ કરવામાં આવ્યું નથી. પરંતુ શરૂઆતથી માત્ર ગીર ગાયનું જ બીજદાન કરાવવામાં આવે છે. પરિણામે જેઓના કહેવા મુજબ સમગ્ર ભારત દેશમાં માત્ર એક જ જગ્યાએ ભાવનગરમાં સર્વોતમ ડેરી પાસે સૌરાષ્ટ્રની અસલ નસલ ખૂંધવાળી ગીર ગાયનું દૂધ ઉપલબ્ધ છે.સમગ્ર ગુજરાતમાં ખુંધવાળી દેશી ગીર ગાયનું ઘી માત્ર સર્વોત્તમ ડેરીમાં પેકિંગ થાય છે. જે ભારત દેશના સીમાડા ઓળંગી દુબઈના સાતેય દેશોમાં વેચાય રહ્યું છે તેમજ અમેરિકા સહિતના દેશોમાં પહોંચવાની તૈયારી છે.

આ ગીર ગાયનું દૂધ સંઘના વિવિધ ચિલિંગ સેન્ટરોમાંથી સિહોર લાવી પ્લાન્ટમાં અલગથી પ્રોસેસ કરીને છર દેશી ખુંધવાળી ગીર ગાયનું ઘી બનાવવામાં આવે છે. આ ઉપરાંત સર્વોત્તમ ડેરીમાંથી દરરોજ ખૂંધવાળી દેશી ગીર ગાયનું ૧ ટેન્કર મહેસાણાનાં ધારુહેડા પ્લાન્ટમાં પેકિંગ થાય છે. આ છર દૂધ દિલ્હીની બજારમાં વેચાય છે. ૧ ટેન્કર પંચમહાલની પંચામૃત ડેરીમાં પેકિંગ થાય છે આ છર દૂધ મુંબઈની બજારમાં વેચાય છે. સામાન્ય ઘીનો ભાવ રૂ. ૬૦૦થી ૬૨૫ હોય છે જયારે આ ઘીના ભાવ ૧૪૦૦ રૂ. છે. આ ઘી માનવજાત માટે ખૂબ જ ઉપયોગી છે. દેશી ખૂંપવાળી ગીર ગાયમાં સૂર્યકેતુ નામની નાડી હોય છે. જે નાડી સૂર્યનો પ્રકાશ ઝીલીને સુવર્ણ જેવું દૂધ ઉત્પન્ન કરે છે. જે ઔષધિરૂપ ગણાય છે.

અગાઉના સમયમાં જે બીજદાન કરવામાં આવતું હતું તેમાં ૫૦-૫૦ % વાછરડી અને વાછરડો આવતા હતાં. જયારે હાલ સર્વોત્તમ ડેરી દ્વારા આધુનિક ટેક્નોલોજી અંતર્ગત સેક્સડ શોર્ટેજ સીમેન ડોઝના ઉપયોગથી ૮૮થી ૯૨ % વાછરડી આવે છે. જેથી ગૌમાતાનો વધારો થાય છે અને પશુપાલકોને ફાયદો થાય છે આ ઉપરાંત એક સમય એવો હતો કે ૪ વર્ષ કે ૪.૬ વર્ષે દેશી ગાયનું વિયાજણ થતું હતું. પરંતુ હાલ સર્વોત્તમ ડેરી દ્વારા વાછરડી ઉછેર પ્રોજેક્ટ અંતર્ગત માત્ર ૩૦ મહિનાની અંદર ગાયનું વિયાણ થાય છે અને દૂધનું ઉત્પાદન ખૂબ સારું મળી રહે છે.

# સાવરકુંડલામાં ભાજપ અગ્રણી અને જાણીતા ઉદ્યોગપતિનો પુત્ર ભેદી સંજોગોમાં લાપતા

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લા ભાજપનાં આગેવાન અને સાવરકુંડલાના વતની અને ઉદ્યોગપતિ અને બિલ્ડરનો પુત્ર વ્યાજખોરોના ત્રાસથી છેલ્લા ત્રણ દિવસથી ગુમ થયાની ઘટના સામે આવતા સમગ્ર અમરેલી જિલ્લામાં ચકચાર મચી ગઈ છે.

આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ સાવર કુંડલા ગામે નેસડી રોડ ઉપર આવેલ પરિમલ વિભાગ ૨ સમજુબા ભુવનમાં રહેતાં અમરેલી જિલ્લા ભાજપનાં આગેવાન અને સાવરકુંડલાના ઉદ્યોગપતિ અને બિલ્ડર સુરેશભાઈ પાનસુરીયાના હાલ વડોદરા ખાતે સ્થાયી પુત્ર રવિ સુરેશભાઈ પાનસુરીયા ગત તા ૩૧ ના રોજ અચાનક સાવરકુંડલામાંથી ગુમ થતા પરિવારજનો ભારે ચિંતામાં મુકાયા છે.

આ બનાવ અંગે પરિવાર દ્વારા ગત રાત્રે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં રવિ પાનસુરીયા ગુમ થયાની લેખિત અરજી આપવામાં આવી છે. આ બનાવ અંગે સુરેશભાઈ પાનસુરીયા દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે કે, ૩૧ ડિસેમ્બરની રાત્રે વ્યાજખોરોના સતત માનસિક ત્રાસથી કંટાળી રવિ પાનસુરીયાએ પગલું ભરવાનું મન બનાવી લીધું હતું.

આ પહેલા તેમણે સુસાઇડ નોટ લખી અને એક વિડિઓ બનાવીને વ્યાજખોર ના ત્રાસથી પગલું ભરતો હોવાની વીડિયોમાં વાત કરી છે. સુરેશભાઈ પાનસુરીયા દ્વારા ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, દીક્ષિત પટેલ સહિત કુલ ૧૬ લોકો પાસેથી રવિ પાનસુરીયાએ રૂપિયા ૧૧.૨૫ કરોડ લાખ વ્યાજે લીધા હતા. આ રકમ સામે વ્યાજખોરોએ રવિ પાનસુરીયા પાસેથી અંદાજે ૪-૩૮ કરોડની મિલ્કતોના દસ્તાવેજ કરાવી લીધા હોવાનું પણ જણાવાયું હતું. વધુમાં તેમાંથી ૩-૮૮ કરોડ રૂપિયા RTGS મારફતે પરત ચુકવ્યા હોવા

# લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય સણોસરાની વાર્ષિક શિબિર અંતર્ગત આરોગ્ય કેમ્પ યોજાયો



ભાવનગર,તા.૩

જે.કે.મહેતા હોસ્પિટલ અમરગઢ ના સૌજન્યથી તા:૨/૧/૨૦૨૬ ના રોજ લંગાળા પટેલ સમાજની વાડીમાં આરોગ્ય તપાસ અને નિદાન કેમ્પનું આયોજન લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયની એન એસ એસ શિબિર અંતર્ગત થયું જેમાં ૮૩ ગ્રામજનોએ વિવિધ બીમારીઓની પ્રાથમિક સારવાર લીધી.

આરોગ્ય કેમ્પ કાર્યક્રમનું ઉદ્ઘાટન ગ્રામ અગ્રણી કેશુભાઈ નાવડિયા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને ગ્રામજનોની આરોગ્ય વિશેની ખેવના અને લંગાળા ગામની સમરસ ભાવનાને બિરદાવી. આ કાર્યક્રમમાં લંગાળા સેવા સહકારી મંડળીના પ્રમુખ લક્ષ્મણભાઈ ડાંગર, સરપંચ પોપટભાઈ ચૌહાણ,રામભાઈ ચાવડા, માજી સરપંચ હરેશભાઈ કેરાસિયા, કલ્યાણભાઈ ડાંગર, પ્રતીકભાઈ ચાડ ઉપસ્થિત રહ્યા હતા.

જે.કે. મહેતા હોસ્પિટલના તબીબો ડૉ.સત્યજીતસિંહ જાડેજા( જનરલ ફિઝિશિયન, મેડિકલ સુપ્રિટેન્ડન્ટ), ડૉ. એકતા ટાંક ( પીડિયાટ્રિશ્યન), ડૉ.સુનિલ પરમાર (ફિઝિયોથેરાપિસ્ટ), ડૉ.રોહિત ગોહિલ ( પેઇન મેનેજમેન્ટ), વૈભવભાઈ દુધરેજીયા( પેશન્ટ કોઓર્ડિનેટર),શૈલેષ મકવાણા( કેમ્પ ઓર્ગેનાઈઝર), અને નર્સ તરીકે અંજલિ રાઠોડ, પ્રિયંકા રાઠોડ અને નૈના રાઠોડે સક્રિય જહેમત ઉઠાવી હતી.કાર્યક્રમમાં આવકાર શિબિર સંયોજક વિશાલભાઈ જોશીએ આપ્યો.આભાર દર્શન પૂજાબેન પુરોહિત દ્વારા થયું અને કાર્યક્રમ સંચાલન વિધાર્થી ગોપીબેન ગોહીલએ કર્યું હતું.

# અમદાવાદના પ્રતિષ્ઠિત વેપારી સાથે વિયેતનામમાં ઇન્ટરનેશનલ ફ્રોડ : પૂર્વી શાહની 'ચીટીંગ ફેક્ટરી' ખુલ્લી પડી!

અમદાવાદ,તા.૩

અમદાવાદના સી.જી. રોડ જેવા પોશ વિસ્તારમાં ઓફિસ ધરાવતી "પરીખ હોલિડેઝ' ની અસલી અને કાળી બાજુ આજે શહેરની જનતા સામે ખુલ્લી પડી છે. આ કોઈ સામાન્ય છેતરપિંડી નથી, પરંતુ એક આંતરરાષ્ટ્રીય સ્તરનું કાવતરું છે જેમાં એક પ્રતિષ્ઠિત ભારતીય નાગરિકને વિદેશી ધરતી પર જેલના સળિયા ગણવા પડે તેવી સ્થિતિ પૂર્વી શાહ નામની મહિલાએ ઊભી કરી હતી. પાલડીના સુગમ ફ્લેટના ચેરમેન અને જાણીતા વેપારી મુકેશભાઈ રવિચંદ્ર શેઠ, જેઓ સમાજમાં મોભાદાર સ્થાન ધરાવે છે, તેમને આ ચીટર કંપનીએ એવો કડવો અનુભવ કરાવ્યો છે કે જેસાંભળીને કોઈપણ પ્રવાસી ધ્રૂજી ઉઠશે.

**"તમે ફ્રોડ છો": જયારે વિયેતનામના એરપોર્ટ પર ગુંજી ઉઠ્યા આ શબ્દો**

ઘટનાની શરૂઆત ૧૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ થઈ જયારે મુકેશભાઈ તેમના ૫ પ્રતિષ્ઠિત વેપારી મિત્રો અને તેમના પરિવાર સાથે વિયેતનામ જવા માટે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. ઈમિગ્રેશન દરમિયાન જાણવા મળ્યું કે મુકેશભાઈના વિઝામાં કોઈ ભૂલ છે. ગભરાયેલા મુકેશભાઈએ તુરંત જ પોતાની ટ્રાવેલ એજન્ટ પૂર્વી શાહની ઓફિસમાં ફોન કર્યો. પૂર્વી શાહની ઓફિસના માણસોએ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે 'સેટિંગ' ના બણગા ફૂંક્યા અને કહ્યું કે, "તમે ચિંતા ન કરો, એરપોર્ટ પર અમારું ફલ સેટિંગ છે, છતાં પણ અમે નવો વિઝા લેટર કઢાવીને વોટ્સએપ પર મોકલું છું." પૂર્વી શાહે મિનિટોમાં નવો લેટર મોકલ્યો, પણ તે લેટર મુકેશભાઈ માટે મુસીબતનું નોતરું સાબિત થયો. જયારે મુકેશભાઈ શેઠએ એ લેટર ઓફિસરને બતાવ્યો, ત્યારે ઓફિસરે તેમને તુરંત અટકાયતમાં લીધા અને અન્ય અધિકારીઓને સાવધ કરતા કહ્યું, "આ ભાઈ ફ્રોડ માણસ છે, આની પર ખાસ ધ્યાન રાખજો."

**ડિજિટલ છેતરપિંડીનો ગંભીર ગુનો:** સરકારી દસ્તાવેજોમાં 'એડિટિંગ' નો ખતરનાક ખેલ

સ્થાનિક સૂત્રો અને પ્રાપ્ત માહિતી અનુસાર, પૂર્વી શાહે મુકેશભાઈને જે નવો વિઝા લેટર મોકલ્યો હતો તે વાસ્તવમાં કોઈ નવો લેટર નહોતો, પરંતુ જૂના ભૂલ ભરેલા ઈલેક્ટ્રોનિક વિઝા લેટરમાં છેડછાડ કરીને બનાવેલો એક નકલી દસ્તાવેજ હતો. પૂર્વી શાહે એમ માન્યું હતું કે વિદેશી ઓફિસરોને ખબર નહી પડે, પણ તેની આ હલકી કક્ષાની કરતૂત પકડાઈ ગઈ. મુકેશભાઈએ જયારે પોતાની આબરૂની દુહાઈ આપી ત્યારે ઓફિસરે નમ્રતાથી સમજાવ્યું કે, 'તમારા ટ્રાવેલ એજન્ટે આ લેટરમાં છેડછાડ કરી છે અને આ એક ગંભીર ગુનો છે." પૂર્વી શાહની આ એક મૂખામીભરી અને ગુનાહિત હરકતે મુકેશભાઈ શેઠને વિદેશમાં 'ક્રિમિનલ' તરીકે ચિતરી દીધા હતા.

**હોચીમીનથી ફકોક સુધીની યાતના: "સેટિંગ છે" કહી પૂર્વી શાહે વેપારીને રઝળાવ્યા**

જયારે મુકેશભાઈએ આ મામલે પૂર્વી શાહને ખખડાવ્યા, ત્યારે આ રીઢા ગુનેગાર જેવું માનસ ધરાવતી મહિલાએ ફરી જૂઠું બોલતા કહ્યું કે, "તમે હોચીમીન પહોંચી જાવ, ત્યાં મારું સેટિંગ છે." મુકેશભાઈએ પોતાના મિત્રોની ટુર બગડે નહીં તે હેતુથી જોખમ ખેડીને આગળ વધ્યા, પણ ફકોક એરપોર્ટ પર ફરી એ જ નરક જેવો અનુભવ થયો. વિયેતનામના અધિકારીઓએ તેમને અટકાવ્યા અને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે, "તમે નકલી વિઝા પર મુસાફરી કરી રહ્યા છો, તમારે ભારત પરત જવું પડશે અને મસમોટી પેનલ્ટી ભરીને જેલવાસથી બચવું પડશે." પૂર્વી શાહના કહેવાતા 'સેટિંગ' ની હવા નીકળી ગઈ હતી અને મુકેશભાઈએ વિદેશમાં માસ મોટી રકમની પેનલ્ટી ભરવી પડી હતી.

**"હું જેલના દરવાજા જોતા જોતા રહી ગયો": પીડિત વેપારી મુકેશભાઈ શેઠનું હૃદયદ્રાવક નિવેદન**

"મેં મારા જીવનમાં અનેક દેશોનો પ્રવાસ કર્યો છે, પણ જે યાતના મને પૂર્વી શાહની છેતરપિંડીને કારણે ભોગવવી પડી છે તે કલ્પના બહારની છે. વિદેશી ધરતી પર જયારે ઈમિગ્રેશન ઓફિસરે મને 'ફ્રોડ' કહીને સાઈડમાં બેસાડી દીધો, ત્યારે મને મારી આબરૂ લૂંટાતી દેખાઈ. પૂર્વી શાહે મને વોટ્સએપ પર એડિટ કરેલો નકલી લેટર મોકલીને જેલના દરવાજે પહોંચાડી દીધો હતો. આ મહિલા સામે હું કાયદેસરની લડત લડીશ જેથી અન્ય કોઈ ગુજરાતી તેની જાળમાં ન ફસાય." -મુકેશભાઈ રવિચંદ્ર શેઠ (પીડિત અને પ્રતિષ્ઠિત વેપારી, અમદાવાદ)

**કાયદાનો ગાળિયો મજબૂત: પૂર્વી શાહ હવે કયાં જશે?**

મીડિયા રિપોટર્સ અને જાણકારોના મતે, પૂર્વી શાહ સામે હવે છેતરપિંડી, દસ્તાવેજોમાં છેડછાડ, વિશ્વાસઘાત અને માનસિક ત્રાસ આપવાના ગંભીર ગુના હેઠળ ફરિયાદની તૈયારીઓ થઈ ચૂકી છે. મુકેશભાઈ શેઠ જેવા એક -જવાબદાર અને પ્રતિષ્ઠિત નાગરિક સાથે જે રીતે આંતરરાષ્ટ્રીય સ્તરે છેતરપિંડી આચરવામાં આવી છે, તે -જોતા પોલીસ તંત્ર પણ હરકતમાં આવ્યું છે. આ અહેવાલ પૂર્વી શાહ માટે એક ચેતવણી છે કે અમદાવાદની જનતા અને કાયદો હવે તેમને છોડશે નહીં. નિષ્કપરૂપે, પરીખ હોલિડેઝ જેવી સંસ્થાઓ પ્રત્યે લોકોએ અત્યંત સાવધ રહેવાની જરૂર છે, જે માત્ર થોડાક રૂપિયા માટે કોઈની આબરૂ અને જિંદગીને દાવ પર લગાવી દે છે.

**સી.જી. રોડની ઓફિસ પર પોલીસના નગારા વાગશે? ઊંડાણપૂર્વક વિશ્લેષણ**

જાણકારોના મતે, સરકારી દસ્તાવેજો અને વિદેશી વિઝા લેટરમાં છેડછાડ કરવી એ ઈંડઈ ની વિવિધ કલમો હેઠળ ગંભીર ફોજદારી ગુનો છે. પૂર્વી શાહ સામે છેતરપિંડી (૪૨૦) અને -બનાવટી દસ્તાવેજ (૪૬૭, ૪૬૮) હેઠળ ફરિયાદ નોંધાવવાની ગતિવિધિ તેજ થઈ ગઈ છે. મુકેશભાઈ શેઠ જેવા. પ્રતિષ્ઠિત વ્યક્તિ જયારે આ મેદાનમાં "ઉતર્યા છે, ત્યારે પૂર્વી શાહના પરીખ -હોલિડેઝનું લાયસન્સ રદ થવું નિશ્ચિત -જણાય છે. મીડિયા રિપોટ્સ અનુસાર, આ ઓફિસમાં અગાઉ પણ અનેક ગ્રાહકો સાથે આવી નાની-મોટી છેતરપિંડી થઈ હોવાની ચર્ચાઓ છે.

**પરીખ હોલિડેઝ સ્કેમઃ પૂર્વી શાહે મુકેશભાઈ શેઠને નકલી વિઝા આપી વિદેશમાં ફસાવ્યા, કાયદેસરની કાર્યવાહી શરૂ સાવધાન! ટ્રાવેલ એજન્ટ કે 'ઠગબાજ'? પૂર્વી શાહે પ્રતિષ્ઠિત વેપારીના વિઝામાં છેડછાડ કરી વિદેશી ધરતી પર ગુનેગાર બનાવ્યા!**

અનુ.પાના ૮નું શરૂ...

## નગરજનો ૧૪ ડીગ્રીએ ઠંડીમાં ઠુંઠવાયા

પારો ગગડીને ૧૪ ડિગ્રીએ પહોંચ્યો હતો અને ભેજ નું પ્રમાણ ૮૨ ટકા પહોંચ્યું હતું, આમ હવે શહેરમાં શહેરભરમાં શિયાળાની અસલી ઠંડી જામતી જાય છે,શુક્રવારે મહત્તમ તાપમાન ૨૭.૯ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ તથા ભેજ ૫૩ ટકા અને પવનની ઝડપ ૧૨ કિલોમીટર પ્રતિ કલાક રહેવા પામી હતી, છેલ્લા બે દિવસમાં લગુતામ તાપમાન ૫.૬ ડિગ્રીનો જબ્બર ઘટાડો થતા ઠંડીનું જોર વધ્યું છે.

# અમરેલીમાં ૧૩.૨ ડિગ્રી ઠંડી

અમરેલી

અમરેલીમાં આજે તાપમાનનો પારો ૧૩.૨ ડિગ્રી પર પહોંચતા હાડ થીજવતી ઠંડી પડી હતી. આ સાથે જ ભેજનું પ્રમાણ પણ ઘટ્યું હતું. પવનની ગતિ પણ સામાન્ય રહી હતી. શુક્રવારે અમરેલી ઠંડીનું પ્રમાણ વધારે રહ્યું હતું. અમરેલીમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાનનો પારો ૧૩.૨ ડિગ્રી રહ્યો હતો. જેના કારણે ઠંડીનું પ્રમાણ વધારે રહ્યું હતું. તેમજ મહત્તમ તાપમાનનો પારો ૨૭.૭ ડિગ્રી રહ્યો હતો. તેમજ ભેજનું પ્રમાણ ગઈકાલની સરખામણીમાં ઘટ્યું હતું અને આજે ૭૮ ટકા ભેજનું પ્રમામ રહ્યું હતું. તેમજ પવનની ગતિ પ્રતિ કલાક ૦.૮ કિલોમીટરની રહી હતી. બે દિવસથી જિલ્લામાં વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે. અમરેલી ખેતીવાડી તંત્રએ પણ વરસાદની આગાહીને ધ્યાને રાખીને ખેડૂતોને સાવચેત રહેવા માટે અપીલ કરી છે.


ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

# પાણીને લગતાં કોઇ પણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઇન નં.૧૯૧૬ નો સંપર્ક કરશો.#

જાહેર નિવિદા નં.૧૬/૨૦૨૫-૨૦૨૬

ટેન્ડર આઇ.ડી નં.૨૬૦૩૩૬

કાર્યપાલક ઇજનેરશ્રી, જા.આ.બાંધકામ વિભાગ પાનવાડી પી.ડબ્લ્યુ.ડી કમ્પાઉન્ડ. પાનવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન નં.૦૨૭૮-૨૪૨૫૮૪૯ શિહોર પેટા વિભાગના વળાવડ હેડ વર્કસના પંપ હાઉસ રીપેરીંગના કામ બાબત રૂા.૩૪,૦૨,૮૯૬-૦૦ ટેન્ડર આઇ.ડી નં.૨૬૦૩૩૬ ટેન્ડરમાં દર્શાવેલ શરતો મુજબ માટે ટુબીડ ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપરાંત વેબ સાઇટ https://gwssb.nprocure.com તેમજ માહિતી ખાતા વેબ સાઇટ www.statenders.com ઉપર જોઇ ઓનલાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ ૧૯-૦૧-૨૦૨૬ સમય ૧૮ કલાક સુધી હવે પછીના સુધારા ફક્ત ઓનલાઇન કરવામાં આવશે.

•આ છાપવાનું નથી

• કાર્યપાલક ઇજનેર જા. આ.બાંધકામ વિભાગ ભાવનગર

માહિતી-ભાવ-૧૨૬૭/૨૬



**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી શેખ ઈદ્રીસ ઈબ્રાહીમભાઈ** **અરજી નં ૧૨૭/૨૦૨૫**

**રહે.મુ.ઘોઘા મચ્છીવાડા, તા.ઘોઘા,જી.ભાવનગર** **જન્મ.તા.૧૦/૧૨/૧૯૭૯**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**

**ગ્રામ પંચાયત કચેરી, મુ.ઘોઘા, તા.ઘોઘા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શેખ ઈદ્રીસ ઈબ્રાહીમભાઈ રહે.મુ.ઘોઘા મચ્છીવાડા, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમનો જન્મ તા.૧૦/૧૨/૧૯૭૯ના રોજ ગામ :-ઘોઘા, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૩/૧૨/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**(એસ.એસ.બ્રહ્મભટ્ટ)**
**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**



**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ, ઘોઘા,તા.ઘોઘા,જી.ભાવનગર**

**શ્રી અનવરહુસેન ઉમરભાઈ શેખ,** **અરજી નં ૧૬૨/૨૦૨૫**

**રહે.મુ.ઘોઘા, તા.ઘોઘા,જી.ભાવનગર** **જન્મ.તા.૨૯/૦૯/૧૯૭૬**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી,**

**ગ્રામ પંચાયત કચેરી, મુ.ઘોઘા, તા.ઘોઘા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ કલમ-૧૩(૩)અન્વયે જન્મ-મરણની નોંધણીની અરજી બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી અનવરહુસેન ઉમરભાઈ શેખ, રહે.મુ.ઘોઘા, તા.ઘોઘા,જી.ભાવનગરએ તેમના ભત્રીજાશ્રી મહમદસફીદ અબ્દુલરજાક શેખનો જન્મ તા.૨૯/૦૯/૧૯૭૬ના રોજ ગામ :-ઘોઘા, તા.ઘોઘા,જી.ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા અગર તેમના અધિકૃત પ્રતિનિધિશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં (રજાના દિવસો સિવાય)કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૬/૧૧/૨૦૨૫ નાં રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

કોર્ટનો સિક્કો

**(એસ.એસ.બ્રહ્મભટ્ટ)**
**મામલતદાર અને**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ઘોઘા**



## "ના વાંધા પ્રમાણપત્ર" (NOC)બાબતે જાહેર નોટીસ

આથી જણાવવામાં આવે છે કે, અમો પ્રમુખ શ્રી ધર્મેન્દ્રસિંહ હરદેવસિંહ ગોહીલ, પ્રમુખશ્રી, શ્રી ત્રાપજ કોટન જીનીંગ પ્રેસીંગ એન્ડ પ્રોસેસીંગ કો-ઓ સોસાયટી લી. મુ.ત્રાપજ, તા.તળાજા, જિ.ભાવનગરનું કાર્યક્ષેત્ર તળાજા તાલુકાના ત્રાપજ ગામ પુરતુ રાખેલ હોય, જેમાં તા.૨૭/૧૨/૨૦૨૫ના રોજ મળેલ ખાસ સાધારણ સભાના ઠરાવ નં-૩થી મંડળીના કાર્યક્ષેત્રમાં વધારો કરી મંડળીનું કાર્યક્ષેત્ર ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના તમામ ગામો અને શહેરો પુરતુ રાખવાનું ઠરાવવામાં આવેલ હોય, જે પેટાનિયમ સુધારા દરખાસ્ત શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ-ભાવનગરને દરખાસ્ત કરવામાં આવનાર હોય, મંડળીના સુચિત કાર્યવિસ્તારમાં આવેલ આવાજ પ્રકારની તમામ સહકારી મંડળીઓ "ના વાંધા પ્રમાણપત્ર"(દ્બંઝ મેળવવાના થતા હોય, જેથી મંડળીના પેટાનિયમ દરખાસ્ત સુધારા સામે જો કોઈ વાંધા સુચનો હોય તો જાહેરાતની તારીખથી દિન-૦૭માં અમોને નીચેના સરનામે અથવા તો જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, ભાવનગર,એસ-૧૩,બહુમાળી ભવન,ભાવનગરના સરનામે રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.અન્યથા ઉકત સમય મર્યાદામાં કોઈપણ વાંધો સુચનો ન રજુ થાય તો આપને કશુ કહેવાનું નથી તેમ માની આપનું "ના વાંધા પ્રમાણપત્ર મળી ગયા સમાન માની પેટાનિયમ સુધારા દરખાસ્ત રજૂ કરવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી

તા.૦૧/૦૧/૨૦૨૬

વાંધા સ્વીકારવાનું સ્થળ:-

**૧ જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, એસ-૧૩, બહુમાળી ભવન,ભાવનગર**

# હિમાચલ, જમ્મુ અને કાશ્મીરમાં બરફવર્ષા, દિલ્હી-એનસીઆરમાં ઠંડીનું મોજું અને ગાઢ ધુમ્મસની ચેતવણી

નવીદિલ્હી,
નવા વર્ષની શરૂઆત કડકડતી ઠંડી અને ભારે હિમવર્ષા સાથે થઈ છે અને પહાડી રાજ્યોમાં ભારે હિમવર્ષા થવાની સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર, પર્વતોથી મેદાનો સુધી ઠંડીનું મોજું ચાલશે. હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે, જ્યારે જમ્મુ અને કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. આનો અર્થ એ છે કે તાપમાનમાં ઘટાડો તીવ્ર ઠંડી તરફ દોરી જશે. જોકે, હિમવર્ષાથી પ્રવાસીઓમાં આનંદ ફેલાયો છે, જેઓ તેનો સંપૂર્ણ આનંદ માણી રહ્યા છે. દરમિયાન, દિલ્હી-એનસીઆરમાં શીત લહેર અને ગાઢ ધુમ્મસની ચેતવણી અમલમાં છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશના ઘણા



ભાગોમાં ગાઢ ધુમ્મસની પણ અપેક્ષા છે.

આઈએમડી અનુસાર, ૩ જાન્યુઆરીએ દિલ્હીમાં નારંગી ચેતવણી જારી કરવામાં આવશે. ઠંડા પવનો ફૂંકાશે અને આકાશ વાદળછાયું રહેશે. ૩ જાન્યુઆરી માટે સૂર્યપ્રકાશનો અભાવ પણ આગાહી કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગે ૩ જાન્યુઆરી માટે જ નારંગી ચેતવણી જારી કરી છે આઈએમડીએ ૭ જાન્યુઆરી સુધી હવામાન આગાહી પણ જારી કરી છે, જેમાં મહત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

નવા વર્ષની શરૂઆત સાથે, પહાડી રાજ્યોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. જમ્મુથી ઉત્તરાખંડ અને હિમાચલ સુધીના ખીણો બરફથી ઢંકાયેલા છે. ચંબા, મનાલી, ભદરવાહ અને ગુલમર્ગ સુધીના વિસ્તારો સફેદ ચાદરથી ઢંકાયેલા છે. હવામાન વિભાગ અનુસાર, પહાડી રાજ્યોમાં આવતીકાલે ભારે હિમવર્ષા ચાલુ રહેશે. જોકે, કેટલીક જગ્યાએ હળવો થી મધ્યમ વરસાદ પણ શક્ય છે.

પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશામાં આગામી ૫ થી ૭ દિવસ સુધી સવાર અને રાત્રિના સમયે ખૂબ જ ગાઢ ધુમ્મસ રહેવાની ધારણા છે. ઉત્તર પ્રદેશના ૨૫ થી વધુ જિલ્લાઓમાં શીત લહેર અને ધુમ્મસનો બેવડો હુમલો થશે. ઘણી જગ્યાએ દૃશ્યતા અત્યંત ઓછી હોઈ શકે છે, જે માર્ગ અને રેલ ટ્રાફિકને અસર કરી શકે છે.

# ૮માં રાજ્ય પગાર પંચની રચના આસામ રાજ્યમાં સૌપ્રથમ કરવામાં આવશે : મુખ્યમંત્રી

## આસામ સરકાર તેના કર્મચારીઓની આર્થિક સુરક્ષા, ગૌરવ અને જીવનધોરણ સુધારવા માટે સતત પ્રયાસશીલ

દિસપુર,
મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આસામ સરકારી કર્મચારીઓના પક્ષમાં એક મોટી અને ઐતિહાસિક જાહેરાત કરી છે. મુખ્યમંત્રી શર્માએ કહ્યું કે આસામ ૮મા રાજ્ય પગાર પંચની રચના કરનાર દેશનું પ્રથમ રાજ્ય હશે. તેમણે તેને કર્મચારી કલ્યાણ માટે એક મહત્વપૂર્ણ પગલું અને આસામની સંવેદનશીલ અને પ્રગતિશીલ શાસન વ્યવસ્થાનું પ્રતીક ગણાવ્યું.



મુખ્યમંત્રી શર્માએ જણાવ્યું હતું કે આસામ સરકાર તેના કર્મચારીઓની આર્થિક સુરક્ષા, ગૌરવ અને જીવનધોરણ સુધારવા માટે સતત પ્રયાસશીલ છે. ૮મા રાજ્ય પગાર પંચની રચના આ વિચારસરણીનું પરિણામ છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આયોગનો ઉદ્દેશ્ય પગાર વધારા સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ સરકારી કર્મચારીઓના ભથ્થાં, પેન્શન અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ભલામણો કરવાનો પણ રહેશે.

આસામના મુખ્યમંત્રીએ તેમના સત્તાવાર હેન્ડલ પરથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કર્યું, "આસામ ૮મા રાજ્ય પગાર પંચની રચના કરનાર દેશનું પ્રથમ રાજ્ય હશે, જે કર્મચારી કલ્યાણ અને પ્રગતિશીલ શાસન તરફ એક મહત્વપૂર્ણ પગલું છે."

# પર્વતીય રાજ્યોમાં બરફવર્ષા ચાલુ રહેતાં ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું યથાવત

## જમ્મુથી ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ સુધીની ખીણો બરફથી ઢંકાઈ ગઈ

જમ્મુ,
દેશના મોટા ભાગોમાં ભારે ઠંડી અને ભારે હિમવર્ષા સાથે નવા વર્ષની શરૂઆત થઈ છે. આજે પર્વતીય રાજ્યોમાં ફરીથી વ્યાપક હિમવર્ષા થવાની ધારણા છે, જ્યારે ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પર્વતોથી મેદાનો સુધી ઠંડીનું મોજું ફેલાય તેવી શક્યતા છે.

IMD એ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષાની ચેતવણી જારી કરી છે, જ્યારે જમ્મુ અને કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં બરફવર્ષા થવાની ધારણા છે. તાપમાનમાં ઘટાડો થવાથી ઠંડી વધુ તીવ્ર બનવાની ધારણા છે. તે જ સમયે, બરફવર્ષાથી પ્રવાસીઓ ખુશખુશાલ થયા છે, જેમાંથી ઘણા પર્વતોમાં શિયાળાની ઋતુનો આનંદ માણી રહ્યા છે. દિલ્હી ધ્રઝઈ સહિત મેદાની વિસ્તારોમાં, ઠંડા મોજાની સ્થિતિ અને ગાઢ ધુમ્મસ માટે ચેતવણી જારી કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્યપ્રદેશના ઘણા ભાગો પણ ગાઢ ધુમ્મસ હેઠળ રહેવાની શક્યતા છે.

IMD અનુસાર, દિલ્હી-NCR ૨ જાન્યુઆરીએ નારંગી ચેતવણી હેઠળ છે. શહેરમાં ઠંડા પવનો ફૂંકાશે, દિવસના મોટાભાગના સમય માટે વાદળછાયું આકાશ રહેશે. એવી પણ આગાહી છે કે સૂર્યપ્રકાશ દેખાશે નહીં. હાલમાં, ફક્ત ૨ જાન્યુઆરી માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. IMD એ ૭ જાન્યુઆરી સુધી હવામાન આગાહી જાહેર કરી છે, જે દર્શાવે છે કે મહત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહી શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ ઘટી શકે છે.

હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં હિમવર્ષાની ચેતવણી

નવા વર્ષની શરૂઆત સાથે, પહાડી રાજ્યોમાં ભારે હિમવર્ષા ચાલુ છે. જમ્મુથી ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશ સુધીની ખીણો બરફથી ઢંકાઈ ગઈ છે. ચંબા, મનાલી, ભદરવાહ અને ગુલમર્ગ જેવા વિસ્તારો સફેદ ચાદરથી ઢંકાઈ ગયા છે. હવામાન વિભાગે કહ્યું છે કે આજે ઘણા પહાડી પ્રદેશોમાં હિમવર્ષા ચાલુ રહેવાની શક્યતા છે.

# ખંડણીના ગુનામાં દોષિત ઠરેલા વ્યક્તિ બીએમસી ચૂંટણી લડી શકશે : બોમ્બે હાઈકોર્ટે

## બોમ્બે હાઈકોર્ટે વિનોદ ઘોગલેની સજા પર અસ્થાયી રૂપે સ્ટે આપ્યો

મુંબઈ,
ખંડણી જેવા ગંભીર આરોપો છતાં, દોષિત વ્યક્તિ હવે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં બીએમસી ચૂંટણી લડી શકશે. એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, બોમ્બે હાઈકોર્ટે ૪૩ વર્ષીય વિનોદ ઘોગલેની સજા પર અસ્થાયી રૂપે સ્ટે આપ્યો છે, જેનાથી તેઓ આગામી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી લડી શકશે. ઘોગલે આ કેસમાં લગભગ સાત વર્ષ જેલમાં વિતાવી ચૂક્યા છે. આખો કેસ ૨૦૦૯નો છે, જ્યારે ઘોગલે પર ખંડણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેમને કડક મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ અથવા એમસીઓસીએ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

એ નોંધવું જોઈએ કે તેમની સજાને કારણે, તેમને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ચૂંટણી લડવા માટે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. આ કાયદામાં સ્પષ્ટપણે જણાવાયું છે કે બે વર્ષથી વધુ જેલની સજા પામેલી વ્યક્તિ ચૂંટણી લડી શકતી નથી. જોકે, ઘોગલે બોમ્બે હાઈકોર્ટમાં તેમની સજા સામે અપીલ દાખલ કરી હતી. કોર્ટની સુનાવણી દરમિયાન, ન્યાયાધીશો સંમત થયા હતા કે અપીલનો નિર્ણય ન આવે ત્યાં સુધી સજા પર રોક લગાવવી જરૂરી છે. આનાથી ઘોગલેને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થતું અટકાવી શકાશે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે તેમના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવું જોઈએ.

હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આ રાહત ફક્ત કામચલાઉ છે અને અપીલ પર અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી રહેશે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચૂંટણી લડવાનો અધિકાર આપણી લોકશાહી વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જો સજા પર રોક લગાવવામાં ન આવી હોત, તો ઘોગલેને ભરપાઈ ન થઈ શકે તેવું નુકસાન થઈ શક્યું હોત. આ નિર્ણય સાથે, ઘોગલે હવે બીએમસી ચૂંટણી લડી શકશે. આ નિર્ણય મુંબઈના રાજકીય અને કાનૂની વર્તુળોમાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# અફઘાનિસ્તાનમાં અચાનક પૂરથી ૧૭ લોકોના મોત, અનેક લોકો ઘાયલ થયા

## આપત્તિએ મધ્ય, ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમી પ્રદેશોમાં સામાન્ય જનજીવનને ખોરવી નાખ્યું

કાબુલ,
અફઘાનિસ્તાન ફરી એકવાર કુદરતી આફતનો ભોગ બન્યું છે. ભારે વરસાદને કારણે દેશના ઘણા વિસ્તારોમાં અચાનક પૂર આવ્યું છે. અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૭ લોકોના મોત થયા છે. આ આફતમાં ૧૧ લોકો ઘાયલ થયાના અહેવાલ પણ છે. અફઘાનિસ્તાનની રાષ્ટ્રીય આફત વ્યવસ્થાપન સત્તામંડળે ગુરુવારે આ આફત વિશે માહિતી જાહેર કરી. અફઘાનિસ્તાનના રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના પ્રવક્તા મોહમ્મદ યુસુફ હમ્મદે ગુરુવારે દેશમાં આવેલા પૂર અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આપત્તિએ મધ્ય, ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમી પ્રદેશોમાં સામાન્ય જનજીવનને ખોરવી નાખ્યું છે. પૂરથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં માળખાગત સુવિધાઓને પણ નોંધપાત્ર નુકસાન થયું છે. લોકોની સાથે, મોટી સંખ્યામાં પશુધન પણ માર્યા ગયા છે.

અફઘાન વહીવટીતંત્રના એક અધિકારીના જણાવ્યા અનુસાર, દેશમાં પૂરથી આશરે ૧,૮૦૦ પરિવારો પ્રભાવિત થયા છે. આ આપત્તિએ પહેલાથી જ સંવેદનશીલ શહેરી અને ગ્રામીણ સમુદાયોની સ્થિતિ વધુ ખરાબ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોનું મૂલ્યાંકન કરવા માટે ટીમો રવાના કરવામાં આવી છે. લોકોની જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવા માટે સર્વે પણ ચાલી રહ્યો છે. દરમિયાન, અધિકારીઓએ જણાવ્યું છે કે અફઘાનિસ્તાનમાં સિઝનના પહેલા ભારે વરસાદ અને હિમવર્ષાથી લાંબા દુષ્કાળનો અંત આવ્યો છે.

# સીડીએસ જનરલ અનિલ ચૌહાણે કાર નિકોબારમાં અપગ્રેડેડ રનવેનું ઉદ્ઘાટન કર્યું

મુંબઈ,
પૂર્વીય મોરચે ભારતની પકડ મજબૂત બનવાની સાથે વિમાનોની સરળ આવજા માટે કરવામાં આવેલા સુધારાને લીધે વાયુ સેનાને ઓછામાં ઓછા સમયમાં લાંબા અંતરની ફાયરિંગ કસરતો કરવામાં મદદ મળશે

શ્રી વિજયા પુરમઃ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભારતીય વાયુસેના (આઈએએફ)ના કાર નિકોબાર એર બેઝ પર અપગ્રેડેડ રનવેનું ઉદ્ઘાટન કર્યું હતું.

સીડીએસએ સુનામી સ્મારકની પણ મુલાકાત લીધી હતી. વિમાનોની સરળ આવજા માટે કરવામાં આવેલા સુધારાને લીધે વાયુ સેનાને ઓછામાં ઓછા સમયમાં લાંબા અંતરની ફાયરિંગ કસરતો કરવામાં મદદ મળશે, એમ




અધિકારીઓએ જણાવ્યું હતું.

અપગ્રેડેડ રનવે પ્રાદેશિક કનેક્ટિવિટી સ્કીમ (આરસીએસ-ઉડાન)ને પણ ટેકો આપશે, જે દૂરના ટાપુ વિસ્તારો સાથે નાગરિક હવાઈ જોડાણમાં સુધારો કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂકંપ અને સુનામી-સંભવિત પ્રદેશ અને નજીકના વિસ્તારોમાં કુદરતી આફતો અને કટોકટી દરમિયાન સંસાધનોના ઝડપી એકત્રીકરણને સક્ષમ કરીને માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત ક્ષમતામાં વધુ વધારો કરશે.

ચૌહાણ સવારે કાર નિકોબાર ટાપુ પહોંચ્યા હતા અને આંદામાન અને નિકોબાર કમાન્ડ (એએનસી)ના કમાન્ડર-ઈન-ચીફ વાઈસ એડમિરલ અજય કોચર અને અન્ય ઘણા વરિષ્ઠ અધિકારીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. શ્રી વિજયા પુરમથી લગભગ ૫૩૫ કિમી દૂર સ્થિત, નિકોબાર જિલ્લાના કાર નિકોબારને ૨૦૦૪ના સુનામી દરમિયાન સૌથી વધુ નુકસાન થયું હતું.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે "અપગ્રેડેડ રનવે મલક્કા સ્ટ્રેટની સીધી વ્યૂહાત્મક દેખરેખને કારણે પૂર્વીય મોરચાને વધુ મજબૂતી આપશે – જે આંતરરાષ્ટ્રીય વેપાર અને જહાજો દ્વારા ઉર્જા પુરવઠા માટે વૈશ્વિક દરિયાઈ જીવનરેખા/માર્ગ છે. તે ભારતીય વાયુસેનાને ઝડપી હવાઈ કામગીરી માટે વધુ ક્ષમતા આપશે.

જનરલ ચૌહાણે વરિષ્ઠ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી અને આંદામાન અને નિકોબાર ટાપુઓની ભૂ-વ્યૂહાત્મક ક્ષમતા પર પ્રકાશ પાડ્યો હતો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમજ આ વિસ્તારમાં લશ્કરી કામગીરીને ટેકો આપવા માટે એએનસી દ્વારા ભજવવામાં આવતી મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

તેમણે આંદામાન અને નિકોબાર કમાન્ડની કાર્યકારી ભૂમિકા ચાલુ માળખાકીય વિકાસ અને સેના, નૌકાદળ, વાયુસેના અને કોસ્ટ ગાર્ડ વચ્ચે સંયુક્ત સેવાઓના એકીકરણના સ્તરની પણ સમીક્ષા કરી હતી.

# મેક્સિકોમાં ૬.૫ ની તીવ્રતાનો ભૂકંપ, રાષ્ટ્રપતિએ પ્રેસ કોન્ફરન્સ અટકાવી પડી

## ભૂકંપના આંચકાને કારણે મેક્સિકો સિટી અને અકાપુલ્કોના લોકો ઘરની બહાર દોડી આવ્યા

મેક્સિકો
વિશ્વના અનેક દેશોમાં ભૂકંપ નોંધાઈ રહ્યા છે. જેમાં આજે મેક્સિકોમાં ભૂકંપનો તીવ્ર આંચકો અનુભવાયો હતો. આ ભૂકંપ દક્ષિણ અને મધ્ય મેક્સિકોમાં આવ્યો હતો. ભૂકંપના આંચકાને કારણે મેક્સિકો સિટી અને અકાપુલ્કોના લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. મેક્સિકોની રાષ્ટ્રીય ભૂકંપ એજન્સી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૫ માપવામાં આવી હતી.

આ ભૂકંપ ભારતીય સમય મુજબ સાંજે ૭:૨૮ વાગ્યે આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર મેક્સિકોના દક્ષિણ રાજ્ય ગુરેરોમાં સાન માર્કોસ શહેર નજીક હતું, જે પેસિફિક કિનારે આવેલા એકાપુલ્કો રિસોર્ટ નજીક હતું. ભૂકંપ સપાટીથી ૪૦ કિલોમીટર નીચે હતો.

જોકે, આ દરમિયાન શુક્રવારે મેક્સિકોમાં આવેલા ભૂકંપે રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબૌમની નવા વર્ષની પ્રથમ પ્રેસ કોન્ફરન્સ રોકવી પડી હતી. આ ભૂકંપમાં જાનહાનિ કે સંપત્તિને નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલ નથી. રાષ્ટ્રપતિએ થોડા સમય બાદ પ્રેસ કોન્ફરન્સ ફરી શરૂ કરી હતી.તેમણે ગુરેરોના ગવર્નર સાથે વાત કરી હતી.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, મેક્સિકો પહેલા ગુરુવારે ભારતના પાડોશી દેશ ભૂટાનમાં પણ ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૫ હતી. રાત્રે ૯:૫૨ વાગ્યે ભૂકંપ આવ્યો.

# કેનેડામાં ૧૦ લાખથી વધુ ભારતીયો કાયદેસર દરજ્જો ગુમાવવાનું જોખમ

ટોરોન્ટો,
લાખો વર્ક પરમિટની મુદત પૂરી થઈ રહી હોવાથી, કેનેડામાં બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સમાં તીવ્ર વધારો થવાની ધારણા છે, જેમાં લગભગ અડધા ભારતમાંથી આવશે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડાના ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ કંવર સેઈરા દ્વારા મેળવેલા ડેટા દર્શાવે છે કે ૨૦૨૫ ના અંત સુધીમાં લગભગ ૧,૦૫૩,૦૦૦ વર્ક પરમિટની મુદત પૂરી થઈ ગઈ હતી, અને ૨૦૨૬ માં ૯૨૭,૦૦૦ વર્ક પરમિટની મુદત પૂરી થવાની છે.

આ આંકડા મિસિસૌગા સ્થિત ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ કંવર સેઈરા દ્વારા મેળવવામાં આવ્યા હતા, જેમણે તેમને મીડિયા સ્રોતો સાથે શેર કર્યા હતા. જેમ જેમ વર્ક પરમિટની મુદત પૂરી થાય છે, તેમ તેમ ધારકો કાનૂની દરજ્જો ગુમાવે છે સિવાય કે તેઓ બીજો વિઝા મેળવે અથવા કાયમી રહેઠાણમાં સંક્રમણ કરે. કેનેડિયન સરકાર ખાસ કરીને કામચલાઉ કામદારો અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ઈમિગ્રેશન નિયમો કડક કરવાનું ચાલુ રાખે છે, અને આશ્રય દાવાઓનું સંચાલન કરવા માટે નવા પગલાં પણ રજૂ કરે છે, તેથી આ વિકલ્પો વધુ પ્રતિબંધિત બન્યા છે. સેઈરાહે ચેતવણી આપી હતી કે કેનેડાએ ક્યારેય આટલી મોટી સંખ્યામાં લોકોનો દરજ્જો ગુમાવવાનો સામનો કર્યો નથી. ફક્ત ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, લગભગ ૩૧૫,૦૦૦ લોકો એક્સ્પાયરીમાંથી બહાર નીકળવાની અપેક્ષા છે, જે ઈમિગ્રેશન સિસ્ટમમાં "અવરોધ" ઊભી કરે છે. સરખામણીમાં, ૨૦૨૫ ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં ૨૯૧,૦૦૦ થી વધુ એક્સ્પાયરી જોવા મળી હતી.

તેમનો અંદાજ છે કે ૨૦૨૬ ના મધ્ય સુધીમાં, કેનેડામાં ઓછામાં ઓછા બે મિલિયન લોકો કાનૂની દરજ્જા વિના જીવી રહ્યા હશે, જેમાં ભારતીયો આ સંખ્યાના લગભગ અડધા છે. સેઈરાહે ભારતીયો માટેના આ આંકડાને "ખૂબ જ રૂઢિચુસ્ત અંદાજ" તરીકે વર્ણવ્યો હતો, અને નોંધ્યું હતું કે હજારો અભ્યાસ પરમિટ પણ સમાપ્ત થઈ જશે અને ઘણી આશ્રય અરજીઓ નકારી કાઢવામાં આવી શકે છે.

બિનદસ્તાવેજીકૃત વસ્તીના વિકાસથી ગ્રેટર ટોરોન્ટો વિસ્તારના ભાગોમાં, બ્રેમ્પટન અને કેલેડોન સહિત, સામાજિક સમસ્યાઓ પહેલાથી જ ઊભી થઈ છે. જંગલી વિસ્તારોમાં તંબુ છાવણીઓ દેખાઈ છે, જે બિનદસ્તાવેજીકૃત લોકોને રહે છે. બ્રેમ્પટન સ્થિત પત્રકાર નીતિન ચોપરા, જેમણે આવા એક તંબુ શહેરનું દસ્તાવેજીકરણ કર્યું હતું, તેમણે જણાવ્યું હતું કે એવી માહિતી છે કે ભારતમાંથી આવેલા બહારના ઈમિગ્રન્ટ્સ પૈસા માટે કામ કરી રહ્યા છે, અને રાતોરાત ઉડાન ભરતા ઓપરેટરો સુવિધાજનક લગ્ન માટે બ્યુરો ખોલી રહ્યા છે.

નૌજવાન સપોર્ટ નેટવર્ક જેવા જૂથો, જે કામદારોના અધિકારોની હિમાયત કરે છે, જાન્યુઆરીમાં પરમિટની મુદત પૂરી થવાથી સર્જાયેલી કટોકટીને ઉજાગર કરવા માટે વિરોધ પ્રદર્શનોનું આયોજન કરી રહ્યા છે.

# કેન્દ્ર સરકારે એક્સને Grok AIમાંથી અશ્લીલ સામગ્રી દૂર કરવાનો આદેશ આપ્યો


## સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસના જનરેટિવ AI ચેટબોટ, Grok નો દુરુપયોગ વધતા સરકારે લીધા પગલા

નવી દિલ્હી,
કેન્દ્ર સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસને Grok AIમાંથી અશ્લીલ સામગ્રી દૂર કરવાનો નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત સરકારે એકસને ૭૨ કલાકની અંદર રિપોર્ટ રજૂ કરવા પણ જણાવ્યું છે. હાલમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસના જનરેટિવ AI ચેટબોટ, ગ્રૉ નો દુરુપયોગ વધી રહ્યો છે. જેનો ઉપયોગ યુઝર્સ અશ્લીલ સામગ્રી જોવા અને બનાવવા માટે કરી રહ્યા છે. આ વધતા વલણથી કેન્દ્ર સરકારની ચિંતા વધી છે અને આઈટી મંત્રાલયે કડક પગલાં લીધા છે. તેમજ એક્સ અને તેની Grok AI ટેકનોલોજીની તાત્કાલિક સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત સરકારે પણ નિર્દેશ આપ્યો છે કે આ મામલે લેવાયેલી કોઈપણ કાર્યવાહી અથવા સમીક્ષાની જાણ ૭૨ કલાકની અંદર કેન્દ્ર સરકારને કરવામાં આવે. જેમાં કેટલાક પૂર્વ યુઝર્સ ફોટા પોસ્ટ કરતા અને બોટને મહિલાના કપડાં દૂર કરવા અને તેને વધુ ઉશ્કેરણીજનક રીતે પ્રદર્શિત કરવા ઉપયોગ કરતા હતા. તેમજ ગ્રોક ઘણીવાર પરવાનગી વિના મહિલાઓની બદલાયેલી છબીઓ આઉટપુટ આપતું હતું. આ પ્લેટફોર્મની નીતિઓ ભારતીય કાયદાઓનું ઉલ્લંઘન કરે છે.

તેથી, સરકારે હવે મહિલાઓ વિરુદ્ધ ચાલી રહેલા વલણ સામે કાર્યવાહી કરી છે. જો પ્લેટફોર્મ આ સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ જાય, તો તેઓ કાનૂની કાર્યવાહીનો સામનો કરી શકે છે.

# નગરજનો ૧૪ ડીગ્રીએ ઠંડીમાં ઠુંઠવાયા

## બે દિવસમાં લઘુતમ તાપમાનમાં ૫.૬ ડિગ્રીનો થયેલો ઘટાડો, સવારે સરેરાશ ૧૨ કી.મી.ની ઝડપે બર્ફીલો પવન ફુંકાયો, હાઈ-વે પર સવારે ધુમ્મસ છવાયું



ભાવનગર,તા.૩

ભાવનગર છેલ્લા બે દિવસમાં લઘુતમ તાપમાનમાં ૫.૬ ડિગ્રીનો અને છેલ્લા એક દિવસમાં ૩ ડિગ્રીનો ઘટાડો થવા સાથે ઉત્તર-પૂર્વીય બર્ફીલા પવન ફુંકાવાના કારણે આજે શનિવારે લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીએ પહોંચી જતા લોકો આજે સવારથીજ ઠંડીમાં ઠુંઠવાયા હતા જોકે આજે લોકોએ શિયાળાની અસલી ઠંડીનો પણ અનુભવ કર્યો હતો હજુ પાંચ-છ દિવસ સુધી ઠંડી યથાવત રહેશે તેવી હવામાન શાસ્ત્રીઓ અને હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આજે સવારે કાતિલ ઠંડીના પગલે હાઈ-વે પર ધુમ્મસ છવાયું હતું અને વાતાવરણ ખુશનુમા રહ્યું હતું સવારે મોર્નીંગ વોક કરતા લોકોએ સવારે આહલાદક વાતાવરણનો આનંદ માણ્યો હતો.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે રાજ્યમાં આગામી દિવસોમાં ઠંડી અને વાતાવરણમાં પલટાને લઈને મહત્વની આગાહી કરતા જણાવ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યના અનેક ભાગોમાં તાપમાનનો પારો ગગડવાની શક્યતા છે. રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સેલ્સિયસનો વધુ ઘટાડો થવાની આગાહી પણ કરવામાં આવી છે. જેનો પ્રારંભ થયો હોય તેમ સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આજે ઠંડીનું જોર વધ્યું હતું.ભાવનગરમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીએ પહોંચવા સાથે સરેરાશ ૧૨ કે.મી.ની ઝડપે ઉત્તર-પૂર્વીય તરફથી ફુંકાયેલા બર્ફીલા પવનના કારણે ભાવેણાવાસીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતા

ભાવનગરમાં સતત બીજા દિવસે તાપમાનનો પારો ગગડતા ઠંડીનું જોર વધ્યું છે.અને આજે શનિવારે વહેલી સવારથી ભાવનગર જિલ્લામાં તાપમાનનો પારો વધુ ૩ ડીગ્રી ગગડી ૧૪ ડીગ્રી પહોંચતા ઠંડી નું જોર વધ્યું હતું અને ગત રાત્રીથી સવાર સુધી ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઠંડા પવન ફૂંકાયો હતો,

આજે સવારથી એકાએક ઠંડી નું જોર વધી રહ્યું છે, સવારે કાતિલ ઠંડીના પગલે હાઈ-વે પર ધુમ્મસ છવાયું હતું આજે તાપમાનનો અનુસંધાન ૬

# વડાળ ગામે પોલીસના દરોડામાં ૭ જુગારી ભાગી છૂટ્યા, માત્ર એક હાથ લાગ્યો!

## રૂ. ૨૯ હજારની રોકડ, છ બાઈક અને એક મોબાઈલ મળી કુલ ૨.૧૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૩

મહુવા તાલુકાના ખુટવડા પોલીસ મથકના સ્ટાફે પૂર્વ બાતમીના આધારે વડાળ ગામની સીમ વિસ્તારમાં વાડીમાં આંબા પાસે ખુલ્લી જગ્યાએ જુગાર અંગે દરોડો પાડ્યો હતો જેમાં પોલીસને જોઈને જુગાર રમતા આઠ શખ્સો પૈકી ૭ શખ્સો નાસી છૂટ્યા હતા અને એકમાત્ર ઝડપાયો હતો. પોલીસે જુગારના પટમાંથી રૂ.૨૯,૦૦૦ ની રોકડ તેમજ છ બાઈક અને મોબાઈલ મળી પણ રૂપિયા બે લાખ ૧૪ હજારનો મુદ્દામાન જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ખુટવડા પોલીસ મથકના સ્ટાફને બાતમી મળેલ કે મોટી વડાળ ગામ પાસેની સીમમાં વાડી વિસ્તારમાં આવેલ રામકુભાઇ હાથીભાઈ માલા રહે.દાતિયા વાળાની વાડીએ અમુક માણસો તીન પત્તીનો હારજીતનો જુગાર રમે છે તેવી બાતમીના આધારે પોલીસ મથકના સ્ટાફે પંચોને સાથે રાખી સ્થળ પર રેડ કરતા કેટલાક ઈસમો ગોળ કુંડાળું વાળીને જુગાર રમતા હોય તેઓને કોર્ડન કરી પકડવા જતા સાત ઈસમો પોલીસને જોઈ નાસી છૂટ્યા હતા અને એક ઈસમ પકડાયો હતો જેનું નામ પૂછતા તે રામકુભાઈ હાથીભાઈ માલા ઉ.વ.૪૦,રહે.સાવરકુંડલા વાળો હોવાનું જણાવ્યું હતું પોલીસે તેની તલાશી લેતા તેની પાસેથી રોકડ રૂ.૨૯૦૦૦ મળી આવ્યા હતા આ ઉપરાંત એક મોબાઈલ ફોન પણ મળી આવેલ અને અલગ-અલગ ૬ મોટર સાયકલ સહીત કુલ રૂ. ૨.૧૪ લાખનો મુદ્દામાલ મળી આવેલ.

પોલીસે ઝડપાયેલા રામકુભાઈની પૂછપરછ કરતા નાશી છૂટેલ વ્યક્તિઓમાં સરફરાજ ઉર્ફે બકાલી મહુવા, મનુભાઈ ઉર્ફે ટકો દેવાયતભાઈ હડિયા રહે કિનકરીયા મહુવા, વનરાજભાઈ મનુભાઈ ચાંદુ રહે.ગોરડકા, દાનુભાઈ રહે.મેરીયાણા, કનુભાઈ નાગભાઈ ખુમાણ રહે.દાઢીયા, પ્રતાપભાઈ મોજીરામભાઈ રહે ચારદિકા, કનુભાઈ વીરાભાઈ વાઘરી રહે કિનકરીયા મહુવા વાળો હોવાનું જણાવેલ. પોલીસે તમામ આંઠ શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બોરતળાવ, ગારીયાધાર, પાલીતાણાના છ શખ્સને જેલ હવાલે કરાયા

# નશાકારક શીરપનો ગેરકાયદે વેપલો માંડનાર ત્રણ સામે પાસા તળે કાર્યવાહી

## આલ્કોલીક પ્રવાહી, પ્રોહિબીશન અને શરીર સબંધી ગુનાના ૬ આરોપીને ઝડપી લઈ પાસા તળે જેલમાં ધકેલતી પોલીસ

ભાવનગર,તા.૩

આલ્કોલીક પ્રવાહી કોલા શીરપના ગેરકાયદે વેચાણમાં તથા ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસર પ્રવૃતિમાં સંડોવાયેલ અને માથાભારે શખસ સામે પાસાની દરખાસ્ત કરવામાં આવી હતી જેના પર મંજુરીની મ્હોર લાગતા શહેરના આખલોલ જકાતનાકાના શખસ ગારીયાધારના બે, પાલીતાણાના રાજસ્થળીના બે અને પાલીતાણાના શખસ મળી છ શખસને પાસા વોરંટની બજવણી કરી સાબરમતી, વડોદરા, ભુજ, રાજકોટ અને સુરત લાજપોર જેલ મોકલી ગારીયાધાર પોલીસ સ્ટેશન, પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશન, દાઠા પોલીસ સ્ટેશન, બોરતળાવ પોલીસ સ્ટેશન દ્વારા અગાઉ આલ્કોલીક પ્રવાહી કોલા શીરપના ગેરકાયદેસર વેચાણમાં તથા ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસર પ્રવૃતિમાં સંડોવાયેલ ઈસમોને તથા શરીર સંબંધી ગુન્હાઓમાં સંડોવાયેલ માથાભારે ઈસમ વિરૂધ્ધ પાસા અંગેની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજીસ્ટ્રેટ તરફ મોકલી આપવામાં આવેલ હતી. જે અંગે જીલ્લા મેજીસ્ટ્રેટએ પાસા દરખાસ્ત માન્ય રાખી પાસા વોરંટ ઈશ્યુ કરતા ગારીયાધાર પોલીસ સ્ટેશન દ્વારા કોલા શીરપના ગુન્હાના આરોપી જીજ્ઞેશ સવજીભાઈ માણીયા (ઉ. વ.૩૯ રહે.એમ.ડી.પટેલ સ્કુલની બાજુમાં, સીતારામનગર, ગારીયાધાર )ને મધ્યસ્થ જેલ સાબરમતી, અમદાવાદ), ખુશાલ સવજીભાઈ માણીયા (ઉ. વ.૩૨ રહે. વિરડી રોડ, ગોકુલધામ સોસાયટી, ગારીયાધાર)ને મધ્યસ્થ જેલ,વડોદરા,પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા કોલા શીરપના ગુન્હાના આરોપી જીલન બીપીનભાઈ પારેખ (ઉ.વ.૪૩ રહે. સર્વોદય સોસાયટી, ભગીની મિત્ર મંડળ પાસે, પાલીતાણા)ને ખાસ જેલ ભુજ, દાઠા પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહિ. બુટલેગર્સ મેહુલ અશોકભાઈ પાંગળ (ઉં.વ.૨૫ રહે. કાગડાધાર વિસ્તાર, નાની રાજસ્થળી, તા.પાલીતાણા)ને મધ્યસ્થ જેલ રાજકોટ, અનીલ જેઠાભાઈ પાંગળ (ઉ.વ.૨૧ રહે. રહે. કાગડાધાર વિસ્તાર, નાની રાજસ્થળી, તા. પાલીતાણા)ને મધ્યસ્થ જેલ વડોદરા અને બોરતળાવ પોલીસ સ્ટેશન દ્વારા માથાભારે ઈસમ ઈશ્વર બાબુભાઈ ગોરવા (ઉ.વ.૨૪ રહે. મહોબત ખપે હોટલની બાજુમાં, આખલોલ જકાતનાકા, ભાવનગર)ને મધ્યસ્થ જેલ, લાજપૌર સુરત પાસા હુકમની બજવણી કરી મોકલી અપાયા હતા.

# શહેરના ક્રેસન્ટમાં મહાકાય હોર્ડિંગ્સ તૂટીને નીચે પડ્યું

ભાવનગરમાં ઠેર ઠેર જાહેરાતો માટે મહાકાય હોર્ડિંગ્સ લગાવાયા છે, કોર્પોરેશન દ્વારા ફી વસૂલીને આ માટે મંજૂરી અપાય છે પરંતુ પૈસા ચૂકવતા જાણે તંત્ર બધું વિસરી જાય છે તેમ અમુક સ્થળે વધુ પડતી ઊંચી હાઈટ પર તો અમુક સ્થળે વાહન વ્યવહારને નડતરરૂપ બને તે રીતે સાઈટને મંજૂરી આપી દેવાઈ છે. આવા જ એક કારણસર શહેરના ડોન ચોકથી ક્રેસન્ટ સર્કલ થઈ મેઘાણી સર્કલ જવાના રસ્તે ગોળાઈમાં મહાકાય હોર્ડિંગ્સ મૂકવા મંજૂરી અપાયેલી છે. પ્રાપ્ત માહિતી મુજબ કોઈ ખાનગી બસની ટક્કર લાગતા મહાકાય હોર્ડિંગ્સ નીચે પડ્યું હતું. જેના કારણે ટેલિફોનનો પોલ પણ વળી ગયો હતો. આ કિસ્સા પરથી તંત્ર ગંભીરતા લે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.



તસવીર : ધવલ વાજા

# હમીરપરા ગામના બે યુવકને ૩ શખસે જ્ઞાતી વિષે હડધૂત કર્યાની ફરિયાદ

## એટ્રોસીટી એક્ટ તળે ગુનો નોંધી હાથ ધરાઈ પોલીસ તપાસ

ભાવનગર,તા.૩

તળાજાના હમીરપરાના મજૂરી કામ કરતા યુવાને ગામના ત્રણ ઈસમો વિરુદ્ધ ફરિયાદી અને તેના ભાઈને માર મારી જ્ઞાતિ વિશે હડધૂત કર્યાની ફરિયાદ તળાજા પોલીસ મથકે નોંધાઈ છે.

તળાજા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ હમીરપરા ગામે રહેતા રવિ મુળજીભાઈ ગોહિલ ઉ.વ.૨૭, મજૂરી કામ કરતા હોય ગામના જેસિંગ ભલાભાઈ ગલાણી આયશર લઈને આવેલ હોય ડુંગળીના થેલા ભરવા જવાનું હોય તેથી રવિ ગોહિલ આયશરમા બેસવા જતા આરોપી મુન્ના રજાકભાઈ મલેક, ચિરાગ રૂસ્તમભાઈ, અસલો મુન્નાભાઈએ વાહનમાં ચડવાની ના પાડી હતી. એ બાબતે બોલાચાલી થતા ત્રણેયએ ફરિયાદી તથા સાહેદ હિતેષભાઈને માર મારી જ્ઞાતિ વિશે અપમાનિત કર્યાની ફરિયાદ નોંધાવી છે.

# રિક્ષામાં બેસેલા બે શખ્સોએ ખેડૂતના ખિસ્સામાંથી નાણાં સેરવી લીધા

## યાર્ડમાં ડુંગળીનું વેંચાણ કરી વૃધ્ધ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ગઠીયા ભેટી ગયા

ભાવનગર,તા.૩

પાલીતાણાના નવાગામ બડેલી ગામે રહેતા વૃધ્ધ ભાવનગર માર્કેટીંગ યાર્ડમાં ડુંગળીનું વેંચાણ કરી રીક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે રીક્ષાચાલક અને રીક્ષામાં બેસેલા બે શખસે મળી વૃધ્ધના રૂ. ૨૨,૫૦૦ સેરવી લઈ વૃધ્ધને રંગોલી ચોકડી પાસે ઉતારી દઈ નાસી છુટતા ફરીયાદ નોંધાવા પામી હતી.

પાલીતાણાના નવાગામ બડેલી ગામે રહેતા રાણાભાઈ કેશરભાઈ પરમાર (ઉ.વ. ૭૫)એ બોરતળાવ પોલીસ મથકમાં રીક્ષાચાલક અને બે અજાણ્યા શખસ સામે ફરીયાદ નોંધાવી હતી કે, તેઓ શુક્રવારે સવારે નવ વાગે શહેરના માર્કેટીંગ યાર્ડમાં ડુંગળીનું વેચાણ કરી તેના રૂપિયા ૩૯,૬૭૯ લઈ પરત પોતાના ગામ જવા માટે બપોરના ૧૨.૩૦ કલાકના માર્કેટીંગ યાર્ડ પાસેથી રીક્ષામાં બેસી જઈ રહ્યા હતા. ત્યારે રીક્ષામાં બેસેલા બે અજાણ્યા શખસોએ તેની નજર ચુકવી તેના બનીયાનમા રાખેલા રોકડ પૈકી રૂા. ૨૨,૫૦૦ સેરવી લઈ તેઓને રંગોલી ચોકડી પાસે ઉતારી અમે ગેસ પુરાવીને આવીએ છીએ તેમ કહી જતા રહ્યા હતા. બનાવના પગલે પોલીસે રીક્ષાચાલક સહિત ત્રાણ સામે બીએનએસ એક્ટ ૩૦૩(૨), ૫૪. મુજબ ગુનો દાખલ કરી તાપસ હાથ ધરી છે.

# સિહોરમાં ચેક રિર્ટનના જુદા જુદા બે કેસમાં બે આરોપીને બે વર્ષનો કારાવાસ

## ચેકની રકમ કરતા દોઢી રકમ ચુકી આપવા પણ કોર્ટનો હુકમ

ભાવનગર,તા.૩

સિહોરમાં પેટ્રોલપંપના પ્રોપરાઈટર દ્વારા તેમજ સિહોરના રહીશ દ્વારા સિહોર કોર્ટમાં નેગોશિયેબલ એક્ટ તળે કેસ દાખલ કરાયા હતો જેમાં ન્યાયમૂર્તિએ બંને કેસમાં આરોપીને બે વર્ષની કેદ તેમજ આરોપીએ ફરીયાદીને ચેકની બમણી રકમ ચૂકવી આપવા હુકમ ફરમાવ્યો હતો.

સિહોરમાં આજનેય પાર્ક સોસાયટી ખાતે રહેતા નિવૃત્ત શિક્ષક મુકેશભાઈ નટવરલાલ ચાંદલીવાએ સિહોરમાં રહેતા તેઓનાં મિત્ર અશોકભાઈ મંગળસિક્કાને પેટ્રોલ પંપના કામકાજ માટે હાથ ઉછીના આપેલ ચાર લાખની રકમનો આપવામાં આવેલ રાજ ખોડલ પેટ્રોલિયમના પોપરાઈટરના નામનો ચેક બાઉન્સ બાબતે તેઓની સામે સિહોર કોર્ટ માં નેગો.ઈ. એક્ટ કલમ ૧૩૮ તથા ૧૪૨ અન્વયે તા. ૧૦.૪. ૨૦૨૩ નાં રોજ કેસ દાખલ કરાવેલ તેમજ સિહોરના શ્રમજીવી સોસાયટી ખાતે રહીશ રાકેશભાઈ શાંતિભાઈએ ભાવનગર ખાતે બેટરીનો વ્યવસાય ધરાવતા તેઓને મિત્રને હાથ ઉછીના આપેલ રકમ દોઢ લાખનો ચેક બાઉન્સ બાબતે સિહોર કોર્ટમાં નેગોશિયેબલ એકટ કલમ ૧૩૮ તથા ૧૪૨ તળે તા. ૬.૫-૨૦૨૩ નાં રોજ સિહોર કોર્ટ માં કેસ દાખલ કર્યો હતો ત્યારે બંને કેસ નંબર ૯૮૫/૨૦૨૩ અને ૧૦૦૫/૨૦૨૩ ચાલીને નિકાલ થતા તા. ૩૧-૧૨-૨૫નાં રોજ સિહોર કોર્ટનાં એડી.જ્યું. મેજીસ્ટ્રેટ પી.એન.ગોસ્વામીએ બંને કેસમાં આરોપીને બે વર્ષની સજા અને બંને આરોપીઓએ ચેકની બમણી રકમ ચૂકવવા માટે હુકમ કર્યો હતો.

# મહુવાનો શખસ વિદેશી દારૂની ૪૯ બોટલ સાથે ઝડપાયો

## વાઘનગર-ઢસીયાના શખસ પાસેથી દારૂની બોટલો લાવ્યાની કબૂલાત

ભાવનગર,તા.૩

મહુવાના જનતા પ્લોટ વિસ્તારના મકાનમાં પોલીસે પુર્વ બાતમી આધારે રેડ કરી મકાનમાં છુપાવી રખાયેલી વિદેશી દારૂની નાની મોટી ૪૯ બોટલ સાથે શખસને ઝડપી પાડી પુછપરછ કરતા વાઘનગર ઢસીયાના શખસ પાસેથી દારૂનો જથ્થો લાવ્યો હોવાની કબુલાત આપી હતી.

મહુવા પોલીસ પેટ્રોલીગમાં હતો તે વેળાએ બાતમી મળી હતી કે, મહુવાના જનતા પ્લોટ વિસ્તારમાં આવકાર ગ્લાસની બાજુમાં રહેતા પ્રકાશ ઉર્ફે પકો લાલજીભાઈ મકવાણાએ બહારથી વિદેશી દારૂ લઈ આવી તેના કબજા ભોગવટાના મકાને રાખી વેંચાણ કરી રહ્યો છે. જે હકીકત આધારે પોલીસે રેડ કરતા શખસના કબજામાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાંડની નાની મોટી ૪૯ બોટલ મળી આવતા બરામત કરી પુછપરછ કરતા દારૂનો જથ્થો વાઘનગર ઢેસીયા ગામના સંજય બાધુભાઈ સોલંકી પાસેથી લાવ્યાની કબુલાત આપતા પોલીસે બન્ને શખસ સામે પ્રોહિબીશન એક્ટ તળે ગુનો દાખલ કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાવનગરની પરિણીતાને સાસરિયાઓએ ત્રાસ આપ્યાની ફરિયાદ

ભાવનગર ,તા.૩

સિહોરના ટાણા રોડ પર હનુમાનધારામાં સાસરી ધરાવતા અને હાલ શહેરના ઘોઘા જકાતનાકા, નટરાજ કોમ્પ્લેક્ષની પાછળ લાખાવાડમાં પિયરમાં રહેતા પરિણીતા નિલમબેન મનદિપભાઈ ધંધુકીયાએ ભાવનગર મહિલા પોલીસ મથકમાં તેના પતિ મનદીપ દયાળભાઈ ધંધુકીયા અને સાસુ પાર્વતીબેન દયાળભાઈ ધંધુકીયા સામે ફરિયાદ નોંધાવી હતી કે, તેણીના લગ્નજીવન દરમિયાન ઉક્ત બન્નેએ તેણીને ઘરકામ બાબતે અને કરીયાવર બાબતે મેણા ટોણા મારી, સાસુએ ખાવાનું પણ ન આવી તેના પતિને ચડામણી કરતા પતિએ તારે મને રોજના ત્રણ હજાર રળીને આપવાના તેમ કહી દુખ ત્રાસ આપી શારિરીક માનસીક ત્રાસ આપ્યો હતો. બનાવના પગલે પોલીસે ગુનો દાખલ કરી તજવીજ હાથ ધરી હતી.

# સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભૂલકાંઓના અભિનય અને કલાકૃતિએ મેળવી વાહ વાહ..!

ભાવનગરના સરદારનગર સ્થિત ઘનશ્યામ બાલમંદિર દ્વારા ગુરૂવારના રોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ આ કાર્યક્રમમાં બાળકો માતા-પિતાનો નિઃસ્વાર્થ પ્રેમ, ભાઈ-બહેનની આત્મિયતા, દાદા-દાદીના આશિર્વાદ, ગુરૂ-શિષ્યના સંસ્કારનો વારસો જેવા વિવિધ સંબંધોની થીમ પર અભિનય અને નાટક દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરી વાહ વાહ મેળવી હતી. આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. બાળકોની કલાકારી નિહાળવા મોટી સંખ્યાના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

